પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨૦-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૧

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

થોડો સમય વ્યસ્ત રહીને જોઈ લો.. તમને પણ સમજાઈ જશે કે મોટા ભાગની સમસ્યાઓ નવરા બેસી રહેવામાં જ છે...

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત
ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

### ગ્લોબલ વોર્મિંગની અસર હવે રસોડા સુધી

# કમોસમી વરસાદ ખેડુતોની સાથે ગૃહિણીઓને પણ પાયમાલ કરી દેશે

## ઘઉં અને બારમાસી મસાલા ભરવાની સીઝનના કારણે જ માવઠાના મારથી ગૃહિણીઓનાં બજેટ ખોરવાશે

### ઉંચા ભાવ આપવા છતા ગૃણવત્તાયુકત ઘઉં, તેલ અને મસાલા મળશે નહીંઃ રસોડાની રાણી પણ હવે વાતાવરણના પ્રકોપ સામે લાચાર

**અબતક, રાજકોટ**

ગ્લોબલ વોર્મિંગની વિપરિત અસરો હવે વિશ્વભરમાં દેશોનાં જોવા મળી છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે વારંવાર વાતાવરણમાં અકલ્પનીય ફેરફારો આવે છે જેના કારણે જીવસૃષ્ટિ પર ખૂબજ ઘેરી અસર પડી રહી છે. રાજયમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદથી ખેડુતોની સાથે સાથે હવે ગૃહિણીઓ પણ પાયમાલ કરી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગની અસર હવે દરેક ઘરના રસોડા સુધી પહોચી ગઈ છે.

ગુજરાતમાં માર્ચથી મે માસમાં બારમાસી મસાલા, ઘઉં, અને તેલ ભરવાની સિઝન રહેતી હોય છે. સિઝનના આરંભે જ માવઠાના કારણે જગતાતને તો પારાવાર નુકશાની થવા પામી જ છે. પરંતુ હવે આ માવઠાની અસર લોકોના રસોડા સુધી પહોચી જવા પામી છે. હવે જો બારમાસી મસાલા, ઘઉં કે તેલ ભરવામાં આવે તો તેની ગુણવતા સામે પણ સવાલ રહેશે. કારણ કે ઘઉંમાં ભેજ હશે જેના કારણે તેનો બાર મહિના સુધી સંગ્રહ કરવામાં આવે તો તેમાં જીવાત પડી જવાનો ભય રહેલો છે. જયારે મગફળીમાં પણ ભેજનું પ્રમાણ વધશે. જેના કારણે તેલ પણ આખુ વર્ષ સાચવી રાખવું પણ મૂશ્કેલ બની જશે. નવેમ્બર માસમાં આવેલા માવઠાના કારણે મરચાના પાકને પણ નુકશાની થવા પામી છે. ઘઉં, તેલ અને બારમાસી મસાલાના ભાવમાં તોતીંગ વધારો આવી ગયો છે. પરંતુ ઉંચા ભાવ ચૂકવવા છતા ગુણવતા યુકત માલ મળશે કે કેમ તેની સામે પણ શંકા સેવાય રહી છે.

આંબાનો પણ સોથ વળી ગયો છે. આવામાં કેરીનો સ્વાદ પણ કડવો બની ગયો છે. આ વર્ષ ચોમાસાની સીઝન લાંબી ચાલી છે. ત્યારબાદ અતિવૃષ્ટિના કારણે રવિ પાકની સીઝન થોડી મોડી શરૂ થઈ છે. આવામાં માવઠાના કારણે જગતાતને ફરી એકવાર કુદરતનો પ્રકોપ સહન કરવાનો વારો આવ્યો છે. અત્યાર સુધી કમોસમી વરસાદ માત્રને માત્ર જગતાતને આર્થિક રીતે અસર કરતુ હતુ પણ હવે માવઠાની મુસીબત લોકોના ઘરના રસોડા સુધી પહોચી ગઈ છે. ચોતરફ મોંઘવારીથી ઘેરાયેલી ગૃહિણી હવે કમોસમી વરસાદમાં (અનુ. આઠમા પાને)



તસવીરઃ કરણ બારોટ

### જગતાત સતત માવઠાના મારથી પાયમાલ થઈ ગયોઃ કુદરત છાશવારે રૂઠે છે, તંત્ર પણ લાચાર

### માવઠાના કારણે મરચાના બજારમાં આવેલી 'તીખાશ' ગૃહિણીઓનુ બજેટને ખોરવશેઃ રીષિતભાઈ કોટેચા

અબતક સાથેની વાતચીતમાં મધુસુદન મસાલાના રીષિતભાઈ કોટેચા સાથે વાતચીત માં જણાવ્યું હતું કે કુદરતી આફત અને માવઠાના મારથી જગતનો તાત તો પાયમાલ થયો જ છે, પરંતુ હવે તેની સીધી અસર સામાન્ય જનતાના રસોડા પર જોવા મળી રહી છે. ગત નવેમ્બર માસમાં પડેલા કમોસમી વરસાદને કારણે મરચાના પાકને વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે આ વર્ષે સીઝનની શરૂઆતથી જ મરચાના ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. ત્યાં ફરી એકવાર માવઠું પડતા માર્કેટિંગ યાર્ડમાં રાખવામાં આવેલો મરચાનો જથ્થો પલળી જતાં વેપારીઓ અને ગૃહિણીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. ગયા વર્ષે નવેમ્બરમાં થયેલા નુકસાનને કારણે મરચાની આવક ઓછી છે અને જે માલ બજારમાં આવી રહ્યો છે તેના ભાવ આસમાને છે. પલળેલા કે ભેજવાળા મરચાનો મસાલો ભરવાથી તેની આવરદા ઘટી જાય છે. સામાન્ય રીતે વર્ષભર ચાલતો મરચાનો પાવડર, ભેજને કારણે માત્ર ૬ મહિનામાં જ બગડી જવાની કે (અનુ. આઠમા પાને)

### કુદરતનો પ્રકોપે આંબાને નેસ્ત નાબૂદ કરી દેશે?

## છેલ્લા પાંચ વર્ષમાં એક કરોડથી વધુ આંબાનું નિકંદન નિકળી ગયું

### આંબાના ઝાડને બચાવવા ખેડૂતો અને સરકાર મળીને નિરાકરણ લાવે તેમજ બાગાયતી પાકો માટે સરકાર પાકવીમો આપે તેવી ખેડૂતોની માંગ

તાલાલા બાગાયતી ખેતીના તજજ્ઞ ગફારભાઈ કુરેશીએ ''અબતક'' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી કુદરતી આફતને કારણે આંબાના પાકને નુકશાન થયુ છે અને એક કરોડથી વધુ આંબાનું નિકંદન નીકળી ગયું છે. ત્યારે આંબાના ઝાડને બચાવવા ખેડૂતો અને સરકાર મળીને નિરાકરણ લાવે તેમજ બાગાયતી પાકો માટે સરકાર પાકવીમો આપે તેવી ખેડૂતોની માંગ છે.આકાશી આફત બનીને આવેલા કમોસમી વરસાદે સૌરાષ્ટ્રમાં ઉનાળુ પાક સાથે કેસર કેરીના પાકને પણ નોંધ પ્રમાણમાં નુકસાન પહોચ્યું છે. માવઠાએ ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી પંથકમાં અનેક આંબાઓ પરથી કેરીઓ તોડી પાડી છે અને ખેડૂતોને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જેના કારણે કેરીઓના શોખીનોને પુરતી માત્રામાં, સારી ગુણવત્તાની કેરીઓ મળવા અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લા સપ્તાહમાં મોસમ બદલાઈ છે અને પવન સાથે આવેલા માવઠાથી કેરીઓના પાકને અસર થઈ રહી છે. ગીર સોમનાથ જિલ્લામાં ઉના, તાલાલા સહિતના વિસ્તારો, અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારો તેમજ જૂનાગઢ જિલ્લામાં આંબાઓ પરથી કેરીઓ ખરવા લાગી છે. પાકવાની તૈયારીમાં રહેલી કેરીઓ ખરવા લાગી છે. જેના કારણે આ વર્ષે પાક ઉતાર ઓછો આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક ખેડૂતોને ફટકો પડ્યો છે.

### દેશભરમાં વાતાવરણ પલચાયુંઃ આજે ૧૫ રાજયોમાં કમોસમી વરસાદની આગાહી

# ચીન પાસેથી મેગ્નેટની જબરદસ્ત ખરીદી કરતું અમેરિકા, સાઉથ કોરિયા અને ફ્રાન્સ

### ચીને જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ૮.૨ ટકાના વધારા સાથે કુલ ૧૦,૭૬૩ મેટ્રિક ટન નિકાસ કરી

**અબતક, નવી દિલ્હી**

ભારત નાણાકીય વર્ષ ૨૦૩૬ સુધીમાં તેની બિન-અશ્મિભૂત ઈંધણ (કલીન એનર્જી) પાવર ક્ષમતા વધારીને ૭૮૬ ગીગાવોટ કરવાની અપેક્ષા રાખે છે. ઉર્જા મંત્રાલયના રિપોર્ટ અનુસાર, ૨૦30 માટે નક્કી કરાયેલા ૫૦૦ ગીગાવોટના લક્ષ્યાંકને પાર કરીને દેશ કલીન એનર્જી તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે. આ જ સમયગાળા દરમિયાન, અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ) આધારિત ક્ષમતા ૩૩૫ ગીગાવોટ રહેવાનો અંદાજ છે, જેથી નાણાકીય વર્ષ ૨૦૩૬ના અંત સુધીમાં કુલ વીજ સ્થાપિત ક્ષમતા ૧,૧૨૧ ગીગાવોટથવાની સંભાવના છે, જેમાં ૭૦% હિસ્સો બિન-અશ્મિભૂત ઉર્જાનો હશે.

ભારત ઈલેક્ટ્રિસિટી સમિટમાં (અનુ. આઠમા પાને)

### રેર અર્થ મેગ્નેટ અનેક ક્ષેત્રોમાં કરોડરજ્જુ સમાન

રેર અર્થ મેગ્નેટ એ આધુનિક ટેકનોલોજી માટે કરોડરજ્જુ સમાન છે. સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો, અને અદ્યતન લશ્કરી સાધનોના નિર્માણમાં તેનો સીધો અને મોટો ઉપયોગ થાય છે. ચીન આ મેગ્નેટના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે છે, જેના કારણે વૈશ્વિક સપ્લાય ચેઇનમાં તેનો દબદબો રહેલો છે. અમેરિકા અને અન્ય દેશો આ ક્ષેત્રમાં ચીન પરની તેમની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છે, છતાં નિકાસના આંકડાઓ દર્શાવે છે કે ચીનનું વર્ચસ્વ તોડવું હાલના તબક્કે ઘણું મુશ્કેલ છે.

# ૨૦૩૬ સુધીમાં ભારત બિન-અશ્મિભૂત ઈંધણથી ૭૮૬ ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરશે

### વીજ મંત્રી મનોહરલાલ અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ ભારત ઈલેક્ટ્રિસિટી સમિટમાં ઉર્જા ક્ષેત્રની ભવિષ્યની યોજનાઓ રજૂ કરી

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ બે મહિનામાં ચીનની રેર અર્થ મેગ્નેટની નિકાસમાં ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૮.૨% નો વધારો નોંધાયો છે. શુક્રવારે જાહેર થયેલા કસ્ટમ ડેટા અનુસાર, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓના નેતાઓ વચ્ચેની અતિ-મહત્વપૂર્ણ બેઠક પહેલા આ આંકડા સામે આવ્યા છે. જનરલ એડમિનિસ્ટ્રેશન ઓફ કસ્ટમ્સના ડેટા દર્શાવે છે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી વચ્ચે ચીનમાંથી કુલ ૧૦,૭૬૩ મેટ્રિક ટન રેર અર્થ મેગ્નેટની નિકાસ થઈ હતી. નોંધનીય છે કે આ મેગ્નેટનો ઉપયોગ મોબાઈલ ફોનથી લઈને ઓટોમોબાઈલ અને સંરક્ષણ ક્ષેત્રમાં બહોળા પ્રમાણમાં થાય છે.

ગયા વર્ષે એપ્રિલમાં ચીન સરકાર દ્વારા કેટલાક ભારે તત્વો અને મેગ્નેટ પર નિકાસ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આ નિયંત્રણો પહેલાના વર્ષના આંકડા જોઈએ તો, ગત વર્ષે જાન્યુઆરીમાં ૬,૩૫૭ ટન અને ફેબ્રુઆરીમાં ૩,૫૮૫ ટન નિકાસ થઈ હતી. જ્યારે આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અનુક્રમે ૬,૦૨૪ ટન અને ૪,૭૩૯ ટન નિકાસ નોંધાઈ છે. આ આંકડા દર્શાવે છે કે તમામ પ્રતિબંધો અને નિયંત્રણો છતાં રેર અર્થ માર્કેટમાં ચીનની પકડ હજુ પણ મજબૂત છે.

દરમિયાન, વૈશ્વિક રાજકારણમાં પણ મોટી હિલચાલ જોવા મળી રહી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની ૩૧ માર્ચથી ૨ એપ્રિલની નિર્ધારિત મુલાકાતને એક મહિના માટે ટાળવા માંગે છે. આ મુલાકાત મુલતવી રાખવા પાછળ ઈરાન યુદ્ધનું કારણ આપવામાં આવ્યું છે. આ બંને દેશોના વડાઓની મુલાકાત પર આંતરરાષ્ટ્રીય બજારો અને વેપાર જગતની નજર મંડાયેલી છે, ત્યારે આ વિલંબની અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન ચીનના રેર અર્થ મેગ્નેટ માટે જર્મની, દક્ષિણ કોરિયા, અમેરિકા, વિયેતનામ અને ફ્રાન્સ (અનુ. આઠમા પાને)






# "વનતારા" દરેક પ્રાણીઓ માટે જીવનનો શ્રેષ્ઠ - આરામદાયક આશરો

### "વનતારા" પાસેના વધુ એક પડકારનો અંતઃ રીટ સામે સુપ્રીમે કર્યું પ્રેમાળ વાતાવરણમાં સ્થાયી થયેલા પ્રાણીઓને ખલેલ પહોંચાડવી એક પ્રકારની ક્રૂરતા

**અબતક, રાજકોટ**

ભારતની સુપ્રીમ કોર્ટે ૯ માર્ચ ૨૦૨૬ના રોજ આપેલા પોતાના ચુકાદા દ્વારા રિટ પિટિશન નંબર ૧૧૧૩/૨૦૨૫ને ફગાવી દેતાં એક ફાઉન્ડેશને વનતારા વિરુદ્ધ કરેલા એ તમામ આરોપોને નકારી કાઢ્યા છે, જેમાં દાવો કરાયો હતો કે વિદેશોમાંથી કરાયેલી સંખ્યાબંધ પ્રાણીઓની આયાતમાં CITES હેઠળ આવતાં આંતરરાષ્ટ્રીય વન્યજીવ વ્યાપારી નિયમોનું ઉલ્લંઘન કરાયું છે.

અદાલતને આ અરજીમાં કોઈ તથ્ય જણાયું નથી અને અગાઉ અદાલત દ્વારા નિયુકત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા વનતારાને આપવામાં આવેલી 'કલીનચીટ'ની પુનઃપુષ્ટિ કરાઈ છે. અગાઉ આ સીટના તારણોને અગાઉની કોઓર્ડિનેટ બેન્ચ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. સીટ અને CITES સેક્રેટરીએટ બંનેએ સ્વતંત્ર રીતે તપાસ કરી હતી અને તેઓ એ નિષ્કર્ષ પર આવ્યા હતા કે વનતારાની આયાત પ્રક્રિયા કે દસ્તાવેજોમાં કોઈપણ સ્થાનિક અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરાયું નથી કે ક્યાંય અનિયમિતતા જોવા મળી નથી.

અદાલતે એમ પણ ઠેરવ્યું હતું કે, કાયદેસર રીતે આપવામાં આવેલી મંજૂરીઓ પર માત્ર એ કારણસર જ પ્રશ્ન ઉઠાવી શકાય નહીં કે પ્રાણીઓના સ્થાનાંતરણ પછી જ આક્ષેપો ઉદભવ્યા છે. અદાલતે એવું પણ અવલોકન કર્યું કે જે પ્રાણીઓ પહેલેથી જ કાયદેસર અને પ્રેમાળ વાતાવરણમાં સ્થાયી થઈ ગયા હોય, તેમને ખલેલ પહોંચાડવી તે પોતે જ એક પ્રકારની ક્રૂરતા ગણાશે.

આ આદેશ સાથે વનતારાની કામગીરી સામેના વધુ એક પડકારનો અંત આવ્યો છે.જવાબદારીપૂર્ણ અને માનવીય અભિગમ સાથે પ્રાણીઓની સંભાળ પરત્વે વનતારાની પ્રતિબદ્ધતાને દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા પણ સંપૂર્ણપણે ન્યાયસંગત ઠેરવવામાં આવી છે.

**વનતારા વિશે**

વનતારા ખાતે, દરેક આવનારું પ્રાણી પોતાની સાથે એક કહાણી લઈને આવે છે, જે ઘણીવાર ઈજા, ઉપેક્ષા, દુર્વ્યવહાર, વિસ્થાપન અથવા વિપરીત પરિસ્થિતિઓ સામે ટકી રહેવાને લીધે સર્જાયેલી હોય છે, અને તે પીડાદાયક સફર તેના બચાવ, રિકવરી અને ગૌરવપૂર્ણ જીવનમાં પરિવર્તિત થાય છે. ગુજરાતના જામનગરમાં એક વિશાળ કુદરતી લેન્ડસ્કેપ પર સ્થિત, વનતારા એક જીવંત ઈકોસિસ્ટમ તરીકે કાર્યરત છે જ્યાં પ્રાણીઓના ઘરો કુદરતી આવાસોને પ્રતિબિંબિત કરે છે અને ગમે ત્યાં વિચરણની આઝાદી, સામાજિકીકરણ, ખોરાક-પાણી અને સાર્વત્રિક સુખાકારી માટે જરૂરી અન્ય વર્તણૂકોને સાહજિક બનાવે છે.તેની વિશ્વકક્ષાની વન્યજીવ હોસ્પિટલોમાં અદ્યતન તબીબી સંભાળથી જ ઉપચાર શરૂ થઈ જાય છે, અને તે નિરંતર પુનર્વસન, જે-તે પ્રજાતિ માટેના વિશિષ્ટ ન્યૂટ્રીશન, સંવર્ધન અને આ દુભાયેલા જીવોનો આત્મવિશ્વાસ પ્રસ્થાપિત કરીને તેમનો તણાવ ઘટાડે તેવું વાતાવરણ ઉપલબ્ધ કરાવીને સતત ચાલુ રહે છે. એકસમયે વર્ષો સુધી જકડી રખાયેલા અથવા પરેશાની ભોગવી ચૂકેલા હાથીઓ અહીં હાથીઓ માટેની વિશાળકાયકેર ફેસિલિટીમાંસાંકળોના કોઈ પણ જાતના બંધન વિના ચાલીને, ખુલ્લા જળાશયોમાં સ્નાન કરીને અને સમુદાય સાથે સંવેદનાનો નાતો સાધીને પોતાની આઝાદીને ફરી માણે છે. જ્યારે હ્યુમન કોન્ફલિક્ટ એરિયામાંથી રેસ્ક્યુ કરાયેલી અથવા સાંકડા પાંજરામાંની કેદમાંથી ઉગારીને અહીં લવાયેલી બિગ કેટ્સને મોકળાશભરી જગ્યા ફાળવાય છે જેથી તે પોતાના કુદરતી આવાસમાં જ હોય તેવું અનુભવી શકે. વિજ્ઞાન, સહાનુભૂતિ અને જીવન પ્રત્યે ઊંડા આદર થકી માર્ગદર્શન મેળવીને, વનતારા વાસ્તવમાં પશુચિકિત્સકો, જીવવિજ્ઞાનીઓ, ક્યુરેટર્સ અને કેરગિવર્સને એકસાથે લાવ્યું છે જેથી જીવનની ગુણવત્તાને અર્થપૂર્ણ રીતે સુધારી શકાય, દરેક બીજી તકને ગરિમાપૂર્ણ જીવનમાં તબદિલ કરી શકાય, આગળ વધતા દરેક કદમને રિકવરીની દિશામાં માંડી શકાય, તેમજ દરેક જીવનને પાંગરવાની વધુ સારી તક પૂરી પાડી શકાય.



જયાં સ્મિત છે, ત્યાં જ જિંદગી છે

# સાચી ખુશી બહારની વસ્તુઓમાં નહીં, પરંતુ આપણાં વિચારો, સંબંધો અને સંતોષમાં: આજે વિશ્વ ખુશી દિવસ

## ખુશી એ માનવજીવનનું મૂળ તત્વ છે, તે માત્ર આનંદની લાગણી નથી, પરંતુ સ્વાસ્થ્ય, સંબંધો અને સફળતા માટે પણ આધારરૂપ છે: આ દિવસ ખુશીને મૂળભૂત માનવ ધ્યેય અને સુખાકારી અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય પરિબળ તરીકે પ્રકાશિત કરે છે

જીવન એક અનોખી સફર છે, જ્યાં દરેક ક્ષણ આપણને કંઈક શીખવતી જાય છે. સાચી ખુશી બહારની વસ્તુઓમાં નહીં, પરંતુ આપણાં વિચારો, સંબંધો અને સંતોષમાં વસે છે. જ્યારે આપણે નાની નાની વાતોમાં આનંદ શોધવાનું શીખીએ છીએ, ત્યારે જીવન સરળ અને સુંદર બની જાય છે. ખુશી એ કોઈ અંતિમ ગંતવ્ય નથી, પરંતુ રોજિંદા જીવનમાં જીવાતી એક ભાવના છે. આ દિવસનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં અસ્તિત્વમાં રહેલી ખુશીની ઉજવણી કરવાનો છે, ભલે તેને અલગ અલગ રીતે માપવામાં આવે છે.




ખુશ રહેવું એ પરિસ્થિતિઓ પર નહીં, પરંતુ આપણાં દ્રષ્ટિકોણ પર આધારિત છે. મુશ્કેલીઓ વચ્ચે પણ જે વ્યક્તિ સકારાત્મકતા જાળવી રાખે છે, તે જ સાચા અર્થમાં ખુશ રહે છે. જીવનમાં પ્રેમ, આભાર અને સહાનુભૂતિ જેવી લાગણીઓનો સમાવેશ કરીએ, તો આપણે પોતે પણ ખુશ રહી શકીએ અને બીજાઓના જીવનમાં પણ ખુશી ફેલાવી શકીએ. યુએન-સમર્થિત વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ અનુસાર, ઘણા દેશોમાં સોશિયલ મીડિયાનો ભારે ઉપયોગ યુવાનોના સુખાકારીને નુકસાન પહોંચાડી રહ્યો છે, જેમાં ફિનલેન્ડને સતત નવમા વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ વર્ષના વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં સોશિયલ મીડિયાની અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, કારણ કે ઘણા દેશો યુવાનો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર કાયદાકીય નિયંત્રણો લાદે છે અથવા વિચારી રહ્યા છે. આ વર્ષે પણ નોર્ડિક દેશો ખુશીના રેન્કિંગમાં આગળ છે. આજે આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ, જેને ખુશી દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક વૈશ્વિક ઉજવણી છે જે ખુશી અને સુખાકારીના મહત્વને ઓળખવા માટે સમર્પિત છે. ૨૦૧૨ માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત, આ દિવસ ખુશીને મૂળભૂત માનવ ધ્યેય અને સુખાકારી અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય પરિબળ તરીકે પ્રકાશિત કરે છે.

ખુશી આપણા જીવનમાં શું આનંદ લાવે છે તેના પર ચિંતનને પ્રોત્સાહિત કરે છે અને વ્યક્તિગત રીતે અને આપણા સમુદાયોમાં ખુશી વધારવાના માર્ગો શોધે છે. આ વર્ષની થીમ 'સંભાળ અને વહેંચણી' છે, જે સુખી વાતાવરણ બનાવવા માટે જોડાણ, સહાનુભૂતિ અને એકબીજાને ટેકો આપવાના મૂલ્ય પર ભાર મૂકે છે. સુખ રેન્કિંગના મૂલ્યાંકન માટે છ પરિબળોમાં માથાદીઠ જીડીપી, આયુષ્ય, સામાજિક સહાય, જીવન પસંદગીઓ કરવાની સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારની ધારણાઓનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬માં ફિનલેન્ડ નવમી વખત સૌથી ખુશ દેશ અને ભારત ૧૧૬મા ક્રમે રિપોર્ટમાં દર્શાવવામાં આવેલ છે. કુલ૧૪૭ દેશોમા આ વૈશ્વિક સર્વે કરવામાં આવે છે. ભારત ૨૦૨૫માં તેના ૧૧૮મા સ્થાનમાં થોડો સુધારો થયો છે. જીવનમાં ખુશીનું વિશેષ મહત્વ હોય છે. ખુશી એ માનવ જીવનનું મૂળ તત્વ છે. તે માત્ર આનંદની લાગણી નથી, પરંતુ સ્વાસ્થ્ય, સંબંધો અને સફળતા માટે પણ આધારરૂપ છે. માનસિક સ્વાસ્થ્ય માટે ખુશ રહેવાથી તણાવ ઓછો થાય છે અને મન શાંત રહે છે. શારીરિક સ્વાસ્થ્ય અંગે ખુશી શરીરમાં સકારાત્મક ઊર્જા લાવે છે, જે રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. સંબંધો સુધારવામાં ખુશ માણસ પોતાના પરિવાર, મિત્રો અને સમાજ સાથે વધુ સારા સંબંધો બનાવી શકે છે. સફળતા મેળવવામાં ખુશીથી પ્રેરણા મળે છે, જે વ્યક્તિને પોતાના લક્ષ્યો સુધી પહોંચવામાં સહાય કરે છે. ટૂંકમાં કહીએ તો, ખુશી જીવનને અર્થપૂર્ણ, સંતુલિત અને સુંદર બનાવે છે.અન્ય લોકો સાથે ખુશી શેર કરવાનો બીજો રસ્તો સોશિયલ મીડિયા હોઈ શકે છે.આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ માટે આ એક ખાસ શક્તિશાળી સાધન બની શકે છે, કારણ કે તે લોકોને તેમની પ્રવૃત્તિઓ અને તેઓ જે ખુશી લાવે છે તેને સેકન્ડોમાં વિશ્વભરમાં શેર કરવા અને ફેલાવવાની મંજૂરી આપે છે. અપણ



દૈનિક જીવનમા ખુશી જાળવવા માટેની નાની-નાની આદતો પર ધ્યાન આપવું જરૂરી છે. સવારની શરૂઆત સકારાત્મક રીતે કરો, ઉઠતાં વેત જ સ્મિત કરો અને દિવસ માટે આભાર માનો. નાની જીતોને ઉજવો અને નાના કામ પૂરાં થયા પછી પોતાને અભિનંદન આપો. પ્રકૃતિ સાથે જોડાઓ, દરરોજ થોડો સમય બહાર વિતાવો સૂર્યપ્રકાશ, વૃક્ષો, પંખીઓ મનને શાંતિ આપે છે.

ડિજિટલ બ્રેક લો અને ફોન કે સોશિયલ મીડિયા પરથી થોડો સમય દૂર રહીને મનને આરામ આપો. સકારાત્મક શબ્દો બોલો સાથે બીજાને પ્રોત્સાહન આપો, પ્રશંસા કરો તે તમને પણ ખુશ બનાવશે. હસવાનું ભૂલશો નહીં, રોજિંદા જીવનમાં હાસ્ય ઉમેરો, તે તણાવ દૂર કરે છે. રોજ થોડો સમય પોતાને માટે રાખો વાંચન, સંગીત કે ધ્યાન કરો. આ નાની આદતો સતત અપનાવવાથી ખુશી જીવનનો સ્વાભાવિક ભાગ બની જાય છે. આ વર્ષની થીમ સોશિયલ મીડિયા અને ખુશી વચ્ચેના સંબંધની શોધ કરે છે, જે આપણા સુખાકારી માટેના સંભવિત પડકારો તેમજ આપણે બધા સારા માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ તે પર પ્રકાશ પાડે છે.સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનો કોઈ એક "સાચો" રસ્તો નથી, પરંતુ આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ અને ઓનલાઈન એકબીજા સાથે કેવી રીતે વર્તીએ છીએ તે અંગે નાના, વિચારશીલ નિર્ણયો ખરેખર ફરક લાવી શકે છે.જ્યારે આપણે સામૂહિક રીતે કાર્ય કરીએ છીએ, ત્યારે આપણે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે એક સુખી, દયાળુ વિશ્વ બનાવી શકીએ છીએ વ્યકિતગત સ્તરે ખુશી કોઈપણ દિવસને વધુ સારો બનાવી શકે છે અને કોઈપણ વ્યકિતના જીવનમાં ઘણું મૂલ્ય ઉમેરી શકે છે! પરંતુ જો ખુશીને ફક્ત સ્થાનિક સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રશંસા અને પ્રશંસા કરવામાં આવે તે જરૂરી છે. ગ્રોસ નેશનલ હેપ્પીનેસ રજૂ કરવામાં આવ્યું છે જ્યારે ભૂટાનના ચોથા રાજા દ્વારા "એકંદર રાષ્ટ્રીય સુખ" વાક્ય ઉચ્ચારવામાં આવે છે, ત્યારે તેઓ ટકાઉ વિકાસ અને આર્થિક વિકાસ કરતાં સર્વાંગી અભિગમનું મૂલ્યાંકન કરવા માટે વલણ અપનાવે છે, સુખાકારીના બિન-આર્થિક પાસાઓને સમાન મહત્વ આપે છે. ૨૦૦૬માં સંયુકત રાષ્ટ્રમાં "હેપ્પીટાલિઝમ" ઝુંબેશ શરૂ થાય છે. જેને ઈલિયન અને લુઈસ ગેલાર્ડો દ્વારા સ્થાપિત, હેપ્પીટાલિઝમ પ્રોજેક્ટ સમગ્ર વિશ્વમાં ખુશી, સુખાકારી અને સ્વતંત્રતાના કારણને આગળ વધારવા માટે રચવામાં આવ્યો છે.

**નોલેજ કોર્નર**



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### વિશ્વના ટોપ ટેન ખુશ દેશો

વર્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬ના સર્વે અનુસાર વિશ્વના આ ૧૦ દેશો સૌથી વધુ ખુશ જોવા મળેલ છે, જેમાં ટોપ ૧૦ માં ફિનલેન્ડ, ડેનમાર્ક, આઈસલેન્ડ, સ્વીડન,નેધરલેન્ડ, કોસ્ટ રિકા, નોર્વે, ઈઝરાયલ, લઝમબર્ક અને મેક્સિકો નો સમાવેશ થાય છે. કુલ ૧૪૭ દેશોમાં આ સર્વે કરીને રિપોર્ટ યાદી બહાર પાડી છે.

**આ વર્ષની થીમ 'સંભાળ અને વહેંચણી' છે, જે સુખી વાતાવરણ બનાવવા માટે જોડાણ, સહાનુભૂતિ અને એકબીજાને ટેકો આપવાના મૂલ્ય પર ભાર મૂકે છે: ફિનલેન્ડને સતત નવમા વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું**

---

પૂર્વ મુખ્યમંત્રી દિવંગત વિજયભાઈ રૂપાણીના પુત્ર

# ઋષભ રૂપાણી અને અંજલીબેને અંબાજી માઁના ચરણોમાં શિશ ઝુકાવ્યું





**અબતક, રાજકોટ**

ચૈત્રી નવરાત્રી ના પાવન પર્વના પ્રારંભ થી રાજ્યમાં ધર્મમય માહોલ છવાયો છે ત્યારે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ના પુત્ર ઋષભ રૂપાણી અને તેમની માતા અંજલીબેન રૂપાણી સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે માં અંબા ના દર્શને ગયા હતા ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે જ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈએ આરાસુરી અંબાજી અને કુળદેવી ના દર્શન કરીને પૂજા અર્ચના કરી હતી. પિતાના પગલે ઋષભ રૂપાણીએ પણ માં અંબાના દર્શનની પરંપરા જાળવી રાખી હતી તેમણે જણાવ્યું હતું કે માતાજીના દર્શન કરી હું ખૂબ જ ધન્યતા અનુભવું છું તેમણે પ્રાર્થના કરી આવનાર દિવસોમાં માતાજી તમામ ભક્તોને વૈભવ સુખ અને સમૃદ્ધિ આપે તેવી કામના કરી હતી, ઋષભ ભાઈ અને તેમની માતા અંજલી બેને પૂજારી અને વ્યવસ્થાપકો સાથે ચર્ચા પરામર્શ કર્યો હતો.

---

# તલગાજરડામાં રામેશ્વર બાપુ હરિયાણીના વ્યાસાસને ૧૪મી મેથી રામકથાનો પ્રારંભ

**ખોડીયાર માતાજી મંદિરનો જીણોદ્ધાર, ગ્રામજનો મોરારીબાપુના આશીર્વાદ લેવા પહોંચ્યા**



**અબતક, રાજકોટ**


તલગાજરડા એટલે સત્ય, પ્રેમ કરુણાની પાવન ભૂમિ મા પુ. રામેશ્વર બાપુ હરીયાણીના સ્વમુખે તારીખ ૧૪/૫/૨૦૨૬ ગુરૂવાર થી ૨૨/૫/૨૦૨૬ સુધી રામકથા પ્રારંભ થશે . રામકથા તથા ખોડીયાર માતાજીના મંદિરના જીર્ણોદ્ધાર નિમિત્તે ગામના આગેવાનો તથા ગામ લોકો મોટી સંખ્યામાં ચિત્રકૂટ ધામ ખાતે મોરારીબાપુના આશીર્વાદ લેવા પહોંચ્યા હતા? આ પાવન પ્રસંગે બાપુએ તલગાજરડા ગામ પ્રત્યે વિશેષ સ્નેહ અને રાજીપો વ્યક્ત કર્યો બાપુએ આશીર્વાદ આપતા જણાવ્યું કે ચિત્રકૂટ ધામ દ્વારા તલગાજરડા રામકથા અને ખોડીયાર મંદિર જીર્ણોદ્ધાર માટે સંપૂર્ણ સહયોગ અને આશીર્વાદ રહેશે તલગાજરડા ગામ એકતા સાથે આગળ વધે એવા આશીર્વાદ આપ્યા રૂ. ૮ સમસ્ત તલગાજરડા ગામ માટે પુ.બાપુના આશીર્વાદ આ સાથે પુ.બાપુએ સમગ્ર ગામને અનંત આશીર્વાદ અને શુભકામનાઓ પાઠવી

---

# દિલ્હી અને ઈંદોરની આગ કરૂણાંતિકાનાં દિવંગતોને પૂ. મોરારિબાપુની શ્રધ્ધાંજલિ

**અબતક, રાજકોટ**

દિલ્હીમાં પાલમ વિસ્તારમાં આવેલા મલ્ટી સ્ટોરી રહેણાંકના બિલ્ડિંગમાં આગ લાગી હતી અને જોતજોતામાં ત્રણ બાળકો સહિત ૯ લોકોનાં કરુણ મોત નિપજ્યા હતા. મોરારીબાપુએ આ ઘટનામાં અકાળે અવસાન પામેલાઓને શ્રધ્ધાંજલિ પાઠવી છે. મોરારીબાપુએ તમામ મૃતકોના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૧,૩૫,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે જે દિલ્હી સ્થિત રામકથાના શ્રોતા દ્વારા પહોંચાડવામાં આવશે. આગની



બીજી ઘટનામાં મધ્યપ્રદેશના ઈંદોરમાં એક મકાનમાં આગ લાગતાં ૫ લોકોનાં દુઃખદ મોત થયા હતા. મોરારીબાપુએ આ ઘટનામાં પણ રુપિયા ૧૫,૦૦૦ લેખે સહાયતા રાશિ અર્પણ કરી છે જે રુપેશ વ્યાસ દ્વારા પહોંચાડવામાં આવશે. સૌના નિર્વાણ માટે પૂ બાપુએ પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

---

# અરડોઈ રામદેવપીર મંદિરે કાલે રામદેવજી મહારાજનો ૧૫મો વાર્ષિક મહોત્સવ

**અબતક,રાજકોટ**

રામદેવજી મહારાજની અસીમ કૃપાથી તેમજ આઈ શ્રી ખોડિયાર માતાજી તેમજ શિવજી મહારાજ તથા સ્વ. કેશુ ભગતનાં આશીર્વાદ થી અરડોઈ મુકામે શ્રી રામદેવજી મહારાજનો પંદરમો વાર્ષિક મહોત્સવ તેમજ શિવજી મહારાજનો બારમો વાર્ષિક મહોત્સવ, મહાપ્રસાદ તથા ધાર્મિક કાર્યક્રમો તેમજ ભવ્ય લોક ડાયરો અને સંત વાણીનું આયોજન કરવામાં આવેલ છે. લોક ડાયરા તથા સંતવાણી પ્રસંગે ઉદય ધાધલ(લોકગાયક), ભગવતીબેન ગોસ્વામી(ભજનિક), કિશન રાદડીયા(લોકસાહિત્યકાર) તથા સંતો પધરામણી કરશે. આ સમગ્ર કાર્યક્રમ ચૈત્ર સુદ - ૩, શનિવાર તા.૨૧-૦૩-૨૦૨૬ નાં રોજ આયોજન રાખેલ છે . તો આ શુભ પ્રસંગે પધારવા ધર્મપ્રેમી ભાવિકોને પધારવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવે છે.

---

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૩-૨૦૨૬ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારિઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મારી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૩-૨૦૨૬ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

**તા.૨૧-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ ત્રીજ
**નક્ષત્ર** અશ્વીની
**યોગ** ઐન્દ્ર **કરણ:** તૈતિલ
**સુર્યોદય** ૬.૫૧ **સુર્યાસ્ત:** ૬.૫૮
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ.
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૨ | | | | | ૩ |
| ૧ | | | | | ૯ | | | |
| | | | | | | | ૨ | |
| | | | ૩ | | ૭ | | | ૫ |
| | | | | | | | ૬ | |
| | ૭ | ૫ | ૮ | | | | ૨ | |
| | | ૮ | | | ૫ | | | |
| | | ૭ | | | | | ૬ | |
| | ૬ | ૩ | | ૮ | | | ૪ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ | ૮ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ |

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૧.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ ત્રીજ, અશ્વિની નક્ષત્ર, ઐન્દ્ર યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે**

**મેષ** (અ,લ,ઈ) : અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .
**વૃષભ** (બ,વ,ઉ) : તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.
**મિથુન** (ક,છ,ઘ) : કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.
**કર્ક** (ડ,હ) : નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.
**સિંહ** (મ,ટ) : તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.
**કન્યા** (પ,ઠ,ણ) : અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.
**તુલા** (ર,ત) : દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.
**વૃશ્ચિક** (ન,ય) : કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.
**મકર** (ખ,જ) : નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.
**કુંભ** (ગ,સ,શ) : સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મડયં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
**મીન** (દ,ચ,ઝ,થ) : સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

---

# બુધ મહારાજ ૨૧ માર્ચથી માર્ગી બની રહ્યા છે

અગાઉ અત્રે લખ્યા મુજબ ગ્રહણ પછીનો એક માસ યુદ્ધની દ્રષ્ટિએ ભારે ગણાય એ મુજબ મિડલ ઈસ્ટમાં અને પાકિસ્તાન અફઘાન યુદ્ધ ચાલુ છે અને હજુ આગામી દિવસોમાં અન્ય મોરચે પણ સાવધાની રાખવી જરૂરી બનશે ! બીજી બાજુ વાટાઘાટ અને અર્થવ્યવસ્થાના સ્વામી બુધ મહારાજ ૨૧ માર્ચ થી માર્ગી બની રહ્યા છે જે ૨૧ તારીખ કે એના પછી વાટાઘાટોના દરવાજા ખોલી આપશે અને અર્થવ્યવસ્થા માટે પણ સારું કામ કરશે એ આશા આગામી દિવસોમાં આપણે રાખી શકીએ પરંતુ ૩ માર્ચ પછીનો એક માસ અવ્યસ્થા ભરેલો રહે તે મેં અત્રે અગાઉ જ લખેલ હતું. વ્યક્તિગત રીતે જોઈએ તો પણ આ સમય ચોક્કસ નિર્ણય પર આવવામાં તકલીફ પડે મનમાં અસમંજસ રહે અને કોઈ કાર્ય સાવ શાંતિ થી પાર પડતું ના જણાય જે માટે દૈવી આરાધના જરૂરી બને વળી હાલમાં ચૈત્રી નવરાત્રી ચાલુ છે તેમાં આરાધના કરવાથી જીવનમાં સફળતા તરફ પ્રયાણ કરી શકાય.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# વોર્ડ નં.૨ની ચાર પૈકી બે બેઠકો અનામતઃ ભાજપ હેવી વેઈટ નેતાઓની ટિકિટ કાપશે

## ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન જયમીન ઠાકર અને પૂર્વ દંડક મનિષ રાડીયાને રિપીટ કરવામાં આવે તેવી સંભાવના ખૂબ જ નહિવતઃ બીજી ટર્મના મેયર પણ આ વોર્ડમાંથી જ હોય શકે

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની ગત ચુંટણી શહેરના વોર્ડ નં.૨ની તમામ ચારેય બેઠકો સામાન્ય હોવાના કારણે એકપણ રાજકીય પક્ષને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો ન હતો. સત્તાધારી પક્ષ ભાજપે આ વોર્ડની ચારેય બેઠકો પર સવર્ણ સમાજને ટિકિટ આપી સમિકરણો બંધ બેસાડી દીધા હતા પરંતુ આ વખતે સ્થિતિ થોડીક અલગ જ છે. કારણ કે વોર્ડની ચાર પૈકી બે બેઠકો અનામત જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રથમ બેઠક જે મહિલા માટે છે તે અનુસૂચિત જાતિની મહિલા ઉમેદવાર માટે અનામત ઘોષિત કરાય છે.


દર્શિતા શાહ


મીનાબા જાડેજા


જયમીન ઠાકર


મનીષ રાડીયા

### જૈન સમાજ માટે અન્ય વોર્ડમાં સમિકરણો બંધ બેસતા ન હોય વોર્ડ નં.૨માં જૈન સમાજના યુવાનને ટિકિટ મળે તેવી શક્યતાઃ મીનાબા જાડેજાની ટિકિટ કપાશે તો કાઠી સમાજને ટિકિટ આપવામાં આવે તેવી પણ વકી

જયારે ત્રીજા નંબરની બેઠક ઓબીસી કેટેગરી માટે અનામત જાહેર કરાય છે. આવામાં વોર્ડ નં.૨માં ભાજપ હેવી વેઈટ નેતાઓની ટિકિટ કાપે તે લગભગ ફાઈનલ મનાઈ રહ્યું છે. મહાપાલિકાની હવે પછીની નવી બોડીના બીજી ટર્મના મેયર વોર્ડ નં.૨ના નગરસેવિકા બને તેવી શક્યતાઓ પણ હાલ દેખાઈ રહી છે. ગત ચુંટણીમાં વોર્ડ નં.૨ની ચારેય બેઠકો સામાન્ય હોવાના કારણે ભાજપે અહિંથી જૈન સમાજમાંથી આવતા ડો.દર્શિતાબેન શાહ, બ્રહ્મ સમાજમાંથી જયમીન ઠાકર, રઘુવંશી સમાજમાંથી મનિષ રાડીયા અને ક્ષત્રિય સમાજમાંથી મીનાબા જાડેજાને ટિકિટ આપી ચારેય મુખ્ય સવર્ણ સમાજને સાચવી લીધા હતા. આ વોર્ડમાં હેવીવેઈટ નેતાઓનું વર્ચસ્વ છે. કારણ કે ડો.દર્શિતાબેન શાહ ધારાસભ્ય પદે કાર્યરત છે. જ્યારે અન્ય બે પૂર્વ કોર્પોરેટર પૈકી જયમીન ઠાકર અઢી વર્ષ સુધી સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને મનિષ રાડીયા શાસક પક્ષના દંડક રહ્યા હતા. હવે બેઠક રોટેશનમાં બે સીટ પર અનામત જાહેર થયું હોય તમામ સમિકરણો ફરી ગયા છે. ભાજપ હેવી વેઈટ નેતાઓની ટિકિટ પર કાતર ફેરવી દે તે

(અનુ. આઠમા પાને)

### કોંગ્રેસે ત્રણ ઉમેદવારો ફાઈનલ કરી લીધા હોવાની પણ ચર્ચા

વોર્ડ નં.૨ની ચાર બેઠકો પૈકી બે બેઠકો અનામત છે. આ વોર્ડ માટે કોંગ્રેસ દ્વારા ચાર પૈકી ત્રણ ઉમેદવારોના નામ ફાઈનલ કરી લેવામાં આવ્યા હોવાની ચર્ચા ચાલી રહી છે. આ ત્રણેય ઉમેદવારોને ચુંટણી લડવાની તૈયારીઓ શરૂ કરી દેવાનું કહી દેવામાં આવ્યું છે. વોર્ડમાં મહિલા માટે અનુસૂચિત જાતિની જે બેઠક અનામત છે તે બેઠક માટે કોંગ્રેસ દ્વારા ભાવનાબેન વાઘેલાનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. જયારે સામાન્ય મહિલા બેઠક માટે ક્રિકેટર રવિન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજાનું નામ પર હાઈકમાન્ડે મહોર લગાવી દીધી છે. આ વોર્ડમાં રઘુવંશીઓની વસ્તી વધારે હોય ગોપાલ અનડકટને ટિકિટ આપવાનું મન કોંગ્રેસે બનાવ્યું છે. હવે એક માત્ર ઓબીસી પુરૂષ અનામત બેઠક માટે ઉમેદવાર નક્કી કરવાનું બાકી છે.

‘ત્રિશલા નંદન કી જય બોલો’

# મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી માટે જૈન સમાજ સજ્જઃ બેઠકોનો ધમધમાટ

## મહાવીર જન્મોત્સવ માટે જૈન અગ્રણીઓ દ્વારા માતબર અનુદાનઃ ૩૧ માર્ચના રોજ રાજકોટમાં ઉજવાશે મહાવીર જન્મોત્સવ



**અબતક, રાજકોટ**

રાજકોટના આંગણે આગામી તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ભગવાન શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક મહોત્સવની અભૂતપૂર્વ ઉજવણી કરવામાં આવનાર છે. આ મહોત્સવના પૂર્વ આયોજન અને પૂર્વ તૈયારીઓના ભાગરૂપે ગત ગુરુવારે શ્રોફ રોડ સ્થિત બેન્કર્સ હોલ ખાતે ‘જૈનમ’ પરિવાર દ્વારા સમસ્ત જૈન સમાજની એક અગત્યની બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠકમાં રાજકોટના તમામ જૈન સંઘો અને વિવિધ સંગઠનોના પ્રતિનિધિઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત દીલીપભાઈ શાહ અને હિતેશભાઈ મહેતાએ નવકાર મંત્રના ગાન સાથે ભક્તિમય વાતાવરણમાં કરાવી હતી. ત્યારબાદ ફેનીલભાઈ મહેતાએ ઉપસ્થિત તમામ મહાનુભાવોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત કર્યું હતું. ‘જૈનમ’ પરિવારના જીતુભાઈ કોઠારીએ આગામી જન્મ કલ્યાણક નિમિત્તે યોજાનાર વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોની રૂપરેખા રજૂ કરતા જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર રાજકોટમાં ભગવાન મહાવીરનો સંદેશ ગુંજતો કરવામાં આવશે અને આયોજનને વધુ યાદગાર બનાવવા વિશેષ પ્રયાસો હાથ ધરાશે.

આ બેઠકની વિશેષતા એ રહી હતી કે તેમાં સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી અને શ્રીમદ

(અનુ. આઠમા પાને)





ભીડમાં પણ એકલતા...!!!

# ૫૮ ટકા લોકો પાસે મનની વાત કરવા કોઈ જ નથીઃ સર્વે

## આધુનિક યુગની ‘સામાજિક એકલતા’ દર્શાવે છે કે વ્યક્તિ પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતી નથી, ત્યારે તે માનસિક તણાવ અને ગુસ્સાનો શિકાર બને છેઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં મનોવિજ્ઞાન ભવન દ્વારા ૨૨૫૦ લોકોનો સર્વે કરાયો

### સર્વેના તારણો

૧. ૫૬.૨% લોકો તેમના વર્તમાન જીવનથી સંતુષ્ટ છે. જ્યારે ૩.૬% અસંતોષ અને ૩૮.૨% ખૂબ જ અસંતોષ અનુભવે છે.

૨. ૫૪.૬૦% લોકો સવારે ઉઠે ત્યારે ક્યારેક જ ઉત્સાહ અનુભવે છે જ્યારે ૬% લોકો ભાગ્યેજ અને ૩૯.૪૦% લોકો હંમેશા ઉત્સાહ અનુભવે છે.

૩. ૬૫.૫૦% લોકો તેમના જીવનમાં આવતી મુશ્કેલીઓને નસીબના ખેલ તરીકે જુએ છે જ્યારે ૭.૨૦% ભાર તરીકે અને ૨૭.૩૦% નવી તક તરીકે જુએ છે.

૪. ૪૪.૨૦% તેઓ પોતાની ભૂલો માટે પોતાને માફ કરી શકતા નથી જ્યારે ૧૫.૩૦% ને સમય લાગે છે અને ૪૦.૬૦% લોકો સરળતાથી માફ કરી શકે છે.

૫. ૫૮.૨૦% લોકો પાસે મનની વાત કરવા કોઈ નથી જ્યારે ૨૯.૩૦% પાસે ઘણા લોકો છે અને ૧૨.૪૦% પાસે માત્ર એક બે લોકો જ છે.

૬. ૯૩.૭૦% લોકો બીજાને મદદ કરીને ઠીક ઠીક અનુભવે છે જ્યારે ૫.૬% અત્યંત આનંદ અને ૧.૨૦% લોકો કંઈ ખાસ અનુભવતા નથી.

૭. ૫૯% લોકો અઠવાડિયે પોતાના પરિવાર સાથે સમય (અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

વિશ્વ ખુશાલી દિવસની સ્થાપના ૨૦૧૨ માં સત્તાવાર રીતે કરવામાં આવી હતી અને ૨૦૧૩ માં સૌપ્રથમ તેની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે ૨૦ માર્ચના રોજ આ દિવસ ‘‘વિશ્વ ખુશાલી દિવસ‘‘ તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મહર્ષિ અરવિંદ મનોવિજ્ઞાન ભવનના પ્રોફેસર ડો. યોગેશ એ. જોગસણ અને આસ્ટિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધારા આર. દોશીના માર્ગદર્શન હેઠળ વિંઝુડા રિંકલ, બેડીયા નેહા, ગડારા બંસી અને દેસાઈ ઉન્નતિ દ્વારા ૨૨૫૦ લોકો પર સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે સુખ એ માનવ જીવનનું મૂળભૂત લક્ષ્ય છે જેને વ્યક્તિગત જીવનમાં પ્રાથમિકતા આપવી જોઈએ.મનોવિજ્ઞાનના દષ્ટિકોણથી આ દિવસ માનસિક સ્વાસ્થ્ય અને સર્વાંગી કલ્યાણનું મહત્વ સમજાવે છે, જેમાં તણાવમુક્ત જીવન માટે ભાવનાત્મક અને સામાજિક સુખાકારી જરૂરી ગણાય છે. સાથે સાથે હકારાત્મક મનોવિજ્ઞાનના સિદ્ધાંતો મુજબ આશાવાદ, કૃતજ્ઞતા અને મુશ્કેલીઓ સામે લડવાની ક્ષમતા



(અનુ. આઠમા પાને)

### સર્વેક્ષણમાં જોવા મળેલી ખામીઓને સુધારવા મનોવૈજ્ઞાનિક ઉપાયો અપનાવી શકાય

૧. તમારી પાસે એવા ઓછામાં ઓછા ૨ સાચા મિત્રો હોવા જોઈએ જેમની સાથે તમે કોઈપણ સંકોચ વગર મનની વાત કરી શકો.

૨. સર્વે મુજબ ઘણા લોકો પરિવાર સાથે ઓછો સમય વિતાવે છે. દરરોજ ઓછામાં ઓછું એક ટંકનું ભોજન પરિવાર સાથે લેવાનો આગ્રહ રાખો.

૩. માનસિક સ્વાસ્થ્ય માટે ૭ થી ૮ કલાકની ગાઢ ઊંઘ અનિવાર્ય છે. ૫-૬ કલાકની અપૂરતી ઊંઘ ચીડિયાપણું અને ગુસ્સો વધારે છે.

૪. શારીરિક પ્રવૃત્તિ શરીરમાં ’હેપી હોર્મોન્સ’ મુક્ત કરે છે. નિયમિત ૨૦ મિનિટ કસરત કે યોગને પ્રાથમિકતા આપો.

# બાર કાઉન્સીલની ચૂંટણીમાં દિલીપ પટેલની ઐતિહાસિક જીતને વધાવતા વકીલો

## વિજય સરઘસમા વિવિધ બાર અને સિનિયર જુનિયર વકીલો સાફા બાંધી ઢોલ-નગારા અને ફટાકડા ફોડી જીતની કરી ઉજવણી





તસવીરઃ હર્ષ ઝીંઝુવાડીયા

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની પ્રતિષ્ઠા ભરી ચૂંટણી જંગમાં જરૂરી ક્વોટા પાર પાડી ત્રીજા ક્રમાંકે દિલીપભાઈ પટેલે વિજેતા જાહેર કર્યા છે. જેના પગલે શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર સ્થિત કોર્ટ પાસે દિલીપ પટેલના વિજય સરઘસમા વિવિધ વકીલ સંગઠનો અને મોટીસંખ્યામાં સીનીયર જુનિયર વકીલો જોડાયા હતા.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની અગાઉની બે ચૂંટણીમાં દિલીપભાઈ પટેલ પ્રથમ ક્રમાંકે સમગ્ર ગુજરાતમા ચૂંટાયેલા જાહેર થયેલ હતા. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સહ અધ્યક્ષ અને બાર કાઉન્સિલના પૂર્વ ચેરમેન, વકીલોના હમદર્દ અને પોતીકા ઉમેદવાર તરીકે વકીલોમાં દિલીપભાઈ પટેલ લોકપ્રિય ગણાય છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમા દિલીપભાઈ પટેલની જીત થવાથી સૌરાષ્ટ્ર અને કચ્છ માં આનંદ ની લાગણી ફેલાયેલી છે. ઠેર ઠેર થી દિલીપભાઈ પટેલ ને ૂવફતિંફા અને ફોન થી અભિનંદન ની વર્ષા થઈ રહી છે. શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર સ્થિત કોર્ટ નજીક વિશાળ વિજય સરઘસમાં નીકળેલ હતું.બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ૧૯૨૯ મતોનો ક્વોટા જાહેર થયેલ અને આ મત પાર કરનારને ચૂંટાયેલા જાહેર કરવાનું નક્કી થયેલ છે. જે ક્વોટાને દિલીપભાઈ પટેલે આ ત્રીજી વખત પાર પાડી જાગૃત વકીલ તરીકે સાબિત કરી આપેલ છે. વકીલોના સુખ દુ:ખના ભાગીદાર બનેલા દિલીપભાઈ પટેલની ઐતિહાસિક જીતને વધાવવા માટે સમગ્ર સૌરાષ્ટ્રના વકીલોમાં થનગનાટ જોવા મળે છે.દિલીપભાઈ પટેલના સમર્થકો દ્વારા ફટાકડા ફોડી અને ઢોલ નગારા સાથે બાર એસોસિએશન, લીગલ સેલ, રેવન્યુ બાર એસોસિએશન, ક્લેઈમ બાર એસોસિએશન, નોટરી બાર એસોસિએશન, મહિલા બાર એસોસિએશનના તમામ વકીલ ભાઈ બહેનો સાફા પહેરી વિજય સરઘસમાં જોડાયા હતા.

### પ્રતિનિધિત્ત્વ કરવાની તક બદલ વકીલોનો આભાર માનતા દિલીપ પટેલ



એડવોકેટ દિલીપ પટેલે જણાવ્યું હતું કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીમાં વિજેતા જાહેર થયા છે. તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છના વકીલોનું પ્રતિનિધિત્વ કરવાની તક આપવા બદલ આભાર વ્યકત કર્યો હતો. વિજય બાદ રાજકોટમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ટેકેદારો સાફા પહેરીને, ઢોલ-નગારાના તાલે નાચતા અને ફટાકડા ફોડીને વિજયોત્સવ મનાવતા નજરે પડ્યા હતા.વિજેતા ઉમેદવારે જણાવ્યું હતુ કે તેઓ વકીલોના પડતર પ્રશ્નોના ઉકેલ માટે કટિબદ્ધ છે.દિલીપ પટેલે આગામી સમયના લક્ષ્યો વિશે વાત કરતા જણાવ્યું હતું કે,સૌરાષ્ટ્ર અને કચ્છ માટે હાઈકોર્ટની બેંચ એ સૌથી મહત્વનો અને સળગતો પ્રશ્ન છે. જે કામ અધૂરું રહી ગયું છે, તે અમે પૂરું કરીશું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રાજકોટથી ચૂંટણી જીત્યા છે, તેથી મને પૂરી શ્રદ્ધા છે કે તેઓ રાજકોટને હાઈકોર્ટ બેંચની ભેટ ચોક્કસ આપશે.

# સ્વાદ પર વિજય અને કર્મોની નિર્જરા માટે દિવસીય આરાધના એટલે ચૈત્ર માસની આયંબિલ ઓળી

## ચૈત્ર માસની આયબિલ ઓળીનો સ્થાનકવાસી મંગળવારથી અને મૂર્તિપૂજકઓ બુધવારથી કરશે પ્રારંભ

**અબતક, રાજકોટ**

સ્થાનકવાસી સમાજ ૨૪/૩/૨૦૨૬ મંગળવારથી તથા મૂર્તિપૂજક સમુદાય બુધવારથી આયંબિલ તપ આરાધનાનો શુભારંભ કરશે...

નવ દિવસ સુધી તપ આરાધકો હર્ષોલ્લાસપૂર્વક આયંબિલ તપનો પ્રારંભ કરશે.આ તપમાં માત્ર એક જ વખત એક જ જગ્યાએ બેસીને લુખ્ખુ - સુકુ,વિગય રહિત એટલે કે તેલ,ઘી,દુધ,દહીં, ગોળ,સાકર વગરનો રસ અને સ્વાદ રહિતનો આહાર કરવાનો હોય છે તથા અચેત પાણીનો ઉપયોગ કરવાનો હોય છે.

સ્વાદ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે જ આયંબિલ તપની આરાધના કરવાની હોય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ શ્રેષ્ઠ છે પરંતુ આયુર્વેદીક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.તેલ - ઘી રહિતનો આહાર વાપરવાથી લીવરને રાહત મળે છે,શરીર અને મન બંને પ્રસન્ન રહે છે,જે સાધનામાં સહાયક બને છે.



મનોજ ડેલીવાળાએ જણાવ્યું કે આ પર્વ વર્ષમાં બે વાર ચૈત્ર તથા આસો માસમાં આવે છે.

આ બે મહિના ઋતુઓની સંધિકાળના મહિના હોવાના કારણે વાત્ત,પિત્ત અને કફનો પ્રકોપ શરીરને અસ્વસ્થ કરે છે,તેથી આ દિવસોમાં તપ કરવાથી રોગ પ્રતિકારક શકિત વધે છે તેથી જ તમામ દર્દનું ઔષધ તપને ગણવામાં આવે છે.

ધર્મની દ્રષ્ટિએ તપ એ નિર્જરા માટેનું ઉત્તમોત્તમ સાધન છે.

શ્રી ઉત્તરાધ્યયનજી સૂત્ર અધ્યયન ૩૦ માં પ્રભુ મહાવીરે કહ્યું કે..

‘‘ ભવકોડિસંચિયં કમ્મં ,તવસા નિર્જ્જરિજ્જઈ ‘‘




**: સંકલન :**
**મનોજ ડેલીવાળા**
**મો.૯૮૨૪૧ ૧૪૪૩૯**

એટલે કે કરોડો ભવોના બાંધેલા કર્મો તપ કરવાથી નિર્જરી અને ખરી જાય છે.

આયંબિલ ઓળીમાં નવ દિવસ સુધી નમો અરિહંતાણ પદથી લઈ નમો લોએ સવ્વસાહૂણં સાથે સમ્યક દર્શન,જ્ઞાન,ચારિત્ર અને તપ સહિત નવ પદની આરાધના કરવાની હોય છે.ગ્રંથોમાં આ તપનું મહીમા વર્ણવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે,જેમાં શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે. આયંબિલ તપ કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે,તેમાં શ્રદ્ધા સાથે વૈજ્ઞાનિક કારણ પણ રહેલું છે..!

તામલી તાપસ અને સુંદરીએ પણ દીર્ઘ કાલીન સુધી આ તપની આરાધના કરેલી.આયંબિલ તપની તાકાત એટલી જબરદસ્ત છે કે તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવોમાં પરિવર્તન આવી ગયેલ.



કહેવાય છે તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રકત કણો વધે છે,ચામડી તેજસ્વી બને છે.પ્રોફેસર જોસેફ હેરેલ્દ જણાવે છે કે પેટના મોટાભાગના દર્દોમાં તપ શ્રેષ્ઠ છે.ડો. શેલ્ટન કહે છે કે સૃષ્ટિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે કે જે બીમારીમાં પણ ખા ખા કરે છે. જયારે પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે. મિસ શર્મને ટાંકેલુ છે કે અનેક લોકો વગર ભૂખે ખા ખા કરે છે...!!!

સળંગ નવ દિવસ આયંબિલ થઈ શકતી હોય તો તે શ્રેષ્ઠ છે,પરંતુ કોઈ કારણોસર શક્ય ન હોય તો છૂટક - છૂટક પણ આયંબિલ કરી શકાય છે જેનાથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.અમુક આત્માઓ નવ દિવસ મૌન સાથે પણ આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

# એચ.જે. દોશી હોસ્પિટલમાં શ્રેષ્ઠ ઓપરેશન થિયેટર કોમ્પલેક્ષનું ઉદ્ઘાટન

## નવા ઓપરેશન થિયેટરમાં નાની સર્જરીથી લઈ અંગ પ્રત્યારોપણ પણ થઈ શકશે, હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોની સેવા મળશે

**અબતક, રાજકોટ**

એચ જે દોશી હોસ્પિટલ - રાજકોટ માં શ્રેષ્ઠ ઓપરેશન થિયેટર કોમ્પલેક્ષનું ટ્રસ્ટી દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. તા.૧૫/૦૩/૨૦૨૬ થી શ્રેષ્ઠ ઓપરેશન થીયેટર રૂપે અધ્યતન આરોગ્ય સુવિધાનો લાભ શહેરની જનતાને ઉપલબ્ધ થયેલ છે.





૧૯૮૯માં કાર્યરત થયેલ એચ.જે.દોશી હોસ્પિટલની સ્થાપના એક ચેરીટેબલ સંસ્થા તરીકે કરવામાં આવી હતી જેનો ઉદ્દેશ્ય કોઈપણ ભેદભાવ વિના બધાને ગુણવત્તાયુક્ત આરોગ્યસંભાળ પૂરી પાડવાનો હતો. ત્રણ દાયકાથી વધુ સમયથી, હોસ્પિટલે કરુણા અને નૈતિક તબીબી સંભાળ સાથે સમાજની સેવા કરી છે. હોસ્પિટલ સારી અને અદ્યતન આરોગ્ય સારવાર પોસાય તેવા ખર્ચમાં આપવા માટે પ્રતિબદ્ધ છે. રાજકોટની આ પ્રખ્યાત હોસ્પિટલે, તેની માળખાગત સુવિધાઓને અપગ્રેડ કરીને સાત સુપર-સ્પેશિયાલિટી ઓપરેશન થિયેટર કોમ્પ્લેક્ષનું નિર્માણ કરેલ છે.

આ નવી સુવિધામાં સંપૂર્ણ મોડ્યુલર ઓપરેશન થિયેટર છે, જે નાની સર્જરીઓથી લઈને જટિલ સુપર-સ્પેશિયાલિટી પ્રક્રિયાઓ અને અંગ પ્રત્યારોપણ સહિત બધાજ પ્રકારના ઓપરેશન કરવા માટે અદ્યતન ટેકનોલોજી, નવીનતમ સર્જિકલ સાધનોથી સજ્જ અને આંતરરાષ્ટ્રીય તબીબી ધોરણો અનુસાર કરવામાં આવ્યું છે. જે ઉચ્ચતમ સ્તરની સલામતી, સ્વચ્છતા અને ગુણવત્તાયુક્ત રીતે દર્દીની સંભાળ સુનિશ્ચિત કરે છે.

આ હોસ્પિટલમાં સુપર સ્પેશ્યાલીસ્ટ તથા સ્પેશીયાલીસ્ટ સર્જન્સ, તથા સમર્પિત ફીજીશયન, પેરામેડીકલ સ્ટાફની ટીમ દ્વારા સેવા આપવામાં આવે છે. હોસ્પિટલ દ્વારા સતત મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓમાં સુધારા કરવામાં આવેલ છે, જેમાં આ ઓપરેશન થીયેટર કોમ્પ્લેક્સ રૂપે અપગ્રેડેડ સુવિધાનો ઉમેરો વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ સેવાઓ પૂરી પાડવાના તેના મિશનની પુનઃપુષ્ટિ કરે છે.

# નિધિ સ્કૂલ દ્વારા ‘‘વિશ્વ ચકલી દિવસે’’ માળા વિતરણ કરાયા

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલ દ્વારા આજરોજ ૨૦ માર્ચ એટલે કે ‘‘વિશ્વ ચકલી દિવસ‘‘ આ દિવાસ વિશ્વભરની ચકલીઓને અર્પણ કરવામાં આવેલ છે, શહેરી વિસ્તારોમાં ચકલીઓ ચિંતાજનક પ્રમાણમાં ઘટી રહી છે, વિશ્વભરમાં ૨૦૧૦ થી ચકલી બચાવો અભિયાન શરૂ કરવામાં આવેલ છે, વિશ્વભરમાં ચકલી તેમજ અન્ય પક્ષીઓ જે આપણા પર્યાવરણના મહત્વના અંગ છે, તે અંગે જન જાગૃતિ સ્વરૂપે ઉજવવામાં આવે છે, વિશ્વભરમાં સૌથી વધુ જોવા મળતું અને માનવ વસ્તી સાથે હળી મડી ગયેલું સૌથી સામાન્ય પક્ષી એટલે ચકલી, એક સમયે વિશ્વનું સૌથી સામાન્ય અને ટોળાબંધ જોવા મળતું આ નાનકડું પંખી આજે જીવન સંઘર્ષ માટે જજુમી રહ્યું છે, વિશ્વભરમાં અને ખાસ કરીને ભારતમાં પણ ચકલીઓની સંખ્યા ખૂબ ઝડપથી ઘટી રહી છે, તેમને બચાવવા માટે દરેક વ્યકિતઓએ કંઈક કરવું જોઈએ જેથી આપણે ચકલીઓને બચાવી શકીએ, આજ રોજ નિધિ સ્કૂલ દ્વારા વિદ્યાર્થી ભાઈ બહેનોને ચકલીના માળાનું વિતરણ તેમજ વિસ્તારમાં ઝાડ પર,ઘરની બહાર કાઢેલી છતમાં, ચકલીના માળાઓ બાંધવામાં આવેલ હતા, અને ચકલીઓને કેવી રીતે બચાવી શકીએ તે અંગે જાગૃતિ ફેલાવવામાં આવેલ હતી, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, જાનકી નકુમ, હર્ષદ રાઠોડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થી પણ જોડાયેલ હતો.

# સૌની યોજનાથી ધરતીપુત્રોની સુખાકારીમાં વધારો થયોઃ બાવળીયા

**અબતક, રાજકોટ**



રાજકોટ તાલુકાના નાકરાવાડી ગામ ખાતે આજ રોજ કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતા અને વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણીની ઉપસ્થિતિમાં સૌની (સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઈ) યોજના અંતર્ગત રૂ. ૯.૪૯ કરોડના ખર્ચે જળાશયોને નર્મદાના નીરથી ભરવાની કામગીરીનો ખાતમુહૂર્ત કાર્યક્રમ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં સિંચાઈ અને પીવાના પાણીના મોટાભાગના કામો હવે પૂર્ણ થઈ ગયા છે. સૌની યોજના અંતર્ગત અનેક ગામોમાં નર્મદાના નીર પહોંચતા ખેતી અને પશુપાલન વ્યવસાયનો વિકાસ થયો છે, જેનાથી ગ્રામીણ અર્થતંત્ર પણ મજબૂત બન્યું છે. ટૂંક સમયમાં જ સૌરાષ્ટ્રના ૮૦%થી વધુ વિસ્તારને આ યોજનાનો લાભ મળવા લાગશે, જેને કારણે ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળી રહેશે. સૌની યોજના હેઠળ ઘરે-ઘરે નર્મદાના

(અનુ. આઠમા પાને)

# માહી ડેરી થકી ગ્રામીણ વિસ્તારોમાં સકારાત્મક બદલાવ આવ્યાઃ ડો. મિનેશ શાહ

## ૧૩માં માહી ડેની ઉજવણી કરાઈ, માહી ડેરીનું ટર્ન ઓવર રૂ.૨ કરોડે પહોચ્યું

**અબતક, રાજકોટ**



માહી ડેરીની કામગીરી શરૂ કરાયા બાદ તેની સકારાત્મક અસરો ગ્રામીણ જીવન પર જોવા મળી રહી છે. ગ્રામીણ અર્થતંત્રમાં નવા પ્રાણ તો ફૂંકાયા જ છે પરંતુ તેની સાથે સાથે ગ્રામ્ય લોકોમાં પણ સામાજિક પરિવર્તનો જોવા મળ્યા છે. ગુણવત્તા અને સ્વચ્છતાનું મહત્વ સમજાવા લાગ્યું છે. બચતને ઉત્તેજન મળ્યું છે તો લોકો ખોટા કુરિવાજોને તિલાંજલિ પણ આપતા થયા છે.‘‘ તેમ માહી ડેરીની કામગીરી શરુ કર્યાના ૧૩ વર્ષ પૂર્ણ થતા રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના ચેરમેન ડો. મીનેશ શાહે વર્ચ્યુઅલી માધ્યમથી પાઠવેલા સંદેશમાં જણાવ્યુ હતું.

એન.ડી.ડી.બી.અને એન.ડી.ડી.બી.ડેરી સર્વિસીસ દ્વારા વિવિધ રાજ્યોના પશુપાલકોને સહકાર થકી આર્થિક પગભર કરવા યજ્ઞરૂપી કાર્ય શરૂ કરાયેલું છે જે અંતર્ગત ગુજરાત રાજયના પશુપાલકો માટે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની સ્થાપના કરવામાં આવેલી છે. માહી મિલ્ક પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશનની કામગીરીના ૧૩ વર્ષ પૂર્ણ થતા રાજકોટ ખાતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એન.ડી.ડી.બી. ડેરી સર્વિસીસના મેનેજીંગ ડિરેક્ટર ડો. સી.પી.દેવાનંદે ખાસ ઉપસ્થિત રહીને માહી ડેરી દ્વારા દૂધ ઉત્પાદક સભ્યોના આર્થિક ઉત્થાન માટે કરવામાં આવી રહેલી કામગીરીને બિરદાવી માહી ડેરી માટે ૨૦૪૭ સુધીનું વિઝન રજૂ કર્યું હતું. એન.ડી.ડી.બી.ડેરી સર્વિસીસના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડો. રઘુ માલેગૌડાએ સમગ્ર દેશની એમ.પી.ઓ.માં માહી પ્રથમ ક્રમાંકે હોવાનું જણાવી સ્થાન બરકરાર રાખવા અને વધુ ને વધુ દૂધ ઉત્પાદકોના જીવનમાં હકારાત્મક બદલાવ લાવવા કાર્યરત રહેવા કર્મચારીઓને હાકલ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં માહી ડેરીના ચીફ એક્ઝિક્યુટિવ આલોક કુમાર ગુપ્તાએ સ્વાગત પ્રવચનમાં માહી ડેરી દ્વારા સતત બીજા વર્ષે ૨ હજાર કરોડનું ટર્નઓવર હાંસલ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતુ. તેમણે માહી ડે ની ઉજવણીમાં દૂધ ઉત્પાદકોને પ્રથમ સામેલ કરવામાં આવ્યા હોવાનું જણાવી વાર્ષિક પ્રોત્સાહનની રકમ પેટે માહી ડે ના શુભદિવસે જ રૂપિયા ૨૭.૨૦ કરોડ ઉપરાંત ઉનાળાના પ્રોત્સાહન પેટે ૧૭.૭૧ કરોડ તથા ગત વર્ષના ડિવિડન્ડની રકમ મળીને ચાલુ વર્ષે ૫૦ કરોડ

(અનુ. આઠમા પાને)

## વાવાઝોડા સાથે ખાબકેલા વરસાદે વીજ માળખું કર્યું વેરવિખેર

# લાઈટ ગયાંની ૧૦૦૦ ફરિયાદોઃ વીજ કર્મચારીઓએ રાત ઉજાગરા કરી અંધારા ઉલેચ્યા

## કુદરતી આફત સામે પીજીવીસીએલ રહી ખડેપગેઃ HT-1, HT-2 અને HT-3 સબ ડિવિઝન હેઠળના વિસ્તારોમાં આખી રાત અંધારપટઃ ૨૧ ફીડરોમાં ફોલ્ટ સર્જાયો

**અબતક, રાજકોટ**



સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટ શહેરમાં ગઈકાલે તારીખ ૧૯-૦૩-૨૦૨૬ના રોજ કુદરતના રૌદ્ર સ્વરૂપે જનજીવનને અસ્તવ્યસ્ત કરી દીધું છે. ઉનાળાની શરૂઆતમાં જ અચાનક બદલાયેલા વાતાવરણ અને મધરાતે ત્રાટકેલા તોફાની વાવાઝોડા સાથેના વરસાદે શહેરના વીજ માળખાના લીરેલીરા ઉડાડી દીધા છે. જોરદાર પવનને કારણે શહેરના મુખ્ય ૨૧ વીજ ફીડરો એકાએક ઠપ્પ થઈ જતાં રાજકોટનો મોટો હિસ્સો અંધારપટમાં ગરકાવ થઈ ગયો હતો. મોડી રાત સુધી વીજળી ગુલ રહેતા લાખો નાગરિકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો અને PGVCLના કંટ્રોલ રૂમમાં ફરિયાદોનો જાણે ધોધ વછૂટ્યો હતો.

ગઈકાલે સાંજથી જ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો, પરંતુ રાત્રિના સમયે પવનની ગતિમાં અચાનક વધારો થતાં ધૂળની ડમરીઓ સાથે વરસાદ ત્રાટક્યો હતો. આ વાવાઝોડાની સૌથી વિપરીત અસર શહેરના વીજ પુરવઠા પર પડી હતી. રાજકોટ શહેરના મુખ્ય ત્રણ સબ ડિવિઝન HT-1, HT-2 અને HT-3 હેઠળ આવતા વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. પવનની તીવ્રતા એટલી વધારે હતી કે અનેક વિસ્તારોમાં હાઈટેન્શન લાઈનો પર જીવંત વીજ વાયરો તૂટી પડ્યા હતા, તો ક્યાંક મોટા વૃક્ષો અને ડાળીઓ વીજ લાઈનો પર પડતા થાંભલાઓ નમી ગયા હતા. આ કુદરતી આફતને કારણે શહેરના ૨૧ જેટલા ફીડરોમાં ટેકનિકલ ફોલ્ટ સર્જાયા હતા, જેને પરિણામે અડધું શહેર રાત્રિના સમયે અંધકારમય બની ગયું હતું.

વિગતવાર માહિતી મુજબ, HT-1 સબ ડિવિઝન હેઠળ આવતા નવદુર્ગા, થોરાળા, સત્યમ પાર્ક, વનરાજ, ધારેશ્વર અને નંદા હોલ ફીડરમાં પવનના કારણે ગંભીર નુકસાન થયું હતું. આ વિસ્તારોમાં મધ્યમ અને શ્રમિક વર્ગની વસ્તી વધુ હોવાથી અનેક લોકોએ ઉકળાટ અને અંધારામાં રાત પસાર કરવી પડી હતી. બીજી તરફ, HT-2 સબ ડિવિઝનમાં આવતા નિર્મલા રોડ, આમ્રપાલી, ઈન્કમ ટેક્સ, રવિ રત્ન, સેન્ટ્રલ જેલ અને ધરમ નગર જેવા પોશ અને રહેણાંક વિસ્તારોમાં પણ વીજ પુરવઠો સાવ ખોરવાઈ ગયો હતો. અહીંના રહીશોએ જણાવ્યું હતું કે, વરસાદ બંધ થયાના કલાકો પછી પણ વીજળી ન આવતા દૈનિક કામગીરી અટકી પડી હતી.

HT-3 સબ ડિવિઝનમાં પણ પરિસ્થિતિ ગંભીર રહી હતી. રણુજા, મુરલીધર, આગમન, શિવમ, સાઈ બાબા, અવધ, કટારીયા, અર્જુન અને આલાપ ફીડરમાં ફોલ્ટ સર્જાતા મોટાભાગના પરા વિસ્તારો અંધારામાં ડૂબેલા રહ્યા હતા. ડીસ્ટ્રીકના સૂત્રોના જણાવ્યા અનુસાર, વાવાઝોડા દરમિયાન લાઈનો પર જમ્પર ઉડી જવા અને ઈન્સ્યુલેટર પંચર થવાની ઘટનાઓ સૌથી વધુ બની હતી. પવન શમ્યા બાદ તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ ફોલ્ટની સંખ્યા એટલી મોટી હતી કે તમામ ફરિયાદોનો નિકાલ કરવામાં સ્ટાફ ટૂંકો પડ્યો હતો.

PGVCLના કંટ્રોલ રૂમમાં રાત્રિ દરમિયાન ૧૦૦૦થી વધુ ફરિયાદો નોંધાઈ હતી. ગ્રાહકોના ફોનનો સતત મારો રહેતા લાઈનમેનો અને એન્જિનિયરોની ટીમો રાતભર ફિલ્ડ પર દોડતી રહી હતી. જોકે, અનેક સ્થળોએ લાઈનો પર વૃક્ષો ધરાશાયી થયા હોવાથી જેસીબી અને અન્ય સાધનોની મદદ લેવી પડી હતી, જેના કારણે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં વિલંબ થયો હતો. મોડી રાત સુધીમાં મુખ્ય ફીડરો ચાલુ કરવામાં સફળતા મળી હતી, પરંતુ છૂટક વિસ્તારો અને સોસાયટીઓમાં સવાર સુધી વીજળી ગુલ રહી હતી. આ અણધાર્યા વરસાદે પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પણ પોલ ખોલી નાખી છે. હાલમાં તંત્ર દ્વારા બાકી રહેલા વિસ્તારોમાં વીજળી પહોંચાડવા માટે સઘન પ્રયાસો ચાલુ છે.

### નકલીએ તો માઝા મૂકી

# કોઠારીયા સોલવન્ટમાંથી મચ્છર મારવાની ડુપ્લીકેટ અગરબત્તી બનાવતું કારખાનું ઝડપાયું

**વર્ધમાન ઈન્ડ. એરીયામાં આવેલ ભગવતી એન્ટરપ્રાઈઝમાં દરોડો : શ્રી ડેંગ્યુ કિલર હર્બલ નામની અગરબત્તી કંપનીની ડુપ્લીકેટ સુપર ડેંગ્યુ કિલર હર્બલ અગરબત્તી બનતી'તી**

**અબતક,રાજકોટ**

હાલના આધુનિક સમયમાં જાણે નકલીની જ બોલબાલા હોય તેમ એક બાદ એક નકલી વસ્તુઓ પકડાઈ રહી છે. તાજેતરમાં નકલી દૂધના કૌભાંડનો પર્દાફાશ થયાં બાદ રાજકોટ જિલ્લામાંથી નકલી જંતુનાશક દવા બનાવતી ત્રણ ફેકટરી, એશીયન પેઈન્ટનો નકલી જથ્થો ઝડપાયા બાદ હવે કોઠારીયા સોલ્વન્ટમાંથી ડુપ્લીકેટ અગરબત્તી બનાવતું કારખાનું પકડાતા ચકચાર મચી ગઈ છે. વર્ધમાન ઈન્ડ. એરીયામાં આવેલ ભગવતી એન્ટરપ્રાઈઝમાં શ્રી ડેંગ્યુ કિલર હર્બલ નામની અગરબત્તી કંપનીની ડુપ્લીકેટ સુપર ડેંગ્યુ કિલર હર્બલ અગરબત્તી બનતી હોવાની કંપનીને જાણ થતાં પોલીસને સાથે રાખી દરોડો પાડ્યો હતો અને બે કારખાનેદાર સામે કોપી રાઈટ એકટ હેઠળ ગુનો નોંધ્યો હતો.બનાવ અંગે મહારાષ્ટ્રના થાણેમાં રહેતાં પ્રમોદભાઈ રવીભાઈ સોનાર (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રસિક સવજી સરધારા અને નારણ જસમત મારકણા (રહે. બંને દર્શન પાર્ક-૧, શેરી નંબર ૨, સાઈબાબા સર્કલ પાસે કોઠારીયા રોડ) નું નામ આપતાં આજીડેમ પોલીસે કોપીરાઈટ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

**આજીડેમ પોલીસે બે કારખાનેદાર સામે કોપીરાઈટ એકટ હેઠળ ગુનો નોંધ્યો**

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ પડધરીના ડુંગરકા ગામ ખાતે આવેલ શ્રી ઈસેન્સ સ્ટીક નામની અગરબતી બનાવતી કંપનીમાં ઈન્વેસ્ટીગેશન ઓફીસ તરીકે નોકરી કરે છે. શ્રી ઈસેન્સ સ્ટીકનું શ્રી ડેંગ્યુ કિલર હર્બલ ઈસેન્સ સ્ટીક નામની અગરબતીનુ કોઈ વ્યકિત ગેરકાયેદસર રીતે બનાવટ કે ઉત્પાદન કે વેચાણ કરે તો તેવા વ્યકિત ઉપર કાયદેસર કાર્યવાહી કરવા કંપનીના માલીક સંકેતભાઈ વિરજીભાઈ દેત્રોજાએ પાવર ઓફ એટર્ની દ્વારા સત્તા આપેલ છે.

કંપનીના જયદીપભાઈ ભટ્ટી પોતાની ફરજના ભાગ રૂપે કંપની વતી કોપીરાઈટ હકકોના ભંગ કરતા વેપારીઓ બાબતે રાજકોટ શહેર ખાતે તપાસમાં આવતા રાજકોટ કોઠારીયા સોલવન્ટ પ્લોટ નં.૩૨ આર.કે. પ્લાસ્ટીકની સામે વર્ધમાન ઈન્ડ. એરીયા કોઠારીયા ખાતે ભગવતી એન્ટરપ્રાઈઝ નામનુ કારખાનુ આવેલ હોય જે કારખાનામાં કંપનીની પ્રોકડટની ડુપ્લીકેટ પ્રોડકટનુ વેચાણ થાય છે તેવી હકીકત મળતાં ગઈકાલે ફરીયાદી સહિતના આધાર પુરાવાઓ સાથે આજીડેમ પોલીસ સ્ટેશનના પીઆઈને રૂબરૂ મળી જાણ કરી હતી.જે બાદ પોલીસની ટીમ સાથે કોઠારીયા સોલ્વન્ટ પ્લોટ નં.૩૨ આર.કે. પ્લાસ્ટીકની સામે વર્ધમાન ઈન્ડ. એરીયામાં આવેલ ભગવતી એન્ટરપ્રાઈઝ નામના કારખાનામાં દરોડો પાડ્યો હતો. કારખાનાના શેડમાં કારીગરો અગરબતી બોકસમાં મુકી પેકીંગ કરવાનુ કામ કરતા હોય બે વ્યકિતને કારખાના માલીક બાબતે પુછતા તેઓ કારખાનાના ભાગીદારો અને તેમનું નામ રસીક સવજી સરધારા (ઉ.વ.૫૦, ધંધો વેપાર) અને સાથેનાએ નારણ જસમત મારકણા (ઉ.વ.૬૦, ધંધો વેપાર) હોવાનુ જણાવેલ હતું.

જે બાદ કારખાના વાળા શેડમાં જોતા અલગ અલગ કારીગરો કોથળીમાં અગરબતી પેકીંગ કરી ને બોકસમાં મુકતા જોવામાં આવેલ જે બોકસની તપાસ કરતા શ્રી ડેંગ્યુ કિલર હર્બલ ઈસેન્સ સ્ટીકના બોકસ જેવા જ સુપર ડેંગ્યુ કિલર હર્બલ ઈન્સેન્સ સ્ટીકના નામ વાળા ડુપ્લીકેટ બોકસમાં પેકીંગ કરતા જોવામાં આવેલ હતાં. જેથી પોલીસે સુપર ડેંગ્યુ કિલર હર્બલ ઈન્સેન્સના ખાલી બોક્સ ૧૪૦૦ રૂ.૫૬૦૦, સીલીંગ મશીન નંગ-૧ રૂ. ૮ હજાર, પ્લાસ્ટકીની કોથળીમાં અગરબતી ભરેલ પેકેટ કૂલ નંગ-૪૮૦ રૂ.૧૨ હજાર મળી કુલ રૂ.૨૫૬૦૦ નો જથ્થો કબ્જે કરી આજીડેમ પોલીસે વધું તપાસ આદરી હતી.

# કોઠારિયા ગામે પુત્રના પ્રેમથી વ્યથિત માતાએ ફિનાઈલ પીધું

**પુત્ર યુવતી સાથે ભાગી જતાં આબરૂ જશે તેવા ડરથી વૃદ્ધાનો આપઘાતનો પ્રયાસ**

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારિયા ગામ પાસે રહેતા વૃદ્ધાએ પોતાના પુત્રના પ્રેમ પ્રકરણથી વ્યથિત થઈને ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. પુત્ર પોતાની જ માસીની દીકરી (પત્નીની બહેનની દીકરી) સાથે ભાગી જતાં પરિવારની આબરૂ જશે તેવા ટેન્શનમાં આવી જઈ માતાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું સામે આવ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, કોઠારિયા ગામ પાસે રહેતા અસ્મિતાબેન વાલજીભાઈ જાદવ (ઉં.વ. ૬૦) એ ગઈકાલે સાંજે આશરે સાતેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. હાલત બગડતા તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.અસ્મિતાબેનના પતિ વાલજીભાઈના જણાવ્યા અનુસાર, તેમનો પુત્ર જીતેન્દ્ર ગત તા. ૧૫ માર્ચના રોજ તેની માસીની દીકરી સાથે ભાગી ગયો છે. આ ઘટનાને પગલે પરિવારની આબરૂ જશે તેવા ટેન્શનમાં આવી જઈ આ પગલું ભર્યું હતું. ઉલ્લેખનીય છે કે, અસ્મિતાબેનના પતિ મારવાડી કોલેજમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવે છે. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સંતકબીર રોડ પર છકડાની ઠોકરે ઘવાયેલા રિક્ષાચાલકનું મોત

**૧૦ દિવસ પૂર્વે સર્જાયેલા અકસ્માતમાં પ્રોઢે સારવારમાં દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો**

**અબતક, રાજકોટ**

શહેરના સંતકબીર રોડ પર ૧૦ દિવસ પૂર્વે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ૫૨ વર્ષીય રિક્ષાચાલક પ્રૌઢનું ટૂંકી સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. અજાણ્યા છકડા ચાલકે રિક્ષાને અડફેટે લેતા સર્જાયેલા આ બનાવથી મૃતક હનીફભાઈના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબી રોડ પર આવેલી ગાંધીવસાહત સોસાયટીમાં રહેતા હનીફભાઈ જમાલભાઈ કારવા (ઉં.વ. ૫૨) ગત ૧૦ દિવસ પહેલા પોતાની રિક્ષા ચલાવીને સંતકબીર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન 'ધરાહર' શાકમાર્કેટ પાસે અજાણ્યા છકડા ચાલકે તેમની રિક્ષાને જોરદાર ઠોકર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં હનીફભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું ચાલુ સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક હનીફભાઈ રિક્ષા ચલાવીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેઓ ત્રણ ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. ઘટનાને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવને પગલે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી સ્થાનિક પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રેમલગ્ન કરનાર પતિની પરસ્ત્રી સાથે આંખ મળી ગઈ : પત્નીને માર મારી ખૂનની ધમકી આપી

**અન્ય સ્ત્રી સાથે સંબંધ ધરાવતા પતિએ ત્રણેક વર્ષથી શારીરિક-માનસિક યાતના આપવાનું શરૂ કર્યું'તું**

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતી પરિણીતાને પતિએ ઢીંકાપાટુનો માર માર્યો હતો. પ્રેમલગ્ન કરનાર પતિને પરસ્ત્રી સાથે પ્રેમસંબંધ બંધાઈ જતાં પતિએ ત્રણ વર્ષથી પત્નીને શારીરિક - માનસિક યાતના આપવાનું શરૂ કર્યું હતું. જે બાબતે બોલાચાલી થતાં પત્ની તેના બે બાળકો સાથે સાસુ-સસરા સાથે રહેવા ચાલી જતાં પતિએ ત્યાં ઘસી જઈ માર મારી છત પરથી ફેંકી મારી નાખવાની ધમકી આપતાં યુનિવર્સીટી પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રૈયાધાર ૧૩ માળીયા આવાસ ક્વાર્ટર નં.-૧૧૦૨ માં રહેતા ૩૯ વર્ષીય પરિણીતા ભારતીબેન દિનેશભાઈ પરમારએ આરોપી તરીકે પતિ દિનેશ નાથાભાઈ પરમાર(ઉવ ૩૯)નું નામ આપતાં જણાવ્યું હતું કે, અમારે સંતાનમાં એક દીકરી આનંદી (ઉ.વ.૧૫) તથા દીકરો સિદ્ધાર્થ (ઉ.વ-૧૨) છે. હું સિવિલ હોસ્પિટલ ખાતે હાઉસકીપિંગ સ્ટાફ તરીકે નોકરી કરું છું અને મારા પતિ કડિયા કામનો કોન્ટ્રાક્ટ રાખે છે. મારા પતિ દિનેશભાઈ મારા સગા ફઈના દીકરા થતા હોય જેથી અમે બંને એકબીજાના પરિચયમાં હોય અને પ્રેમ સંબંધમાં હોય જેથી સાથે રહેવાનું વિચાર્યું હતું. વર્ષ ૨૦૦૬ માં ફૂલહાર કર્યા બાદ બંને સાથે રહેતા હતા. જેથી અમારે બે બાળકો થયેલ હતા. બાદ વર્ષ ૨૦૧૪ માં અમારા બંને ઘરના સભ્યો દ્વારા મળી સમાજના રીતરિવાજ મુજબ અમારા બંનેના લગ્ન કરાવેલ હતા. છેલ્લા ૧૯ વર્ષથી અમે બંને પતિ-પત્નિ તરીકે સાથે રહીએ છીએ. હું તથા મારા બંને બાળકો છેલ્લા વિસેક દિવસથી મારા સાસુ-સસરા સાથે બી-વિંગ, બીજો માળ, ૨૦૩ નંબરના ક્વાર્ટર ખાતે રહું છું.

**પતિના ત્રાસથી કંટાળી સાસુ-સસરા સાથે રહેવા ચાલી ગયેલી પરિણીતાને ત્યાં જઈ ફરી માર માર્યો : ગુનો નોંધાયો**

પરિણીતાએ જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૮/૦૩/૨૦૨૬ ના રાત્રીના ૧૦/૩૦ વાગ્યાની આસપાસ હું મારા બંને બાળકો તથા સાસુ-સસરા સાથે બી વિંગ, બીજો માળ, ક્વાર્ટર નં-૨૦૩ ખાતે હતી. ત્યારે મારા પતિ ત્યાં આવેલ અને મને કહેલ કે, તું તથા બાળકો આપણા ઘરે ચાલો. જેથી મે કહેલ કે, તમે મને શારીરિક અને માનસિક ત્રાસ આપો છો જેથી મારે તમારી સાથે આવવું નથી. જે બાદ પતિએ ઉશ્કેરાઈને મને ગાળો આપવા લાગેલ હતો અને દરવાજા પર પાટા મારવા લાગેલ હતો. બાદ તે કહેવા લાગેલ કે, જો તું નહિ આવ તો તને ધાબા ઉપર લઈ જઈ નીચે ફેંકી મારી નાખીશ કહી મને ઢીંકાપાટુનો માર મારવા લાગેલ હતો. બાદ મને સાસુ - સસરા તથા બાળકોએ વધુ મારમાંથી બચાવેલ હતી. જે બાદ પતિ ત્યાંથી જતો રહેલ હતો બાદ મને શરીરે ધ્રુજારી થવા લાગેલ અને ચક્કર આવતા હું નીચે બેસી ગયેલ હતી. ત્યારબાદ મેં મારા સગા વ્હાલા સાથે વાત કરી પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કરેલ હતું.

વધુમાં ફરિયાદ નોંધાવતા પરિણીતાએ જણાવ્યું હતું કે, પતિ મને છેલ્લા ત્રણ વર્ષથી શારીરિક અને માનસિક યાતના આપે છે જેનું મુખ્ય કારણ મારા પતિને કોઈ સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોય જેની મને જાણ થતા તેઓ મને કહેતા કે, તારે આ બાબતે કોઈ દખલગીરી કરવી નહીં અને ચુપચાપ હું કહું એમ જ તારે કરવાનું રહેશે. જેથી વીસેક દિવસ પૂર્વે પતિ સાથે બોલાચાલી-ઝઘડો કરતા હોય અને મારી દીકરી આનંદીની ધો.-૧૦ ની પરીક્ષા હોય જેથી હું મારા સાસુ-સસરા સાથે રહેવા જતી રહેલ હતી જેનો ખાર રાખી પતિએ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. બનાવને પગલે યુનિવર્સીટી પોલિસેં પરિણીતાની રાવ પરથી ગુનો નોંધી પતિ વિરુદ્ધ કાર્યવાહી આદરી હતી.

# નામાંકીત તબીબના અંગત પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી લાખોની ખંડણીની માંગ

**મહિલા સ્ટાફ સાથેનો વીડિયો એક તબીબે જ કહેવાતા પત્રકારોને આપ્યાનો ધડાકો : બાદ ખંડણી મંગાવાનો સિલસિલો શરૂ થયો**

**અબતક, રાજકોટ**

શહેરના એક નામાંકિત તબીબનો મહિલા સ્ટાફ સાથેની અંગત વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી રૂ ૨૫ લાખની ખંડણીની માંગ કરાતા તબીબી ક્ષેત્રમાં ખળભળાટ મચી જવા પામી છે. ચાર કહેવાતા પત્રકારોએ તબીબ પાસે લખોની ખંડણી માંગતા સમગ્ર મામલો પોલિસ મથક સુધી પહોંચ્યો હતો. જે મામલે સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ગુનો નોંધવા તજવીજ હાથ ધરવામાં આવી છે. બીજી બાજુ પોલિસની પ્રાથમિક તપાસમાં તબીબનો અંગત પળોનો વિડીયો અન્ય એક તબીબે જ કથિત પત્રકારોની ટોળકીને આપ્યાનો ધડાકો થયો હતો. તબીબ પાસે માંગવામાં આવેલી ખંડણીની ઘટના અંગે વિશ્વસનીય પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રૈયા રોડ નજીક હોસ્પિટલ ધરાવી તબીબી પ્રેક્ટિસ કરતા એક તબીબે પોતાની હોસ્પિટલમાં ટૂંક સમય પહેલા જ સીસીટીવી કેમેરા ફિટ કરાવ્યાં હતાં. દરમિયાન થોડાંક સમય પહેલાં તેઓએ હોસ્પિટલના એક રૂમમાં અંગત પળો ગાળી રહ્યા હતા. તબીબના અંગત પળો સીસીટીવી ફૂટેજ કે મોબાઈલ દ્વારા શૂટિંગ કરી એક તબીબે ન્યૂડ વીડિયો ક્લિપ તૈયાર કરી ખેલ શરૂ કર્યો હતો.

**ચાર સોશિયલ મીડિયાના પત્રકારોએ વીડિયો વાયરલ નહિ કરવા ૨૫ લાખ માંગ્યા : તબીબની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ**

જે બાદ ન્યૂડ વિડીયો તૈયાર કરનાર તબીબ દ્વારા કથિત પત્રકારોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી આ સમગ્ર મામલામાં ચાર જેટલા કથિત પત્રકારોએ એન્ટ્રી કરી હતી. એક બાદ એક આ પત્રકારોએ તબીબને ડરાવ્યા હતા અને અલગ અલગ રીતે રૂ.૨૩ લાખથી રૂ.૨૫ લાખ સુધીની ખંડણી પણ મંગાઈ હતી. જો તેઓ માંગેલી રકમ નહીં ચૂકવે તો આ વીડિયો સોશિયલ મીડિયા અને ન્યૂઝ ચેનલોમાં વાયરલ કરી દેવામાં આવશે તેવી ધમકી આપી આરોપીઓએ લાખો રૂપિયાની માંગણી કરી અને તબીબ પર સતત માનસિક દબાણ બનાવ્યું હતું.જેથી અંતે કંટાળીને ભોગ બનનાર તબીબ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચની ટીમ પાસે પહોંચી પોતાની હકીકત વર્ણવી હતી. ત્યારે વાત સાંભળી પોલીસ પણ ચોંકી હતી અને તુરંત જ તપાસનો ધમધમાટ આદર્યો હતો. ત્યારે પોલીસ તપાસમાં પણ એક તબીબ અને ચારેક કથીત પત્રકારોની પણ સંડોવણી સામે આવતાં પોલીસે તુરંત જ બનાવ અંગે ખંડણી અંગે સાયબર ક્રાઈમમાં ગુનો દાખલ કરવાં તજવીજ આદરી આરોપીઓની પણ શોધખોળ આદરી હોવાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યાં છે.

# પત્નીના ભરણપોષણના ચુકાદાના ડરથી યુવાનનો આપઘાત

**છ વર્ષથી ચાલતા કૌટુંબિક વિખવાદ અને કોર્ટ કેસથી માનસિક તણાવમાં આવી યુવાને પગલું ભર્યું**

**અબતક, રાજકોટ**

જૂનાગઢના દોલતપરા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય યુવાને પત્ની સાથેના કૌટુંબિક વિખવાદ અને ભરણપોષણના કેસના સંભવિત ચુકાદાના ડરે એસિડ પી લેતા, સારવાર દરમિયાન રાજકોટની હોસ્પિટલમાં તેમનું મોત નિપજ્યું છે. છ વર્ષ જૂના કેસમાં ભરણપોષણની રકમ ચૂકવવી પડશે અથવા જેલ જવું પડશે તેવી ચિંતામાં આ આત્યંતિક પગલું ભર્યાનું જાણવા મળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢના દોલતપરાની સ્વામિનારાયણ સોસાયટીમાં રહેતા રમેશભાઈ મનસુખભાઈ જાદવ (ઉ. ૪૦) નામના યુવાને ગઈકાલે સાંજે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક જૂનાગઢ અને ત્યારબાદ વધુ સારવાર માટે બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં આજે ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રમેશભાઈ હીરા ઘસવાનું કામ કરી પોતાના માતા-પિતાનો ગુજરાન ચલાવતા હતા. રમેશભાઈના લગ્ન બાદ પત્ની હીનાબેન સાથે મનદુઃખ થતાં, તેઓ છેલ્લા છ વર્ષથી જેતપુર ખાતે પોતાના પિયરમાં રિસામણે હતા. પત્નીએ પતિ સહિત સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ તેમજ ભરણપોષણ (ખાધાખોરાકી)નો કેસ કર્યો હતો.આ કેસનો ચુકાદો આગામી દિવસોમાં ગમે ત્યારે આવે તેમ હતો. પરિવારજનોના જણાવ્યા અનુસાર, રમેશભાઈ લાંબા સમયથી આ કેસને લઈને માનસિક તણાવમાં હતા. તેમને સતત એ વાતનો ડર સતાવતો હતો કે જો ચુકાદો વિરુદ્ધમાં આવશે તો મોટી રકમ ચૂકવવી પડશે અથવા તો જેલના સળિયા પાછળ જવું પડશે. આ આર્થિક અને સામાજિક ચિંતામાં તેમણે અંતિમ પગલું ભરી લીધું હતું. રાજકોટ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગે જૂનાગઢ એ-ડિવિઝન પોલીસને જાણ કરતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# બેટી રામપરમાં સમાધાન બાદ વડીલ પર ત્રણ શખ્સોનો હુમલો

**પરિણીતા સાથેના સંબંધોની માથાકૂટમાં સમાધાનમાં ચા પાણી પીધા બાદ રસ્તામાં આંતરી વૃદ્ધને માર માર્યો**

**અબતક, રાજકોટ**

રાજકોટના બેટી રામપર ગામે પરણિત મહિલા સાથેના સંબંધોની આશંકાએ ચાલી રહેલી માથાકૂટમાં વડીલોની હાજરીમાં સમાધાન થયાના ગણતરીની મિનિટોમાં જ વૃદ્ધ પર હુમલો થવાની ઘટના સામે આવી છે. સમાધાનની બેઠક પૂરી કરી ઘરે પરત ફરી રહેલા ૬૦ વર્ષીય વૃદ્ધને રસ્તામાં આંતરી વેવાઈ પક્ષના શખ્સોએ માર મારતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.મળતી માહિતી મુજબ, બેટી રામપર ગામે રહેતા પ્રેમજીભાઈ ડાયાભાઈ ભટ્ટી (ઉ.વ. ૬૦) ના પરિવારના યુવાનને સામેવાળા પક્ષની પરણિત મહિલા સાથે પરિચય હતો. આ બાબતની જાણ થતા બંને પક્ષો વચ્ચે મનદુઃખ સર્જાયું હતું. ગઈકાલે સાંજે આ મામલે ગામના વડીલોની મધ્યસ્થીથી સમાધાન માટે બેઠક યોજાઈ હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર, બેઠકમાં બંને પક્ષો વચ્ચે ચર્ચા-વિચારણાના અંતે સમાધાન થઈ ગયું હતું અને બધાએ સાથે મળીને 'સમાધાનના ચા-પાણી' પણ પીધા હતા. જોકે, બેઠક પૂરી થયા બાદ જ્યારે બધા વિખેરાયા ત્યારે પ્રેમજીભાઈને પગમાં જૂની ઈજા હોવાથી તેઓ ધીમે ધીમે ચાલીને પાછળ આવતા હતા. આ તકનો લાભ લઈ વેવાઈ પક્ષના રણછોડ, કનિયા અને જલા નામના શખ્સોએ પાછળથી આવી પ્રેમજીભાઈ પર હુમલો કરી દીધો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે હોસ્પિટલ ચોકી દ્વારા સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવતા પોલીસે હુમલો કરનાર શખ્સો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


ચેટીચાંદ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...



જય જલદેવતા,
જય જ્યોતીસ્વરૂપ
અમર કુબેરોલાલ,
જય ઝુલેલાલ

જિતેશભાઈ પુનવાણી
GST એક્સપર્ટ
Mo. 98251 95157



**પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રિપ્સ લંબાવશે**

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | દોડવાનો દિવસ | લંબાવાશે |
|---|---|---|---|---|
| ૦૯૨૦૭ | બાંદ્રા ટર્મિનસ | ભાવનગર ટી. | શુક્રવાર | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૦૮ | ભાવનગર ટી. | બાંદ્રા ટર્મિનસ | ગુરૂવાર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૭ | બાંદ્રા ટર્મિનસ | વેરાવળ | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૮ | વેરાવળ | બાંદ્રા ટર્મિનસ | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| ૦૯૫૩૦ | ભાવનગર ટી. | ધોળા | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૫૨૯ | ધોળા | ભાવનગર ટી. | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૧૫ | ગાંધીગ્રામ | ભાવનગર ટી. | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૧૬ | ભાવનગર ટી. | ગાંધીગ્રામ | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |

સમય, વિરામો અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ઉપરોક્ત તમામ આરક્ષિત ટ્રેનોની વિસ્તૃત પ્રવાસોનું બુકિંગ ૨૦.૦૩.૨૦૨૬ થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કાલાવડ(શીતલા)**
**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટ યાર્ડ**
**જાહેર નોટીસ**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,કાલાવડના કાર્યક્ષેત્રના વિસ્તારમાં નિયંત્રીત ખેતપેદાશો જેવીકે અનાજ, કઠોળ, તેલીબીયા, મસાલા, કપાસ તેમજ શાકભાજી વિગેરેનો વેપાર કરતા / કરવા ઈચ્છતા સર્વેને જણાવવાનું કે

(૧) બજાર સમિતિ-કાલાવડનું સને ૨૦૨૫-૨૬નું વર્ષ તા.૩૧/૩/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે.
(૨) બજાર સમિતિ-કાલાવડનુ સને ૨૦૨૬/૨૭ નું વર્ષ તા.૧-૪-૨૦૨૬ થી શરુ થતું હોય, તા. ૩૧-૩-૨૦૨૬ પહેલા લાયસન્સ માટે અરજીઓ કરવાની રહેશે.
(૩) તા.૩૧-૩-૨૦૨૬ પછી અરજી કરનારની અરજી સ્વીકારવી કે કેમ? તે બજાર સમિતિના નિર્ણયને આધીન રહેશે.
(૪) અગાઉના વર્ષની બાકી રહેતી માર્કેટ ફી બજાર સમિતિની ઓફીસે, ઓફીસ સમય દરમ્યાન ભરી જવી ત્યાર બાદજ લાયસન્સ માટેની અરજી સ્વીકારવામાં આવશે.
(૫) સને ૨૦૨૬/૨૭ ની લાયસન્સ અરજી સાથે ગત વર્ષના (૨૦૨૫-૨૬) ના ચોપડા પત્રકો બતાવવાના રહેશે.
(૬) સહકારી સંસ્થાઓએ લાયસન્સ મેળવવાની અરજી સાથે ઠરાવની નકલ તથા ગત વર્ષના થયેલ ઓડીટની નકલ ફરજીયાત આપવાની રહેશે.
(૭) લાયસન્સ અરજી સાથે અરજી કરવાના વ્યકિત/ પેઢીએ પાસપોર્ટ સાઈઝના ફોટો- ૨, પાનકાર્ડની નકલ, આધારકાર્ડની નકલ, જીએસટી સર્ટી. તથા રહેઠાણના સરનામા અંગેના માન્ય પુરાવાની નકલ રજુ કરવાની રહેશે. તેમજ ધંધાના સ્થળના આધાર પુરાવા આપવાના રહેશે.તથા તોલમાપનુ પ્રમાણપત્ર, ફરજીયાત આપવાની રહેશે.
(૮) લાયસન્સ માટે નીયત નમુના મુજબના અરજી ફોર્મ બજાર સમિતિની ઓફીસેથી મળશે.
(૯) બજાર સમિતિની નિયંત્રીત ખેતપેદાશોનો લાયસન્સ વગર વેપાર કરતા ઈસમો સામે ગુજરાત ખેતઉત્પન્ન બજારધારા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
(૧૦) નવુ લાયસન્સ લેનાર વેપારીએ પોતાના લેટરપેડ ઉપર અરજી કરવાની રહેશે.
(૧૧) અધુરી વિગતવાળી લાયસન્સ અરજીઓના મંજુર કરવામાં આવશે.

રમણીકભાઈ જે.ગઘેથરીયા, સેક્રેટરીશ્રી
મૌલીકભાઈ ડી. નથવાણી, ચેરમેનશ્રી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કાલાવડ(શિતલા)**

તંત્રી લેખ

# કુદરત રૂઠી: આકાશી આફતે વેર્યો વિનાશ

સૌરાષ્ટ્રની ખેતી પ્રપર જાણે કે કોઈની નજર લાગી ગઈ હોય તેમ આસમાની આફતોથી વારંવાર જગતતાતને પીડાદાયી પરિસ્થિતિમાં મુકાવવું પડે છે.

વરસાદ ખેડૂત અને ખેતી માટે હંમેશા ‘‘ભેરુ‘‘ ગણાય છે પરંતુ હવે માવઠાના વરસાદ જગતાત માટે ‘‘વેરી‘‘ બનીને ત્રાટકે છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એકાએક પલટાયેલા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદની ગઈકાલે આવેલી આફત ખેતી અને ખેડૂત માટે તમામ રીતે નુકસાનકારક બનીને ત્રાટકી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ના કારણે રાજ્યમાં ગાજવીજ અને ભારે પવન અને કરા સાથે પડેલા વરસાદથી ઊભા શિયાળુ પાક,ઘઉં શાકભાજી બાગાયતી પાકને વ્યાપક નુકસાનની સાથે સાથે અનેક વિસ્તારોમાં વૃક્ષો વીજળી પોલ અને સોલાર પેનલોનું કચ્ચરઘાણ વાળી દીધો છે.અનેક જગ્યાએ લણણી માટે તૈયાર પાક પર આ આફત મારે ઘાતક પુરવાર થઈ છે.મોંઘા ભાવનું બિયારણ, ખાતર, મહેનતના ફળ મેળવવા ટાણેજ થયેલું આ માવઠું ખેડૂતો માટે મોઢે આવેલો કોળિયો ઝૂંટવી લેનારો સાબિત થયો છે,

માર્ચ મહિનામાં ગરમીની સિઝનમાં એકાએક કરા સાથે ખાબકેલા વરસાદથી ઊભા મોલ ની સાથે સાથે કેરી ના પાકને મોટું નુકસાન થયું છે, જોકે હવામાન વિભાગે અગાઉથી માવઠાની શક્યતા અંગે આગાહી આપી દીધી હતી, ખેડૂતોએ યાડમાં મોકલવા ની તૈયાર જણસ ને સલામત સ્થળે રાખવામાં ચીવટ રાખો હતી પરંતુ ખેતરમાં ઊભા મોલ અને બગીચાની કેરીઓની સુરક્ષા શક્ય નથી, વરસાદઅને વાવાઝોડું આવ્યું ત્યારે ખેડૂતોને કુદરતની આ થપાટ મૂંગે મોઢે સહન કરવા સિવાય કોઈ છૂટકો રહ્યો ન હતો, હજુ ત્રણ દિવસ સુધી વરસાદી માહોલની આગાહી છે,ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, વાવ-થરાડ માંઊભા શિયાળુ પાક ઘઉં, શાકભાજી, બાગાયતી પાકને ભારે નુકસાનસાથેવૃક્ષો ઉખડ્યા,સૌરાષ્ટ્ર-કચ્છ નારાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, દેવભૂમિ દ્વારકા, કચ્છ માં પણ માવઠાના વરસાદથી ઉભા મોલ અને તૈયાર જણસીને મોટું નુકસાન થયું છે

કુદરતી આફત સામે કાળા માથાનો માનવી લાચાર ગણાય, અલબત્ત આજના ટેકનોલોજીના યુગમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવતી આગાહી ને ધ્યાને આગોતરું આયોજન થાય તો નુકસાનીમાં ઘટાડો શક્ય છે. વળી આજના બદલતા જતા હવામાન અને ગ્લોબલ વોર્મિંગના કારણે ખેતી અને ખેડૂતો માટે હવે પાકની પસંદગી ની કોઠાસૂઝ અનિવાર્ય બની છે જોકે કવેળા નો વરસાદ ક્યારે ય લાભકારક થતો જ નથી તે ગઈકાલના પાવઠાએ ફરી એકવાર સાબિત કરી દીધું છે.

# નમ્રમુનિ મ.સ. સાનિધ્યમાં આયંબિલ ઓળી પર્વએ અનુષ્ઠાન સાથે હજારો ભાવિકો કરશે આરાધના

## નવ દિવસ દરમ્યાન ધ્યાન સાધના, બોધ પ્રવચન આત્મહિતની પ્રેરણા આપતા પ્રયોગો સોધ્યા ભકિત સહિતના કાર્યક્રમ

**અબતક, રાજકોટ**

રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંત - સતીજીઓના સાંનિધ્યે અનોખા આયોજન સાથે ભારતના વિવિધ ક્ષેત્રોમાં ઉજવાશે આયંબિલ ઓળી પર્વ

મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ભારતમાં નવ દિવસના પર્વ દરમ્યાન ’મિની પર્યુષણ’ જેવા માહોલમાંતપ- ત્યાગ અને ભક્તિભાવનાના અનેરા અનુષ્ઠાન સાથે હજારો ભાવિકોને પર્વની આરાધના કરાવવામાં આવશે

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંત- સતીજીઓના સાંનિધ્યે મુંબઈ, ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ભારતના ક્ષેત્રોમા તપ - ત્યાગ સાધના, આરાધના અને ભક્તિ ભાવના અનેરા આયોજન સાથે આગામી આયંબિલ ઓળી પર્વની આરાધના કરાવવામાં આવશે.

ઉલ્લેખનીયછેકે, જૈન દર્શનમા જે પર્વનું અનેરું મહત્વ દર્શાવવામાં આવ્યું છે એવા ’મિનીપર્યુષણ’ તરીકે ઓળખાતા નવ દિવસના આયંબિલ ઓળી પર્વમાં શ્રદ્ધાવંત ભાવિકો દિવસમાં માત્ર એક વારરસ - કસ વિનાના લૂખા - સૂકા બાફેલા અનાજ સાથેનું રૂક્ષ ભોજન કરવાની આરાધના કરીને આત્મ શુદ્ધિ કરતાં હોય છે, ત્યારે આ પર્વ દરમ્યાન રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ તેમજ તેમના આજ્ઞાનુવર્તી સંત- સતીજીઓના સાંનિધ્યે વિવિધ



ક્ષેત્રના હજારો ભાવિકોને પર્વની આરાધના કરાવવામાં આવશે.

પર્વના નવ દિવસ દરમ્યાન વહેલી સવારનીધ્યાનસાધના, બોધપ્રવચન, આત્મહિતની પ્રેરણા આપતાં પ્રયોગો, સંધ્યાભક્તિ, રસપ્રદ ક્વિઝ અને બાળકો માટેની વિશિષ્ટ આયંબિલ આરાધનાની સાથે ભગવાન મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવના અનેરા આયોજન કરવામાં આવ્યાં છે. જેના અંતર્ગત મુંબઈના પાવન ધામ- કાંદિવલીમાં રાષ્ટ્રસંત પરમ ગુરુદેવતેમજ સંબોધિજી મહાસતીજી આદિસતિ વૃંદના સાંનિધ્યે પર્વની આરાધનાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

એ સાથે જ, વર્ધમાન સ્થા. જૈનસંઘ, કામાગલીના આંગણ વિરલ પ્રજ્ઞા વીરમતી બાઈ મહાસતીજી આદિઠાણા-૫, વર્ધમાન સ્થા. જૈનસંઘ, દહાણુ કરવાડીના આંગણે ડોલરબાઈ મહાસતીજી આદિ ઠાણા-૨, પાવનધામ - બરોડાના આંગણે પરમસૌમ્યાજી મહાસતીજી આદિ ઠાણા ૪, દક્ષિણ ભારતના ચેન્નઈ ક્ષેત્રમા ગુજરાતી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન અસોસીએશનસી. યુ. શાહ ભવનમાં પરમ સમાધિજી મહાસતીજી આદિ ઠાણા-૫, સૌરાષ્ટ્રના ગાદીના ગામ ગોંડલમાં ગોંડલ નવાગઢ સ્થાનકવાસી જૈનસંઘના આંગણે પરમદિવ્યતાજી મહાસતીજી આદિઠાણા - ૪, જેતપુર સ્થાનકવાસી જૈન સંઘના આંગણે પરમઅનન્યાજી મહાસતીજી આદિ ઠાણા - ૪, મહાવીર સ્થાનકવાસી જૈન સંઘ - ડોંબિવલીના આંગણે પરમઋષિતાજી મહાસતીજી આદિ ઠાણા - ૪, તેમજ પારસધામ - ઘાટકોપરના આંગણેપ પરમસમ્યકતાજી મહાસતીજી આદિ ઠાણા - ૫ના સાંનિધ્યે પર્વ આરાધનાના કલ્યાણકારી આયોજન કરવામાં આવ્યાં છે.

સદભાગ્યે ગુરુ ભગવંત તેમજ સતીવૃંદના સાંનિધ્યે પ્રાપ્ત થએલા પર્વની આરાધના કરવાના આ અવસરનો લાભ લઈને ધન્ય બનવા દરેક ધર્મપ્રેમી ભાવિકોને સંઘો તરફથી ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે.

## ચકલી બાળપણની યાદોને તાજી કરતું પક્ષી

# વિશ્વ ચકલી દિન નિમિતે હજારો લોકો દ્વારા ચકલી બચાવો અભિયાન

**અબતક, રાજકોટ**

ચકલી એટલે નાના બાળકોનું પ્રિય પક્ષી અને બાળપણની યાદોને તાજી કરતું પક્ષી. જો કે આજના સમયમાં એ જ ચકલી કોન્ક્રીટના જંગલમાં ખોવાઈ ગઈ છે. વર્ષ ૨૦૨૬ની વિશ્વ ચકલી દિવસની થીમ ‘‘Save Sparrows, Save Environment‘‘ છે.

તારો વૈભવ રંગમોલ સોનું, ને ચાકર ધાડું, મારે ફળિયે ચકલી બેસે, તે મારું રજવાડું કવિતાના રચિયતા રમેશભાઈ પારેખ માનવ જીવનમાં ચકલીના મહત્વ વિશે સમજાવે છે.

તા.૨૦ માર્ચના રોજ વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવાની શરૂઆત શ્રી મોહમ્મદ દિલાવરે કરી છે. જેઓ મહારાષ્ટ્ર રાજ્યના વતની અને વ્યાપારી પેઢી ધરાવતાં પરિવારમાંથી હોવા




છતાં માનવજીવન માટે ચકલીના મહત્વને સમજીને ચકલીના સંરક્ષણ માટે તેઓએ પોતાનું જીવન ખપાવ્યું છે.

ભારતમાં, ચકલી સહિયારા ઈતિહાસ અને સંસ્કૃતિનું પ્રતીક છે. હિન્દીમાં ‘‘ગોરૈયા‘‘, તમિલમાં ‘‘કુરુવી‘‘ અને ઉર્દૂમાં ‘‘ચિર્યા‘‘ જેવા વિવિધ નામોથી જાણીતી ચકલીઓ પેઢીઓથી દૈનિક જીવનનો એક ભાગ રહી છે. વિશ્વભરમાં ચકલીની ચાલીસથી વધુ પ્રજાતિ છે. જેમાં હાઉસ સ્પેરો, સ્પેનીશ સ્પેરો, સિંડ સ્પેરો, ડેડ સી સ્પેરો, ટ્રી સ્પેરો તેમજ વિવિધ દેશના વાતાવરણ પ્રમાણે જોવા મળતી સોમાલી, પિંકબેક, લાગો, સહિતની પ્રજાતિઓ જોવા મળે છે. ચકલી તેના ખુશખુશાલ ગીતોથી વાતાવરણને સુમધુર કરી દે છે.

આ ઉપરાંત ચકલી બચાવો અભિયાન થકી રાજ્યના અનેક જિલ્લાઓમાં ચકલીના માળાઓ, પાણી માટે કુંડાઓનું વિતરણ અને બાજરી અથવા કણકીના દાણાની વ્યવસ્થા કરવામાં આવે છે. ત્યારે, ચાલો આપણે સૌ આ ચકલી દિવસ નિમિત્તે ચકલી સંરક્ષણ માટે કટિબદ્ધ થઈએ.

# ગુડી પડવા નિમિતે ભગવાન સ્વામિનારાયણને લીમડાના રસથી અભિષેક કરાયો

**અબતક, રાજકોટ**

ગુડી પડવાના પવિત્ર દિવસે ગુરુકુલમાં ભગવાન સ્વામિનારાયણને લીમડાના રસથી અભિષેક કરાયો હતો. વિદ્યાર્થીઓએ તથા હરિભક્તોએ કડવા લીમડાના રસનું પાન કર્યું હતુ.

રોગી પીવે તો નિરોગી થાય અને નિરોગી પીવે તો રોગી ન થાય એવો ગુણ કડવા લીમડાના રસમાં છે એમ વેડરોડ સ્વામિનારાયણ ગુરુકુલ સુરત ખાતે પ્રભુ સ્વામીએ હરિભકતો તથા વિદ્યાર્થીઓને પ્રવચન આપ્યું હતુ તેમણે કહ્યું હતું કે આયુર્વેદની દ્રષ્ટિએ લીમડો ધરતી પરનું કલ્પવૃક્ષ છે. લીમડો સ્વાદે કડવો પણ ગુણમાં મીઠો હોવાથી એના અનેક ગુણો ગવાયેલા છે.





## સંતોએ હરિભકતો તથા વિદ્યાર્થીઓને કડવા રસનું પાન કરાવ્યું

ચૈત્ર મહિનાના પ્રારંભે ઋષિમુનિઓએ કડવા લીમડાનો રસ કે તેના કુણાં પાદડા અથવા લીમડે આવેલ મોરમાં મરી તથા પ્રમાણસર થોડુ સિંધવ મીઠું નાંખી પીવાનું કહ્યું છે. આ રસ ૩૦ દિવસ સુધી રોજ પીવામાં આવે તો આખા ઉનાળાનો સંતાપ સતાવતો નથી. તેમજ કોઈપણ ગરમીની વ્યાધિઓ થતી નથી. રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. મચ્છરો મારવા તેનો ધુમાડો કરવામાં આવે છે. ઘરમાં ઓરી અછબડા થાય તો લીમડાની ડાળી ઘરના બારણે બાંધવામાં આવે છે.

લીમડાનો રસ કેવી રીતે તૈયાર કરાયો ? તેમ પૂછતાં શ્રી પ્રભુસ્વામીએ કહ્યું હતું કે પ્રથમ લીમડાના પાંદડાઓને સાધારણ ગરમ પાણીએ ધોવા. જેથી તેના પર પડેલી રજ કે જીવાંત દૂર થઈ જાય. ધોઈને પછીથી તેનો ગ્રાઈન્ડરથી રસ બનાવવો. ઠરી ગયા પછી તેમાં મરી તથા યોગ્ય પ્રમાણમાં સિંધવ મીઠું નાંખવું. ગોળ પણ થોડાક નાંખી શકાય. ઘાટુ પાતળું જે પ્રમાણે પોતાને અનુકુળ આવે તેવું રાખીને પાન કરવું. ગુરુકુલના મહંત સ્વામી ધર્મવલ્લભદાસજી સ્વામી તથા પ્રભુ સ્વામી, શ્વેતવૈકુઠ સ્વામી, ભક્તિતનય સ્વામી, વગેરે સંતોએ ભગવાન સ્વામિનારાયણ નીલકંઠ પ્રભુને વહેલી સવારે કડવા લીમડાના રસથી અભિષેક કરી ગુડી પડવાનું સ્વાગત કર્યું હતું. સ્વામિનારાયણ ગુરુકુલ વેડરોડ સુરતમાં સંતોએ હરિભક્તો તથા વિદ્યાર્થીઓને કડવા રસનું પાન કરાવ્યું હતું.

# જૈન અગ્રગણ્ય યોગેશભાઈ શાહનો જન્મદિવસ



જૈન અગ્રણી યોગેશભાઈ શાહનો આજે જન્મદિવસ છે. તેઓ છેલ્લા ૪૫-૪૭ વર્ષથી રાજકોટ મહાજનની પાંજરાપોળ સાથે જોડાયેલ છે. જેમ મોરનાં ઈંડાને ચીતરવા ના પડે તેમ, તેમનાં પિતાનાં જીવદયાનાં સંસ્કાર યોગેશભાઈની રગેરગમાં આવેલ છે. તેઓ પોતાના જીવનાં જોખમે, કસાયો સાથે લડીને અનેક જીવોને કતલખાને જતા બચાવે છે અને તેને અભયદાન અપાવે છે અને પાંજરાપોળમાં નિઃસ્વાર્થ ભાવે સેવા આપી રહેલ છે. સમગ્ર વિશ્વમાં જ્યારે કોરોનાની મહામારી ચાલી રહી હતી અને લોકડાઉનની પરિસ્થિતિ સર્જાણી હતી ત્યારે લોકો ઘરની બહાર નીકળતા ન હતા અને એવા સમયમાં યોગેશભાઈ નિયમિતરૂપે પાંજરાપોળ જતા અને દરેક જીવોનું ધ્યાન રાખતા. પાંજરાપોળમાં બીમાર પશુઓનાં વોર્ડમાં જઈને તેની સંભાળ પણ લ્યે અને ધર્મ સંભળાવી તેની અંતિમ ઘડીઓ સુધારે. આ ઉપરાંત રાજકોટ સ્થાનકવાસી જૈન મોટા સંઘમાં નગીનભાઈ વિરાણી સાથે વર્ષો સુધી હોદા પર રહી માનદ સેવા આપેલ છે. હાલમાં સ્વધર્મી બંધુ રાહત સમિતિમાં તેમજ ઋષભદેવ સ્થાનકવાસી જૈન સંઘમાં માનદ સેવા આપી રહેલ છે. આ સિવાય બીજી અનેક જૈન ધાર્મિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલ છે. મિત્રવર્તુળ તરફથી યોગેશભાઈ શાહને ૮૯૦૫૧૦૩૫૧૦ ઉપર ભારોભાર શુભેચ્છા પાઠવેલ છે.

# ક્રાંતિવીરોના બલિદાનને બિરદાવવા રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ઈવેન્ટ કાસ્ટ પ્રા.લી. દ્વારા રવિવારે મહારકતદાન કેમ્પ


**અબતક, રાજકોટ**

રાજકોટ સિવીલ હોસ્પિટલના જરુરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવા શુભઆશયથી શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી, ઈન્વેન્ટ કાસ્ટ પ્રાઈવેટ લી. દ્વારા શહીદ દિવસના પૂર્વ દિવસે ભારત દેશની આઝાદીના ક્રાંચિવીરો ભગતસિંહ, શિવરામ રાજગુરુ અને સુખદેવ થાવરના અસાધારણ સાહસ અને બલિદાનને સન્માનવા અને ક્રાંતિવીરને શ્રદ્ધાંજલી અર્પણ કરવા તા. ૨૨-૩ ને રવિવાર સવારે ૯થી ૧ વાગ્યા સુધી ઈન્વેન્ટ કાસ્ટ પ્રાઈવેટ લી. પ્લોટ નં. જી-૫૬૧ લોધીકા, જીઆઈડીસી મેટોડા, રાજકોટ ખાત મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પમાં નાથાભાઈ અરજણભાઈ સંખારવા, ડો. એન.એન. સંખારવા, પ્રવિણભાઈ નાથાભાઈ સંખારવા, રમેશભાઈ નાથાભાઈ સંખારવા, હસમુખભાઈ નાથાભાઈ સંખારવા, રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણી, રાજકોટ સિવીલ બ્લડ બેંકના એમ.ડી. પેથોલોજીસ્ટ ડોકટર્સની ટીમ માનવ સેવા આપશે. રકતદાતાઓને બહોળી સંખ્યામાં રકતદાન કરવા વિનંતી કરવામાં આવી રહી છે.

# હેપી મેરેજ બ્યુરોવાળા જીવદયાપ્રેમી હીંમાશુભાઈ ચીનોયનો જન્મદિવસ

હેપી મેરેજ બ્યુરોનાં હીંમાશુભાઈ ચીનોય તથા જીવદયા ગ્રુપનાં જીવદયા કાર્યકર હીમાંશુભાઈ ચીનોય આજે વિશ્વ ચકલી ડેનાં દિવસે જીવદયા કાર્ય કરી જન્મદિવસ ઉજવનાર છે. જેમાં જીવદયા કાર્ય કીડીયારૂં, ખીસકોલીઓને મકાઈના ડોડા, કબૂતરને ચણ, શ્વાનોને રોટલી તેમજ ઝૂંપડપટ્ટીના બાળકોને ભોજન કરાવી પુણ્યનું ભાથુ બાંધશે. મધ્યમવર્ગના વ્યક્તિઓ માટે ટૂંક સમયમાં જ હીમાંશુભાઈ ચીનોય દ્વારા નિશુલ્ક મેરેજ બ્યુરો ચાલુ કરવાનો જન્મદિવસ નાં દિવસે સંકલ્પ લેવામાં આવનાર છે. સમગ્ર ભારતભર અને ગુજરાત માટે ગૌરવ



સન્માન કહી શકાય તેવું કે એકમાત્ર રાજકોટમાં છેલ્લા ૫૩ વર્ષથી ચાલતુ હેપી મેરજ બ્યુરો ચલાવી રહ્યા છે. પિતાનાં અવસાન બાદ ૧૯૮૪ બાદ અવિરત પણે આ મેરેજ બ્યુરોમાં કામ કરી રહ્યા છે. નાત જાતના ભેદભાવ વગર દીકરીઓનાં આણા માટે ગુપ્ત રીતે હીમાંશુભાઈ ગ્રુપ સર્કલ દ્વારા વ્યવસ્થા કરી તેમનાં આશીર્વાદ મેળવવામાં આવ્યા છે. સાત હનુમાન મંદિરમાં પણ સેવા આપી રહ્યા છે. રાજકોટની ગૌશાળાઓમાં અનેક વખત લીલુ ઘાસ, શાકભાજી અર્પણ કરવામાં આવેલ છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને એનીમલ હેલ્પલાઈન સંસ્થાઓમાં પણ તેમનાં દ્વારા એક યા બીજી રીતે સહકાર પૂરો પાડવામાં આવી રહ્યો છે. આ શુભદીને તેમનાં મિત્રવર્તુળ તથા વડીલવર્ગ તરફથી હીમાંશુભાઈ ચીનોયનાં મોબાઈલ નંબર ૯૮૯૮૦૩૨૬૦૦ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.


# સંસ્કૃતિ, શ્રધ્ધા અને એક્તાના પર્વ ચેટીચાંદની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

## સિંધી સમાજનું નવું વર્ષ એટલે ચેટી ચાંદ આપણને પોતાના મૂળ સંસ્કાર સાથે જોડાઈ એક્તાને મજબૂત બનાવવાનો સંદેશ આપે છે

**અબતક, રાજકોટ**

રાજકોટ ધારાસભ્ય ઉદય કાનગડએ સિંધી સમાજના સર્વે ભાઈ-બહેનોને ચેટી ચાંદના પાવન પર્વની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ચેટી ચાંદ સિંધી સમુદાયનો સૌથી મોટો અને પવિત્ર તહેવાર છે, .

એક હજાર વર્ષ પહેલા સિંધ પ્રદેશમાં મોગલ બાદશાહ મિર્ખશાહના શાસનમાં હિંદુઓ પર અત્યાચાર વધતા તેમને જબરજસ્તી ધર્મ પરિવર્તનનો કરવાનું ફરમાન કરવામાં આવ્યું ત્યારે હિંદુઓએ પોતાના ધર્મની રક્ષા માટે



ઉપવાસ કરી દરિયા કિનારે ઈશ્વર પ્રાર્થના કરી. તેમની ભકિતથી પ્રસન્ન થઈ દરિયામાંથી ઝુલેલાલ (દરિયાલાલ) પ્રગટ થયા અને આકાશવાણી કરી કે અધર્મનો અંત નજીકમાં જ છે. થોડા સમયમાં સિંધના નસરપુર ગામે પિતા રતનરાય અને માતા દેવકીના ઘરે ચૈત્ર બીજ, સવંત ૯૫૧ ના રોજ ઉદયરામ નામે એક દિવ્ય બાળકનો જન્મ થયો. આ બાળકએ પોતાના ચમત્કારોથી બાદશાહ મિર્ખશાહને પણ પ્રભાવિત કર્યો અને અંતે બાદશાહએ શરણાગતિ સ્વીકારી.

આમ ચેટીચાંદ માત્ર એક તહેવાર નથી, પરંતુ આ દિવસ આપણને સદાચાર, સહિષ્ણુતા અને ભાઈચારા તેમ જણાવી ધારાસભ્ય ઉદયભાઈએ શુભેચ્છા પાઠવી છે.

# કૃષ્ણનગર રોડ લાઈટ રીપેરીંગ વેળાએ ગેસની લાઈનમાં લીકેજ





## તમામ વિભાગના સંકલનથી યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે ભારે પવન સાથે વરસેલા માવઠાને કારણે શહેરમાં અનેક વિસ્તારોમાં વૃક્ષો પડ્યા હતા. લાઈટ પણ ગુલ થઈ હતી. શહેરના વોર્ડ નંબર ૧૩ માં કૃષ્ણનગર મેઈન રોડ પર પીજીવીસીએલની કામગીરી દરમિયાન ગેસ લાઈન લીકેજ થઈ હતી સતર્કતાને કારણે દુર્ઘટના ટળી હતી. તાત્કાલિક કોર્પોરેશનની ગાર્ડન શાખાના કર્મચારીઓ તેમજ પી.જી.વી,સી.એલના કર્મચારીઓ તેમજ ગુજરાત ગેસના કર્મચારીઓ સતત ખડે પગે રહી રસતો બ્લોક થયેલ તે ખુલ્લો કરી લોકોને અવરજવરમાં તકલીફ ના પડે તેવા હેતુથી સુંદર કામગીરી કરી હતી.

# જલારામ ટ્રસ્ટ દ્વારા મહિલા વિંગમાં સભ્ય બનવા માટે વિશેષ યોજના

## સભ્ય બનનાર મહિલાને ૧૨ મહિના સુધી અલગ અલગ ૬ કાર્યક્રમો અપાશે

**અબતક, રાજકોટ**

જલારામ ભકિતધામ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી લોકોની સેવામાં અલગ અલગ પ્રવૃતિ કરવામાં આવે છે. જેમાં રાજકોટમાં રહેતા બહેનો માટે એક અલગ સમીતી રચવામાં આવેલ છે. જેમાં સભ્ય બનનાર બહેનોને ૧૨ માસ દરમ્યાન અલગ અલગ ૬ ફિકસ પ્રોગ્રામો આપવામાં આવશે. જેમાં બહેનોને અલગ અલગ રમતો સ્પર્ધાઓ કલાસીઝ તેમજ સંગીત સ્પર્ધા ત્યાં ગુજરાતી નાટકો બતાવવામાં આવશે. કોઈપણ માસથી સભ્ય બની શકાય છે. તેમજ ૫૦ વર્ષથી ઉપરના કોઈપણ ભાઈ-બહેનો માટે સીનીયર સીટીઝન યોજનાની રચના કરવામાં આવેલ છે. જેમાં ધાર્મિક અંતાક્ષરી, ધાર્મિ પ્રવાસ, સ્નેહ મીલન, જન્મ દિવસ ઉજવણી જેવા અનેક કાર્યક્રમોની સાથે કરાઓ કે, સંગીત સ્પર્ધા સમુહ ભોજન જેવા કાર્યક્રમો ૧૨ માસ દરમ્યાન આપવામાં આવશે. ઉપરોકત બન્ને સમીતીમાં સભ્ય નોંધણી ચાલુ છે. કોઈપણ માસથી સભ્ય બની શકાય છે. વધુ વિગત માટે સંપર્ક કરશો વિમલાબેન ખાખરા મો. નં. ૯૪૨૮૨ ૫૬૧૭૫, અમીબેન ખાખરા મો. નં. ૯૭૨૭૧ ૩૫૯૩૮, નીતાબેન કામદાર મો. નં. ૮૦૦૦૩ ૮૦૩૬૯ પર સંપર્ક સાધવા અનુરોધ કરાયો છે.

# અમદાવાદમાં આઈટીના દરોડા:એક સાથે ૨૦ સ્થળોએ તપાસ

## મયુર ડાયકેમના માલિક, તેના ભાગીદારોના નિવાસસ્થાન, ઓફિસમાં આઈટીની ટીમ તપાસ માટે પહોંચી, કરચોરોમાં ફફડાટ

અબતક રાજકોટ

માર્ચ મહિનો પૂરો થવાને આડે હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે. ત્યારે ટાર્ગેટ પૂરો કરવા માટે આવકવેરા વિભાગે કમર કસી છે. અમદાવાદમાં મયુર ડાયમેકના માલિક મયુર પટેલ અને તેના ભાગીદારની ઓફિસ, નિવાસ સ્થાને આવકવેરાની ટિમ તપાસ માટે પોંહચી હતી. આ તપાસ લાંબી ચાલે તેવી શક્યતાઓ આઈ ટી વિભાગના અધિકારીઓએ વ્યક્ત કરી છે.

આ અંગે આવકવેરાના અધિકારીઓ ના જણાવ્યાંનુસાર આ ઑપરેશન અમદાવાદની ટિમ દ્વારા પાર પાડવામાં આવ્યું છે. જે માટે અલગ અલગ ટીમની રચના કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર મયુર ડાયકેમ ગ્રુપ કેમિકલ ના વ્યવસાય સાથે શકળાયેલું છે.અને વટવામાં તેની ઓફીસ આવેલી છેમયુર પટેલની સાથે સુજલ પટેલ ને ત્યાં પણ તપાસ કરવામાં આવી છે.કુલ ૨૦ સ્થળોએ તપાસ કરાઈ છે. જેને ત્યાં તપાસ હાથ ધરવામાં આવી છે તેના ખરીદ વેચાણના વ્યવહારો, આવક જાવકના હિસાબો સહીતના દસ્તાવેજ વગેરે કબ્જે લેવામાં આવ્યા છે. જો કે મોટા પ્રમાણમાં ટેક્સ ચોરી ઝડપાય તેવી સભાવના અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે. તેમજ જરૂર બેન્ક વ્યવહાર પણ ચકસવામાં આવશે. હાલ માર્ચ મહિનો પૂરો થવાની તૈયારીમાં છે. ત્યારે આઈ ટી વિભાગ ને આપેલો ટાર્ગેટ પૂર્ણ થાય એ માટે આવકવેરા વિભાગને જે ભરવા પાત્ર ટેક્સ છે એ ભરપાઈ નથી કર્યો એવા લોકોનું લિસ્ટ તૈયાર કરીને તેમને ત્યાં તપાસ હાથ ધરવામાં આવશે.

તેમજ બાકી ટેક્સની પણ વસુલાત કરવામાં આવશે. જો ચોપડાકીય તપાસ માં કોઈને ત્યાંથી ટેક્સ ચોરી ઝડપાશે તો તેઓને ત્યાં દરોડા સહીતની કાર્યવાહી કરવામાં આવશે. તેમ આવકવેરાના અધિકારીઓએ જણાવ્યું છે.

### મયુર ડાયમેકના ધંધાકીય વ્યવહારો દેશભરમાં પાથરાયેલા છે:નાના મોટા ધંધાર્થીઓ પણ ઝપટે ચડે તેવી સભાવના

મયુર ડાયમેકના ધન્ધાકીય વ્યવહારો દેશભરમાં પાથરાયેલા છે. જો કે આ તપાસમાં રાજકોટ, સોરાષ્ટ્રનું કનેશન ખુલે એવી પુરેપુરી સમભાવનાઓ છે. કારણ કે જેતપુરનો સાડી ઉંઘોગ, જામનગરનો બાંધણી ઉદ્યોગ મોટા પાયે આવેલો છે. જો અહીંના કોઈ વેપારી કે ઓદ્યોગિક એકમોના માલિકોએ ખરીદ વેચાણના વ્યવહારો કર્યા હશે તો આઈ ટી ના ચોપડામાં તેનું નામ પણ જોવા મળશે.

# કુવાડવા રોડ પર હોર્ડિંગ ખાબક્યું એજન્સીને નોટિસ ફટકારતું કોર્પોરેશન

## એજન્સીઓને સ્ટ્રક્ચર સ્ટેબિલિટી રિપોર્ટ કરાવવા સૂચના

અબતક રાજકોટ

ભારે પવન સાથે ગઈકાલે પડેલા વરસાદના કારણે શહેરના કુવાડવા રોડ ઉપર ગોકુલ હોસ્પિટલ સામે આવેલ એક મોટું હોર્ડિંગ પવનના કારણે ઉડીને ધરાશાયી થવાની ઘટના સામે આવી છે. ફાયર બ્રિગેડ દ્વારા ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

આ ઘટનામાં કોર્પોરેશનના એસ્ટેટ વિભાગે વીણા એડ એજન્સીને નોટિસ ફટકારી છે અને હોર્ડિંગના સ્ટ્રક્ચરની સુરક્ષા અંગે સ્પષ્ટીકરણ માંગ્યું છે.એસ્ટેટ ઓફિસરના જણાવ્યા મુજબ શહેરમાં આગાહી મુજબ પવન અને હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અન્ય તમામ હોર્ડિંગ માલિકોને પણ પોતાના સ્ટ્રક્ચરની તાત્કાલિક ચકાસણી કરી લેવા સૂચના આપવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટના ન બને.

તંત્ર દ્વારા જાહેર સુરક્ષાને પ્રાથમિકતા આપતા જોખમી હોર્ડિંગ્સ સામે કાર્યવાહી કરવામાં આવશે તેવી પણ ચેતવણી આપવામાં આવી છે.

# વિવિધ કેસોની સુનાવણી: બુધવારે લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક

## સમિતિ દ્વારા ૪૦ કેસોના સંદર્ભમા દસ અરજદારોને રૂબરૂ બોલાવી સાંભળવામાં આવશે

અબતક, રાજકોટ

રાજકોટ કલેક્ટરના અધ્યક્ષ સ્થાને લેન્ડ ગ્રેબિંગ સમિતિની બેઠક બુધવારે મળશે. આ બેઠકમાં સમિતિ દ્વારા કુલ ૪૦ જેટલા કેસો પર ગહન ચર્ચા કરવામા આવશે અને દસ લોકોને રૂબરૂ બોલાવવામાં આવ્યા છે.અરજદારોને તેમની રજૂઆત કરવાનો અને પુરાવા રજૂ કરવાનો મોકો મળશે, જેના આધારે સમિતિ તટસ્થ મૂલ્યાંકન કરી શકશે. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય જમીન પચાવી પાડવાના કેસોનો ઝડપી અને યોગ્ય નિકાલ લાવવાનો છે, જિલ્લા કલેક્ટર દ્વારા તમામ સંબંધિત અધિકારીઓને બેઠકમાં હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. આ બેઠક જિલ્લા કલેક્ટર ડો.ઓમપ્રકાશના અધ્યક્ષ સ્થાને મળશે.બેઠકમાં જિલ્લા કલેક્ટર ઉપરાંત પોલીસ વિભાગના અધિકારીઓ પણ હાજર રહેશે.



ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ ૨૦૨૦ રાજ્યની કેબિનેટ બેઠકમાં ભૂમાફિયાઓ પર અંકુશ મેળવવા માટે સરકારે નિર્ણય કર્યો હતો. આ માટે લાવવામાં આવેલાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટને કેબિનેટે મંજૂરી આપી દીધી હતી. આ કાયદામાં જમીન હડપનારને ૧૦થી ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. કોર્ટમાં લેન્ડગ્રેબિંગ કેસનો ચુકાદો ૬ માસમાં આવશે. આ કાયદા હેઠળ ગેરકાયદેસર કબ્જો લેનાર, આ જમીન ઉપર બાંધકામ માટે નાણાકિય સહાય કરનાર, તેમજ ભોગવટેદારો પાસેથી ધાક-ધમકીથી ભાડુ, વળતર કે અન્ય વસૂલાત કરનાર અને તેમાં મદદગારી કરનાર એવા તમામને જમીન પચાવી પાડનારની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# કોંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન, ભાજપ પાસે દરેક સમસ્યાનું નિરાકરણ: વિશ્વકર્મા

## ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસ દેખાય, ચૂંટણી જાય એટલે કોંગ્રેસ જતી રહે છે: પ્રદેશ ભાજપ પ્રમુખ

અબતક રાજકોટ

ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના વિશેષ ઉપસ્થિતિમાં છોટાઉદેપુર ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે બૂથ કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. છોટાઉદેપુરમાં આયોજિત બૂથ કાર્યકર્તા સંમેલનનો મંડપ ગઈકાલે ભારે પવનના કારણે ક્ષતિગ્રસ્ત થયો હતો, છતાં કાર્યકર્તાઓના આગ્રહથી કાર્યક્રમ યથાવત રાખવામાં આવ્યો હતો ત્યારે પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા મંચ છોડી, કાર્યકર્તાઓની હરોળમાં તડકે ઊભા રહી સંવાદ કર્યો હતો.

જગદીશભાઈ વિશ્વકર્માએ બાબા પિઠોરાદેવ અને મહાકાળા માતાજીના જયનાદ સાથે આદિવાસી સંસ્કૃતિને વંદન કરી તેમના સંબોધનની શરૂઆત કરી પ્રતિકૂળ હવામાન છતાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકર્તાઓની કર્મનિષ્ઠાને બિરદાવતા જણાવ્યું કે, ભાજપનો કાર્યકર્તા ક્યારેય થાકતો કે હારતો નથી; તે માત્ર ચૂંટણી માટે નહીં પણ જનસેવા માટે સમર્પિત છે. મેં બૂથ પ્રમુખ તરીકે દીવાલો પર કમળ દોર્યા છે, આજે પાયાના કાર્યકર્તાઓના સહારે જ હું મંચ સુધી પહોંચ્યો છું. મારા માટે બૂથનો કાર્યકર્તા મંચ પર બેસનાર સૌથી મોટો કાર્યકર્તા છે. જંગલ અને ડુંગરાળ વિસ્તારોમાં પણ સરકારની યોજનાઓ ઘર-ઘર પહોંચાડવાનું કામ કાર્યકર્તાઓ કરે છે. ભાજપાનો કાર્યકર્તા માત્ર ચૂંટણી માટે નહીં પરંતુ સેવા માટે કાર્ય કરે છે.

આદિવાસી અસ્મિતા અને વિકાસની વાત કરતા વિશ્વકર્માએ જણાવ્યું કે, પીઠોરા ચિત્રકલા અને આદિવાસી વારસાને ગ્લોબલ પ્લેટફોર્મ પૂરું પાડવાનું કાર્ય ભાજપ સરકારે કર્યું છે. બજેટના પ્રથમ પેજ પર આદિવાસી સંસ્કૃતિને સ્થાન આપી સરકારે ખરા અર્થમાં આદિવાસી સમાજનું સન્માન જાળવ્યું છે. તેમણે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે નર્મદાનું પાણી, આયુષ્માન કાર્ડ (₹૧૦ લાખ સુધીની સહાય), પીએમ કિસાન સન્માન નિધિ, ઉજ્જ્વલા યોજના અને મફત અનાજ વિતરણનો ઉલ્લેખ કરી જણાવ્યું કે છેવાડાના માનવી સુધી વિકાસ પહોંચાડવો એ જ ભાજપની પ્રાથમિકતા છે. ૫૫૦૦ કરોડના ખર્ચે બે વખત પાણી લિફ્ટ કરીને આપણા ત્રણ જિલ્લાઓ સુધી નર્મદાનું પાણી પહોંચાડવાનું ઐતિહાસિક કામ કરવામાં આવ્યું છે. ગરીબ પરિવારની



દીકરી અભ્યાસથી વંચિત ન રહે તે માટે દીકરીનો હાથ પકડી શાળાના દ્વાર સુધી લઈ જનાર કોઈ મુખ્યમંત્રી રહ્યા હોય તો તે આજે દેશના વડાપ્રધાન બનેલા શ્રી મોદીજી જ છે.

તેમણે જણાવ્યું કે, આદિવાસી સમાજે આઝાદીની લડાઈથી લઈને બ્રિટિશ શાસન સામે કઠિન સંઘર્ષ કર્યો છે. જંગલ, જમીન અને જળની રક્ષા કરનાર આદિવાસી સમાજને છેતરવા માટે જે કાળો પંજો આવે છે તે હવે સફળ થવાનો નથી. કોંગ્રેસે વર્ષો સુધી ફક્ત વાયદા કર્યા, ભ્રષ્ટાચાર કર્યો અને આદિવાસી સમાજને છેતર્યો, જ્યારે ભારતીય જનતા પાર્ટીએ સાચા અર્થમાં તેમને સન્માન અને હક આપવાનો પ્રયાસ કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ કોંગ્રેસના કાળા પંજાના મુખમાંથી આદિવાસીઓને છોડાવાનું કાર્ય કર્યુ છે. આવનારી ચૂંટણીમાં કોંગ્રેસનો કાળો પંજો આદિવાસીઓને છેતરવામાં સફળ નહિ થાય.

વિરોધ પક્ષ પર આકરા પ્રહારો કરતા તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, વિરોધ પક્ષે માત્રને માત્ર વિકાસનો પ્રવાહ રોકવાનો પ્રયાસ કર્યો છે, કોંગ્રેસે માત્ર વિરોધ કર્યો છે. કોંગ્રેસ ૬૦ વર્ષોમાં દેખાવો કરવામાં, ખોટા વિરોધ કરવામાં, જુઠુ બોલવામાં, વચનો આપવામાં, ભ્રષ્ટાચાર કરવામાં, વિકાસથી વંચિત રાખવામાં નંબર વન છે. ચૂંટણી આવે ત્યારે કોંગ્રેસ દેખાય, ચૂંટણી જાય એટલે કોંગ્રેસ જતી રહે છે. કોંગ્રેસ પાસે માત્ર કન્ફ્યુઝન અને ભાજપ પાસે દરેક સમસ્યાનું નિરાકરણ છે. લોકો ભાજપાની કમળવાળી સરકાર પર વિશ્વાસ રાખે છે અને દરેક ચૂંટણીમાં આ વિશ્વાસ વધુ મજબૂત બની રહ્યો છે. અંતમાં, તેમણે કાર્યકર્તાઓને આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 'કમળ'ને ભવ્ય વિજય અપાવવા આહ્વાન કર્યું હતું. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આદિવાસી સમાજનું તીર કામઠું ક્યારેય નિશાન ચૂકતું નથી, તે વિકાસની રાજનીતિ પર ભરોસો રાખી ફરી એકવાર ભાજપને વિજયી બનાવશે. વિજય બાદ આ જીતનું 'કમળ' મહાકાળી માતાજીના ચરણોમાં અર્પણ કરવાનો સંકલ્પ દોહરાવી તેમણે કાર્યકર્તાઓમાં નવો ઉત્સાહ પૂરો પાડ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ અને પૂર્વ સાંસદ ગીતાબેન રાઠવા, સાંસદ જશુભાઈ રાઠવા, જિલ્લાના પ્રભારી હિમંતભાઈ, જિલ્લા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, છોટાઉદેપુરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા, સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી, જેતપુરના ધારાસભ્ય જયંતિભાઈ રાઠવા, સ્થાનિક ભાજપા આગેવાનો, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી: જય ઝૂલેલાલના નાદ ગુંજી ઊઠ્યાં







તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

અબતક, રાજકોટ

રાજકોટમાં ચેટીચાંદ એટલે કે સિંધી સમાજના નૂતન વર્ષની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને ભક્તિભાવ પૂર્વક કરવામાં આવે છે. આ દિવસે સિંધી સમુદાય દ્વારા ઈષ્ટદેવ ઝૂલેલાલની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવે છે, જેમાં પરંપરાગત સંગીત, 'છેજ' નૃત્ય અને 'લાડા' (લોકગીતો) સાથે શ્રદ્ધાળુઓ આનંદમાં ઝૂમી ઉઠે છે. રાજકોટના વિવિધ વિસ્તારોમાં સ્થિત ઝૂલેલાલ મંદિરોને રોશનીથી શણગારવામાં આવ્યા છે અને સવારથી જ વિશેષ પૂજા-અર્ચના તથા આરતીના આયોજન થાય છે. આ પવિત્ર અવસરે સિંધી પરિવારો એકબીજાને 'ચેટીચાંદ જો લખ લખ વધાયુ' કહીને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવે છે અને પ્રસાદ સ્વરૂપે 'તાહિરી' (મીઠો ભાત) તથા 'ચોલે' વહેંચવામાં આવે છે. ભાઈચારો અને સંસ્કૃતિના સંગમ સમાન આ તહેવાર રાજકોટના સામાજિક સૌહાર્દમાં એક અનોખો રંગ ઉમેરે છે.

### સિંધી સમાજે દૂધમાં સાકરની જેમ ભળી જઈ વિકાસમાં યોગદાન આપ્યું છે:મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સિંધી સમાજના ભાઈઓ-બહેનોને ચેટીચંડના પવિત્ર તહેવારની શુભેચ્છાઓ પાઠવી ભગવાન ઝૂલેલાલની શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ચેટીચંડ મહોત્સવ સમિતિ દ્વારા નરોડા પાટિયા ખાતે આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે ચેટીચંડ દરિયાદેવની આરાધનાનો પવિત્ર તહેવાર છે અને આ સાથે આજે ચૈત્રી નવરાત્રીની ઉપાસનાનો પણ પાવન અવસર છે. તેમણે કહ્યું કે સિંધી સમાજ સાહસ, પરિશ્રમ અને પુરુષાર્થ માટે ઓળખાય છે અને આ સમાજે વેપાર-વાણિજ્ય સહિત અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભાનો પરચમ લહેરાવ્યો છે.

# એલપીજીની અછત વચ્ચે શાપરથી અનધિકૃત વેચાણ કરતા ૪૨ સિલિન્ડર ઝડપાયા

અબતક, રાજકોટ

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધને લઈને ભારતમાં એલપીજીની અછત સર્જાય છે જેને લઈને અનેક લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ઘરેલુ અને કોમર્શિયલ ગેસના બાટલા માટે લોકોની લાંબી રાહ જોવી પડી રહી છે.જિલ્લામાં ઘરેલુ એલ.પી.જી. સિલિન્ડરની કાળા બજારી રોકવા અને સામાન્ય ગ્રાહકોને સમયસર પુરવઠો મળી રહે તે માટે પુરવઠા વિભાગે કાર્યવાહી હાથ ધરી છે.જે અન્વયે કલેક્ટર ડો.ઓમપ્રકાશ અને જિલ્લા પુરવઠા અધિકારીના માર્ગદર્શન તથા સુચના અન્વયે કોટડા સાંગાણી તાલુકાના સાપર ગામે અનઅધિકૃત રીતે વેચાણ થતા નાના મોટા કુલ ૪૨ ગેસના



સીલેન્ડરો જેની કુલ કિંમત ૪૮૦૫૦ રૂપિયા થાય છે કબજે કરી સીઝ કરવામાં આવેલ છે.

કામગીરી દરમિયાન મામલતદાર કોટડા સાંગાણી તથા પોલીસની ટીમને સાથે રાખીને કાર્યવાહી કરવામાં આવી હતી.

તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ વ્યાવસાયિક એકમ ઘરેલુ સિલિન્ડર વાપરતા પકડાશે, તો તેની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ હેઠળ કડક કાર્યવાહી થશે.

# સિલિકોસિસથી મૃત્યુના કિસ્સામાં વારસદારોને રૂ. ૪ લાખ અને બીમારીના કિસ્સામાં રૂ. ૩ લાખની સહાય

અબતક રાજકોટ

રાજ્યમાં અકીક, પથ્થર, બાંધકામના વ્યવસાયમાં રોકાયેલા અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓ તથા સ્વાશ્રયી વ્યવસાયિકોને સિલિકોસિસ જેવા ગંભીર વ્યવસાયલક્ષી રોગથી રક્ષણ અને સહાય માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત આરોગ્ય કમિશનરની કચેરી દ્વારા સિલિકોસિસથી પીડિત દર્દીઓ માટે આ બીમારી અંગેનું નિદાન અને સારવારની સુવિધાઓ રાજ્યની તમામ સરકારી હોસ્પિટલો અને જી.એમ.ઈ.આર.એસ. કોલેજો ખાતે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

# એપ્રિલમાં એકસાથે ત્રણ મહિનાનું અનાજ આપવામાં આવશે: કેન્દ્રની જાહેરાત

## તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પોતાની નજીકની સરકારી સસ્તા અનાજની દુકાનેથી નિર્ધારિત સમયે આ જથ્થો મેળવી શકશે

અબતક, રાજકોટ

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે દેશના કરોડો રેશનકાર્ડ ધારકો માટે રાહતના સમાચાર આપ્યા છે. આગામી એપ્રિલ મહિનામાં લાભાર્થીઓને એકસાથે ત્રણ મહિનાનું અનાજ વિતરણ કરવામાં આવશે. બીજી તરફ, સિસ્ટમમાં પારદર્શિતા લાવવા માટે સરકારે દેશભરમાંથી લાખો નકલી રેશનકાર્ડ પણ રદ કર્યા છે.

ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ અંગે સત્તાવાર જાણકારી આપી છે. એપ્રિલ ૨૦૨૬ માં લાભાર્થીઓને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણેય મહિનાનું અનાજ એકસાથે આપવામાં આવશે. તમામ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ પોતાની નજીકની સરકારી સસ્તા અનાજની દુકાનેથી નિર્ધારિત સમયે આ જથ્થો મેળવી શકશે. જો કે સરકારે આ રીતે એકસાથે અનાજ આપવા પાછળનું કોઈ ચોક્કસ કારણ હજુ જાહેર કર્યું નથી.સરકારે સંસદમાં માહિતી આપી હતી કે વર્ષ ૨૦૨૫ દરમિયાન દેશમાં કુલ ૪૧.૪૧ લાખ અપાત્ર રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. સરકાર દ્વારા આ અંગે રાજ્ય અનુસાર આંકડાઓ પણ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં હરિયાણાઃ ૧૩.૪૩ લાખ કાર્ડ રદ, રાજસ્થાનઃ ૬.૦૫ લાખ કાર્ડ રદ, ઉત્તર પ્રદેશઃ ૫.૯૭ લાખ કાર્ડ રદ, પશ્ચિમ બંગાળઃ ૩.૭૪ લાખ કાર્ડ રદ, મધ્ય પ્રદેશઃ ૨.૬૦ લાખ કાર્ડ રદ કર્યા હોવાની માહિતી આપી હતી. ખાદ્ય રાજ્ય મંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું કે, ટેકનોલોજીના ઉપયોગથી અપાત્ર લોકોને સિસ્ટમમાંથી બહાર કરી ખરા લાભાર્થીઓ સુધી અનાજ પહોંચાડવામાં સફળતા મળી છે.

### રેશન વિતરણ પ્રણાલીનું સંપૂર્ણ ડિજિટાઈઝેશન

સાર્વજનિક વિતરણ પ્રણાલી માં સુધારા માટે સરકાર પગલાં ભરી રહી છે. દેશની લગભગ તમામ સસ્તા અનાજની દુકાનોમાં હવે ઈલેક્ટ્રોનિક પોઈન્ટ ઓફ સેલ મશીનો સ્થાપિત કરી દેવામાં આવ્યા છે. દેશના ૯૯.૨ ટકા લાભાર્થીઓને આધાર સાથે જોડી દેવામાં આવ્યા છે. ૯૮.૭૫ ટકા અનાજનું વિતરણ હવે આધાર આધારિત બાયોમેટ્રિક અથવા ડિજિટલ પ્રમાણીકરણ દ્વારા જ કરવામાં આવે છે. સરકારના આ પગલાનો મુખ્ય હેતુ અનાજની ચોરી અટકાવવાનો અને સિસ્ટમમાં પારદર્શિતા લાવવાનો છે.

## વર્ષ ૨૦૨૫ દરમિયાન દેશમાં કુલ ૪૧.૪૧ લાખ અપાત્ર રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા, સરકાર રાજ્ય અનુસાર આંકડાઓ જાહેર કર્યા

# વિકાસ પથ પર ચાલીને ગુજરાત ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ઈકોનોમી બનશે : મુખ્યમંત્રી

## સીઆઈઆઈ ગુજરાતના વાર્ષિક અધિવેશનમાં મુખ્યમંત્રીનો હુંકાર; વૈશ્વિક રોકાણકારો માટે ગુજરાત બન્યું સર્વોત્તમ ડેસ્ટિનેશન

**અબતક,રાજકોટ**

કોન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII) ગુજરાત દ્વારા આયોજિત વાર્ષિક અધિવેશન અને 'ગુજરાત 1 ટ્રિલિયન ઈકોનોમી' વિષયક પરિષદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની આર્થિક શકિતનો પ્રભાવશાળી ચિતાર રજૂ કર્યો હતો. મુખ્યમંત્રીએ મક્કમતાપૂર્વક જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલા વિકાસ પથ પર ચાલીને ગુજરાત વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્ય સરકાર ઉદ્યોગકારોને તમામ સ્તરે જરૂરી સહયોગ અને પ્રોત્સાહન પૂરું પાડવા માટે વચનબદ્ધ છે.

મુખ્યમંત્રીએ રાજ્યના ઔદ્યોગિક ઉત્ક્રાંતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, એક સમયે ગુજરાતનો વિકાસ માત્ર વાપી-વડોદરા બેલ્ટ પૂરતો મર્યાદિત હતો, પરંતુ વડાપ્રધાન દ્વારા સમગ્ર ગુજરાતના સર્વગ્રાહી વિકાસનો વિચાર કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પાણી અને વીજળી જેવી માળખાકીય સુવિધાઓને અત્યંત મજબૂત કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'ના સફળ પરિણામોને કારણે જ આજે ગુજરાત વૈશ્વિક રોકાણકારો માટેનું સર્વોત્તમ ડેસ્ટિનેશન બની ગયું છે. ખાસ કરીને માઈક્રોન ટેકનોલોજી જેવી વૈશ્વિક કંપનીઓનું ઉદાહરણ આપતા તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ પરના અખૂટ વિશ્વાસને કારણે જ સેમીકન્ડક્ટર જેવી અત્યાધુનિક ઈન્ડસ્ટ્રીઝ આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહી છે. જે કામ દાયકાઓ સુધી અશક્ય લાગતું હતું, તે આજે વાસ્તવિકતા બની રહ્યું છે.

ગુજરાતની આર્થિક ક્ષમતાના ગૌરવશાળી આંકડા રજૂ કરતા ભૂપેન્દ્ર પટેલે ગર્વ સાથે જણાવ્યું કે, દેશની માત્ર ૫% વસ્તી ધરાવતું ગુજરાત ભારતની કુલ જીડીપીમાં ૮% હિસ્સો ધરાવે છે, જેને હવે ૧૦% થી ઉપર લઈ જવાની નેમ છે. મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે દેશના કુલ ઉત્પાદનમાં ગુજરાત ૧૭% અને નિકાસમાં ૩૩% જેટલો માતબર હિસ્સો ધરાવે છે. એટલું જ નહીં, ૨૦૦૧-૦૨માં જે એમએસએમઈની સંખ્યા ૧.૮૫ લાખ હતી, તે આજે વધીને ૨૭.૯ લાખ સુધી પહોંચી છે. લોજિસ્ટિક્સ ક્ષેત્રે પણ દેશના કુલ કાર્ગો હેન્ડલિંગનો ૪૦% હિસ્સો એકલું ગુજરાત સંભાળે છે. કેમિકલ ઉદ્યોગમાં ૩૩%, ફાર્મા એક્સપોર્ટમાં ૧૯.૨% અને ડાયમંડ એક્સપોર્ટમાં ૮૦% હિસ્સો આપીને ગુજરાતે દેશના અર્થતંત્રમાં પોતાની અનિવાર્યતા સાબિત કરી છે.અંતમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ગુજરાત એક 'પોલિસી ડ્રિવન સ્ટેટ' છે, જ્યાં પારદર્શક અને સ્પષ્ટ નીતિઓ દ્વારા ઉદ્યોગકારોને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવામાં આવે છે. ગુજરાતે ૨૦૪૭ સુધીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા માટેનો રોડમેપ તૈયાર કરી લીધો છે અને તેને જમીન પર ઉતારવાનું કાર્ય પણ શરૂ કરી દીધું છે. આ ગૌરવશાળી અવસરે CII વેસ્ટર્ન રીઝનના ચેરમેન ઋષિકુમાર બાગલા, CII ગુજરાતના ચેરમેન પ્રેમરાજ કશ્યપ, વાઈસ ચેરમેન અચલ બકેરી, માઈક્રોન ટેકનોલોજીના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ ગુરુશરણ સિંહ સહિત ઉદ્યોગ જગતના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### કમોસમી વરસાદ...

વધુ પાયમાલી તરફ ધકેલાશે.

માત્ર ગુજરાત જ નહી દેશભરમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. કયાંક બરફ વર્ષા થઈ રહી છે કે કયાંક ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. આજે દેશના ૧૫ રાજયોમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

### રીષિતભાઈ કોટેચા...

તેમાં જીવાત પડવાની શક્યતા રહેલી છે.આ વર્ષે મરચામાં તીખાશનું પ્રમાણ વધ્યું છે, પરંતુ ભેજવાળા મરચાને કારણે ગૃહિણીઓ મૂંઝવણમાં મુકાઈ છે. ભેજવાળા મરચાને સુકવીને દળાવવામાં આવે તો પણ તેમાં આંતરિક ભેજ રહી જતો હોય છે, જે લાંબે ગાળે પાવડરની ગુણવત્તા બગાડે છે. મરચાના પાવડરમાં પડતો ગઠ્ઠો કે રંગ બદલાઈ જવો એ ભેજની જ નિશાની છે. આ સ્થિતિમાં શુદ્ધ અને ટકાઉ મસાલો ભરવો મધ્યમ વર્ગ માટે મોટો પડકાર બની ગયો છે.યાર્ડમાં મરચાં પલળી જવાથી ખેડૂતોને તેમના માલના પૂરતા ભાવ મળી રહ્યા નથી, તો બીજી તરફ વેપારીઓને પલળેલા માલના સંગ્રહ અને સુકવણીમાં મોટો ખર્ચ વેઠવો પડી રહ્યો છે. માવઠાના કારણે મરચાના બજારમાં આવેલી આ 'તીખાશ' ગૃહિણીઓના ઘરના બજેટને ખોરવી નાખશે તે નક્કી છે.

### ચીન મેગ્નેટ...

બોલતા વીજ મંત્રી મનોહર લાલે જણાવ્યું હતું કે, ભારત ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરોનું લક્ષ્ય હાંસલ કરવા માટે રિન્યુએબલ એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં વીજળીની માંગ સતત વધશે, અને આગામી ૫-૬ વર્ષમાં માત્ર ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક વાહનો જ ૩૦ ગીગાવોટનો વધારાનો વપરાશ લાવશે. સ્વચ્છ અને લીલી વીજળીની જરૂરિયાત છે, પરંતુ દેશની ઉર્જાની માંગ પૂરી કરવા માટે જરૂર પડશે તો અશ્મિભૂત-ઈંધણ આધારિત પાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવશે.

આ સમિટમાં પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ પણ સંબોધન કર્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે નેટ ઝીરો સુધી પહોંચવા માટે ગ્રીન એનર્જી એ જ એકમાત્ર ટકાઉ માર્ગ છે. જોકે, વધતી જતી માંગને પહોંચી વળવા માટે કોલસા આધારિત ઉર્જાની પણ જરૂર પડશે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ, એક્સપોર્ટ અને ડેટા સેન્ટર્સ પર વધતા ધ્યાનને કારણે વીજળીની માંગમાં મોટો ઉછાળો આવશે, જેને મોટાભાગે સ્વચ્છ ઉર્જા દ્વારા જ પૂરી કરવામાં આવશે.

હાલમાં દેશની બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત સ્થાપિત ક્ષમતા આશરે ૨૭૪ ગીગાવોટ છે, જ્યારે અશ્મિભૂત ઈંધણ આધારિત ક્ષમતા ૨૪૮.૫ ગીગાવોટ છે. શહેરીકરણ, ઔદ્યોગિક વિસ્તરણ અને ઈલેક્ટ્રિફિકેશનને કારણે આગામી દાયકામાં ભારતની ઉર્જા માંગમાં તીવ્ર વધારો થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૩૬માં અંદાજિત પીક ઈલેક્ટ્રિસિટી ડિમાન્ડ ૪૫૯ ગીગાવોટ અને કુલ વિદ્યુત ઉર્જાની જરૂરિયાત ૩,૩૬૫ બિલિયન યુનિટ રહેવાની અપેક્ષા છે.

### વીજળી ઉત્પાદન...

ટોચના પાંચ નિકાસ સ્થળો રહ્યા છે. જોકે, આ સમયગાળા દરમિયાન અમેરિકામાં થતી નિકાસ ૨૨.૫% ઘટીને ૯૯૪ ટન થઈ ગઈ છે, જે બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ વેપાર સંબંધોની સ્થિતિ દર્શાવે છે. બીજી તરફ, જાપાનમાં નિકાસ ૯.૫% વધીને ૪૪૪ ટન પર પહોંચી ગઈ છે.

(ત્રીજા પાનાનું ચાલું)

### વોર્ડ નં.૨...

લગભગ નિશ્ચિત મનાઈ રહ્યુ છે. ધારાસભ્ય તરીકે ચાલુ હોવાના કારણે દર્શિતાબેનને હવે કોર્પોરેશનની ચૂંટણી ન લડાવવામાં આવે તે સામાન્ય મનાઈ રહ્યું છે. જ્યારે મનિષભાઈ રાડીયા હવે સિનિયર સિટીઝનની વ્યાખ્યામાં આવી ગયા છે. પક્ષ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના નેતાઓને ટિકિટ ન આપવાનું નક્કી કરે તો દેખીતી રીતે મનિષભાઈની ટિકિટ પર કાતર ફરી વળશે. જ્યારે મહાપાલિકામાં પદાધિકારી રહી ચુકેલા કોઈ નેતાને ટિકિટ આપવામાં ન આવે તેવો નિર્ણય લેવામાં આવે તો આપોઆપ જયમીન ઠાકરની ટિકિટ કપાઈ જશે. જ્યારે મહિલાઓની બે બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત જાતિના મહિલા ઉમેદવાર માટે અનામત જાહેર કરવામાં આવી હોવાના કારણે મીનાબા જાડેજાની ટિકિટ પણ કપાઈ તે લગભગ નિશ્ચિત છે. આવામાં હવે ભાજપ માટે આ વોર્ડમાં ટિકિટ ફાળવણીમાં સમિકરણો બંધ બેસાડવા ખૂબ મુશ્કેલ બની ગયું છે.

જૈન સમાજને ટિકિટ આપવા માટે અન્ય કોઈ વોર્ડમાં સમિકરણો બંધ બેસતા નથી. આવામાં વોર્ડ નં.૨માંથી જૈન સમાજના યુવાનને ટિકિટ આપવાનું ભાજપે મન બનાવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સંગઠનમાં સારી કામગીરી કરનાર જૈન સમાજના યુવા અગ્રણી એવા ધૈર્ય પારેખને વોર્ડ નં.૨માંથી ચૂંટણી લડવાની તક મળી શકે છે. આ ઉપરાંત જો મીનાબા જાડેજાની ટિકિટ કપાઈ તો કાઠી ક્ષત્રિય સમાજના યુવાનને ટિકિટ મળવાના ચાન્સ વધી જાય છે. આવામાં દશરથભાઈ વાળાનું નામ હાલ ચર્ચાઈ રહ્યું છે. વોર્ડની એક બેઠક અનુસૂચિત જાતિના મહિલા ઉમેદવાર માટે અનામત હોય બીજી તરફ હવે પછી મહિલા મેયરમાં પણ અનામત અનુસૂચિત જાતિના મહિલા કોર્પોરેટર માટે અનામત રોટેશન જાહેર કરવામાં આવ્યું છે. આવામાં ભાજપ વોર્ડ નં.૧ના પૂર્વ કોર્પોરેટર અને ધારાસભ્ય ભાનુબેન બાબરિયાને વોર્ડ નં.૨માંથી ટિકિટ આપી મેયર બનવાની પણ તક આપી શકે છે. જ્યારે એક મહિલા બેઠક પર રઘુવંશી સમાજની મહિલાને ટિકિટ મળવાના ઉજ્જ્વળા સંજોગો છે. વોર્ડ નં.૨માં ઉજળીયાત સમાજની વસ્તી વધારે છે. ગત ચૂંટણીમાં આ વોર્ડની એકપણ બેઠક અનામત ન હોવાના કારણે ભાજપ માટે ખૂબ જ સરળ માહોલ રચાઈ ગયો હતો. પરંતુ આ વખતે વોર્ડની બે બેઠકો અનામત જાહેર થતા કોંકડું ભારે ગુંચવાયુ છે.

### મહાવીર જન્મ કલ્યાણક...

રાજચંદ્ર પરિવાર સહિતના તમામ ફિરકાઓના અગ્રણીઓ એક મંચ પર જોવા મળ્યા હતા. આ સાથે જ શહેરના વિવિધ જૈન સોશિયલ ગ્રુપ્સ, જૈન જાગૃતિ સેન્ટર અને યુવા સંગઠનોના હોદ્દેદારોએ પણ આયોજનમાં સહભાગી થવાની ખાતરી આપી હતી. સમાજના અગ્રણી જીતુભાઈ ચાવાળા (દાદાવાડી દેરાસર) એ જૈનમ પરિવારના પ્રયાસોની અનુમોદના કરતા પોતાના તરફથી માતબર અનુદાનની જાહેરાત કરી હતી અને અન્ય શ્રીસંઘોને પણ ઉદાર હાથે સહયોગ આપવા હાકલ કરી હતી.

સ્થાનકવાસી જૈન સંઘ વતી ચંદ્રકાંતભાઈ શેઠે પણ નોંધપાત્ર અનુદાન જાહેર કરવાની સાથે જૈનમ ટીમની પારદર્શક વહીવટ પદ્ધતિની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી. બેઠકમાં વિભાશભાઈ શેઠ, સુજીતભાઈ ઉદાણી, મહેશભાઈ ભીમાણી સહિતના અગ્રણીઓએ પ્રેરક ઉદબોધન આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ દામાણીએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું, જ્યારે આભારવિધિ ચિરાગભાઈ દોશી દ્વારા કરવામાં આવી હતી. અંતમાં, ઉપસ્થિત તમામ જૈન શ્રેષ્ઠીઓએ એકસૂરે ભગવાન મહાવીર સ્વામીના જન્મ કલ્યાણકને રાજકોટના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાય તેવી રીતે ઉજવવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો.

### સર્વે...

વિકસાવવાનો પણ ભાર મૂકાય છે. મનોવૈજ્ઞાનિક સંશોધન મુજબ સ્થાયી સુખ માત્ર ભૌતિક સંપત્તિથી નહીં પરંતુ મજબૂત સામાજિક સંબંધો અને મિત્રતા દ્વારા પ્રાપ્ત થાય છે. આ દિવસે દર વર્ષે વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ પણ પ્રકાશિત થાય છે, જેમાં વિવિધ દેશોના સુખના સ્તરનું વિશ્લેષણ કરવામાં આવે છે. ઉપરાંત, પરોપકાર અને દયાભાવ દ્વારા બીજાની મદદ કરવાથી વ્યકિતગત આનંદ અને માનસિક શાંતિમાં વધારો થાય છે, તેથી આ દિવસ કૃતજ્ઞતા વ્યક્ત કરવી, લોકો સાથે જોડાવું અને નિઃસ્વાર્થ સેવા કરવાનું પ્રેરણાસ્ત્રોત બને છે.

### તારણો...

વિતાવે છે જ્યારે ૨૧.૭% લોકો દરરોજ અને ૧૯.૩૦% લોકો ભાગ્યે જ પરિવાર સાથે સમય વિતાવે છે.

૮. ૬૮.૫% લોકોએ છેલ્લા અઠવાડિયા દરમિયાન એક- બે વાર તણાવ અનુભવ્યો છે જ્યારે ૧૬.૫૦% લોકો સતત અનુભવે છે અને ૧૬.૧૦% લોકોએ બિલકુલ તણાવ અનુભવ્યો નથી.

૯. ૫૭.૮૦% લોકોને વાંરવાર નાની નાની બાબતોમાં ગુસ્સો આવી જાય છે જ્યારે ૧૮.૧૦% લોકો ને નથી આવતો અને ૨૪.૧૦% લોકોને ક્યારેક જ ગુસ્સો આવી જાય છે.

# વિરનગરના સરકારી ખરાબામાં ઓઈલ મીલ શરૂ કરી દેવાઈ: લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો

## હરેશ રાદડિયાએ રેવન્યુ સર્વે નં.-૩૮ની કિંમતી જમીન પર અડિંગો જમાવી મહાદેવ મિનિ ઓઈલ મીલનું બાંધકામ શરૂ કરી દીધું'તું

**અબતક, રાજકોટ**

જમીન કૌભાંડમાં આખા ગુજરાતમાં રાજકોટ હરહંમેશ ચર્ચાના કેન્દ્રમાં રહેતું હોય છે. સરકારી ખરાબા પર કબ્જા સહિતના બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવા વધુ એક બનાવમાં જસદણના વિરનગરમાં સરકારી ખરાબામાં કબ્જો કરી ઓઈલ મિલ શરૂ કરી દેનાર શખ્સ સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. સર્વે નં.૩૮ ની કિંમતી જમીન પર હરેશ રાદડિયાએ કબ્જો કરી ઓઈલ મિલનું બાંધકામ કરી વેપાર શરૂ કરી દિધો હતો. સરકારી નોટીસનો અનાદર કરી દંડ પણ ન ભરતા અંતે મામલતદાર ફરીયાદી બનતાં જસદણ પોલીસે ગુનો તપાસ આદરી હતી.

બનાવ અંગે જસદણ મામલતદાર એમ.કે.બલીયાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હરેશ પ્રેમજી રાદડીયા (રહે. વિરનગર, જસદણ) નું નામ આપતાં આટકોટ પોલીસે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠલ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, જસદણના વિરનગર ગામના સરકારી ખરાબાના રે.સ.નં. ૩૮ પૈકી ની હૈ.૦-૦૨-૧૦ ચો.મી. આટકોટ-રાજકોટ રોડ કાંઠાની જમીનમાં હરેશ રાદડીયાએ અનઅધિકૃત કબજો કરી મહાદેવ મીની ઓઈલ મીલનું બાંધકામ કરી વેપાર કરવાની સાથે વાણિજ્ય ઉપયોગ શરૂ કરી દિધો હતો. આરોપીએ સરકારી જમીન પચાવી પાડેલ હોય જેથી તત્કાલીન જસદણ સર્કલ ઓફીસર દ્વારા વિગતવાર દરખાસ્ત રજુ કરતા સામાવાળા વિરૂધ્ધ જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ દબાણ કેસ દાખલ કરવામાં આવેલ અને તત્કાલીન મામલતદારએ દબાણદાર સામે લે.રે.કો.ક. ૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરી રૂબરૂ સાંભળવા નોટીસ આપી દબાણદારને રૂબરૂ સાંભળવામાં આવેલ હતો. આરોપીએ સરકારી ખરાબાની જમીનમાં દબાણ કરેલ હોવાનું સાબિત કરતાં આરોપીએ તે માની જંત્રીના ૧ ટકા લેખે રૂા.૨૫૦ દંડ અને દબાણવાળી જમીન સ્વખર્ચે ખુલ્લી કરવા હુકમ કરવામાં આવેલ છે. આરોપી દબાણદારએ સરકારી જમીનમાં કોઈ પરવાનગી વિના મનસ્વી રીતે દબાણ કરી ઓઈલમીલ બનાવી વાણિજ્ય ઉપયોગ કરતા હોય જેથી તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ જમીન મહેસુલ કાયદાની કલમ હેઠળ નોટીસ આપવામાં આવેલ અને નોટીસના દિવસ-૫ માં સરકારી જમીન પરનું દબાણ સ્વેચ્છાએ ખુલ્લુ કરવા જણાવવામાં આવેલ, તેમ છતા દબાણ ખુલ્લુ કરવામાં આવેલ નથી. જેથી તા.૦૯/૦૨/૨૦૨૬ દબાણદાર સામે સુઓમોટો કરી ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા દરખાસ્ત કરતા રાજકોટ કલેકટર દ્વારા સામાવાળા સામે લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ પોલીસ ફરીયાદ નોંધાવવા આદેશ કરતા રૂ.૨.૮૩ લાખની સરકારી જમીન પર કબ્જો કરનાર શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી જસદણ એએસપી ડો. નવીન ચક્રવર્તી અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

## સરકારી નોટિસની પણ દરકાર ન લીધીઃ અંતે મામલતદાર ફરીયાદી બનતાં જસદણ પોલીસે ગુનો નોંધ્યોઃ એએસપી ડો.નવીન ચક્રવર્તીએ તપાસ આદરી

૧૦. ૬૩.૧૦% લોકો બીજા સાથે વાત કરીને નકારાત્મક વિચારોને રોકે છે જ્યારે ૨૮.૧૦% મેડિટેશન દ્વારા અને ૮.૮૦% વિચારોને રોકી શકતા નથી.

૧૧. ૬૬.૩૦% લોકોને કદાચ જ એમનું જીવન અર્થપૂર્ણ લાગે છે જ્યારે ૨૦.૫% લોકો ચોક્કસપણે એવું અનુભવે છે અને ૧૩.૩૦% લોકોને પોતાનું જીવન અર્થપૂર્ણ છે કે નહીં તેનો ખ્યાલ જ નથી.

૧૨. ૬૧.૪% લોકો ૫-૬ કલાકની ઊંઘ લે છે જ્યારે ૩૩.૭૦% ૭-૮ કલાક અને ૪.૮૦% ૫ થી ઓછા કલાકની ઊંઘ લે છે.

૧૩. ૫૧.૪૦% લોકોના જીવનમાં યોગ અને કસરતનું સ્થાન ક્યારેક છે જ્યારે ૨૭.૭૦% લોકો માં બિલકુલ નહીં અને ૨૦.૯૦% લોકો નિયમિત યોગ કરે છે.

૧૪. ૪૬.૨૦% લોકો સોશિયલ મીડિયાનો ઉપયોગ કર્યા પછી ઠીક ઠીક અનુભવે છે જ્યારે ૫.૬૦% એકલતા કે સરખામણીનો ભાવ અને ૩૮.૨૦% લોકો માહિતીપ્રદ છે એવું માને છે.

૧૫. ૫૭% લોકો કુદરત સાથે ઓછો સમય વિતાવે છે જ્યારે ૧૨.૯૦% લોકો સમય નથી વિતાવતા અને ૩૦.૧૦% પૂરતો સમય કુદરત સાથે જોડાયેલા રહે છે.

૧૬. ૮૬.૫% લોકો માટે સુખ એટલે મનની શાંતિ, ૧૨.૪૦% લોકો માટે સફળતા અને ૦.૮૦% લોકો માટે ભૌતિક સુવિધા એટલે સુખ.

૧૭. ૬૨.૨૦% લોકો ભવિષ્ય વિશે થોડા અંશે આશાવાદી છે જ્યારે ૨૨.૫૦% ખુબ જ અને ૧૫.૩૦% લોકો ચિંતિત છે.

૧૮. ૭૪.૭૦% લોકો દરરોજ કોઈ એક વાત માટે કુદરત કે ઈશ્વરનો આભાર માને છે જ્યારે ૨૨.૧૦% લોકો ક્યારેક અને ૩.૨૦% લોકો ઈશ્વરનો આભાર માનતા નથી.

૧૯. ૪૫.૮૦% લોકોને એવું લાગે છે કે પોતાના જીવન પર પોતાનો પૂરેપૂરો અંકુશ છે જ્યારે ૪૩% થોડો અને ૧૧.૨૦% સંજોગો પર નિર્ભર છે.

૨૦. ૫૪.૨૦% લોકોને માત્ર નજીકના લોકો સમજે છે અને સ્વીકારે છે જ્યારે ૩૨.૫૦% લોકો ચોક્કસ પણે એવું માને છે અને ૧૩.૩૦% લોકોને કોઈ સમજતું નથી એવું તે અનુભવે છે.

(ચોથા પાનાનું ચાલુ)

### સૌની યોજનાથી...

નીર પહોંચ્યા છેઅને ધરતીપુત્રોની સુખાકારીમાં વધારો થયો છે. આમ, આગામી દિવસોમાં હજુ પણ પાણીની સુવિધા વધતા સૌરાષ્ટ્રના ખેડૂતોની સમૃદ્ધિમાં વધારો થશે.

આ પ્રસંગે મન્ત્રીનું પરંપરાગત સામૈયું કરીને સ્વાગત કરાયું હતું, ત્યારબાદ મંત્રી અને ધારાસભ્યનું ફૂલહારથી અભિવાદન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય જીતુભાઈ સોમાણી અને અગ્રણી શાંતિભાઈ ધણુજાએ પ્રાસંગિક ઉદબોધનમાં સૌની યોજનાના લાભ વિશે માહિતી આપી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવેશભાઈ મેરે કર્યું હતું. આ તકે સરપંચ દિપકભાઈ બાવરવા, નાયબ કાર્યપાલક ઈજનેર પ્રશાંતભાઈ ભોજાણી સહિત અધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

#### કુલ ૧૭ ગામોને સૌની યોજનાનો લાભ મળશે, ખેડૂતોને રાહત મળશે

સૌની યોજના લિંક-૩ હેઠળના આ વિકાસ કાર્યથી રાજકોટ અને વાંકાનેર તાલુકાના કુલ ૧૭ ગામોને પાણીનો લાભ મળશે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાઈપલાઈનના હયાત સ્કાવર વાલ્વથી ૦૩ કિલોમીટરની મર્યાદામાં આવતા તળાવ, ચેકડેમ અને જળાશયોને નર્મદાના પાણીથી ભરવામાં આવશે. જેના પરિણામે વાંકાનેર તાલુકાના ૦૩ તળાવો અને ૦૯ ચેકડેમ તેમજ રાજકોટ તાલુકાના ૧૨ તળાવો અને ૪૫ ચેકડેમો પાણીથી છલકાશે. આ સુવિધાને કારણે અંદાજે ૫૧૫૦ હેકટર જમીનમાં સિંચાઈ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. ખાસ કરીને રાજકોટ તાલુકાના રાણપુર, હડમતીયા બેડી, તરઘડીયા, ધમલપર, માલીયાસણ, નાકરાવાડી, ખેરડી, સણોસરા, ખીજડીયા, કુવાડવા, ગુંદા, ઠેબચડા, ગઢકા અને મેસવડા તેમજ વાંકાનેર તાલુકાના ઘીયાવડ, વણઝારા અને ખેરવા ગામના ખેડૂતો આ યોજનાનો વ્યાપક લાભ મેળવી શકશે.

### ડો. મિનેશ શાહ...

રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે તેમ કહ્યું હતું. તેમણે કર્મચારીઓ માટે પણ સમાન નીતિની જાહેરાત કરી હતી.

૧ કાર્યક્રમ અંતર્ગત એનીમલ ફીડ સપ્લીમેન્ટ પ્રોડક્ટો - માહીકેલ ગોલ્ડ લિકવીડ, માહી સુપર ફેટ અને માહી મીન ફોર્ટ લોન્ચ કરવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થામાં દસ વર્ષ કે તેથી વધુ સમયથી યોગદાન આપનાર કર્મચારીઓનું મોમેન્ટો અને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધિ ફિલ્ડ ઓપરેશન વિભાગના વડા તરીકે ફરજ બજાવતા ડો. મહેન્દ્ર પટેલે કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં જોરાવરનગરના માલધારી રાસ મંડળના ભાઈઓએ સુંદર રાસની રમઝટ બોલાવી દર્શકોને ડોલાવી દીધા હતા. જ્યારે જાણીતા વક્તા કાજલ ઓઝા વૈધે વક્તવ્ય આપી કર્મચારીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

(૧૧માં પાનાનું ચાલુ)

### ડો. દર્શિતા શાહ

અને બાલ્કનીમાં ચકલી માટે માળા અને પાણીની વ્યવસ્થા કરે અને આ અભિયાનને વધુ મજબૂત બનાવે.

આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત સૌ મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરવામાં આવેલ. ત્યારબાદ શાબ્દિક સ્વાગત મેનેજર કૌશિક ઉનાવા દ્વારા કરવામાં આવેલ. પુષ્પ અને ખાદીના રૂમાલ વડે સ્વાગત ઝૂ સુપ્રિટેન્ડેન્ટ ડો. હિરપરા દ્વારા કરવામાં આવેલ. ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા શહેરીજનોને ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ સહાયક કમિશનર વિપુલ ઘોણીયા દ્વારા કરવામાં આવેલ.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ નાગરિકોમાં ચકલી પ્રત્યે લાગણી અને જવાબદારીનો ભાવ જગાવવાનો તેમજ પર્યાવરણની જાળવણી માટે લોકોમાં જાગૃતિ લાવવાનો છે. આજના સમયમાં વધતા શહેરીકરણ, વૃક્ષોની અછત અને આધુનિક માળખાકીય પરિવર્તનને કારણે ચકલી જેવી નાની પક્ષીઓની સંખ્યા નોંધપાત્ર રીતે ઘટી રહી છે. આવા સંજોગોમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લેવામાં આવેલ આ પહેલ અત્યંત પ્રશંસનીય અને સમયોચિત છે.

### બાળ વિકાસ સેમિનાર

સમજાવ્યું હતું. ખાસ કરીને એક્ટિવિટી બેઝ ટોઈઝ (પ્રવૃત્તિ આધારિત રમકડાં) ના પ્રાયોગિક નિદર્શન દ્વારા બાળકોની એકાગ્રતા અને તાર્કિક શક્તિ કેવી રીતે વધારી શકાય તે વિશે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ ઉપરાંત, વર્કશોપમાં બાળકોના પૌષ્ટિક આહારના મહત્વ પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આજના સમયમાં જંક ફૂડના વધતા પ્રભાવ વચ્ચે બાળકોને ઘરેલું અને પોષણયુક્ત ખોરાક આપવાની વિવિધ ટેકનીકો સમજાવવામાં આવી હતી. બાળકના બૌદ્ધિક વિકાસ માટે કઈ રીતે તેની સાથે સંવાદ કરવો અને કઈ પ્રવૃત્તિઓમાં તેને વ્યસ્ત રાખવો તે અંગે પણ વિદ્યાર્થીનીઓને માહિતગાર કરવામાં આવી હતી.

આ સફળ કાર્યક્રમમાં હોમ સાયન્સ ડિપાર્ટમેન્ટના એક્ટિંગ અધ્યક્ષ ડો. રેખાબા જાડેજા તથા પૂર્વ અધ્યક્ષ ડો. નીના દવેની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, હોમ સાયન્સ માત્ર રસોઈ કે સીવણ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે જીવન જીવવાનું અને સમાજ ઘડતરનું વિજ્ઞાન છે. આ કાર્યક્રમમાં વિભાગના અન્ય સ્ટાફ મેમ્બર્સ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ ઉત્સાહભેર જોડાઈ હતી અને પ્રાયોગિક જ્ઞાન મેળવ્યું હતું.

(૧૨માં પાનાનું ચાલુ)

### ભારત ૨૦૨૮ના વર્લ્ડ ઈન્ડોર

આ સ્ટેડિયમનું નિરીક્ષણ કર્યું હતું અને તેને મંજૂરી આપી હતી.

એથ્લેટિક્સ ફેડરેશન ઑફ ઈન્ડિયાના પ્રમુખ બહાદુર સિંહ સાગૂએ આ જાહેરાતને ઐતિહાસિક ગણાવી છે. તેમણે કહ્યું કે આ ઈવેન્ટ ભારતીય એથ્લેટિક્સને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ આપશે. કેન્દ્રીય રમતમંત્રી મનસુખ માંડવીયાએ પણ એક્સ પર આનો આનંદ વ્યક્ત કર્યો અને લખ્યું, વિશ્વ ભારત આવી રહ્યું છે! ભુવનેશ્વર, ઓડિશા ૨૦૨૮ વર્લ્ડ એથ્લેટિક્સ ઈન્ડોર ચેમ્પિયનશિપની યજમાની કરશે.

### વરૂણ

દબાણ હેઠળ યોગ્ય અમલના અભાવમાં છે. વરુણ ચક્રવર્તી તેના અનોખા રહસ્યમય સ્પિન, કેરમ બોલ અને વિવિધ ભિન્નતાઓ માટે જાણીતા છે, પરંતુ તે આ વર્લ્ડ કપમાં તેના શ્રેષ્ઠ દેખાવમાં દેખાતો નથી. જોકે તેણે કેટલીક મેચોમાં વિકેટ લીધી હતી, પરંતુ તેના ઈકોનોમી રેટ અને એકંદર અસરકારકતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.આગામી આઈપીએલમાં વરૂણ તેના ફોર્મમાં પરત આવે તેવી ચાહકોને આશા છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટમાં મિનિ

# ક્રિષ્ના માર્બલ પાસે આઈસરે બાઈકને ઠોકરે લેતા વૃદ્ધનું મોત

## મોટરસાયકલમાં કામ પરથી ઘરે પરત ફરતી વેળાએ નડ્યો અકસ્માત, પરિવારમાં શોક છવાયો

**અબતક રાજકોટ**

શહેરના ક્રિષ્ના માર્બલ સામેના સર્વિસ રોડ પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં અજાણ્યા આઈસર ચાલકે મોટરસાયકલને અડફેટે લેતા ૬૦ વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં ભારે શોક છવાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ શહેરની રાધાનગર સોસાયટી શેરી નં. ૪ માં રહેતા અશ્વિનભાઈ ગિરધરભાઈ અગ્રાવત (ઉં.વ. ૬૦) ગઈકાલે પોતાનું કામ પતાવી મોટરસાયકલ પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન ક્રિષ્ના માર્બલ સામે સર્વિસ રોડ પર પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા આઈસર ચાલકે તેમની મોટરસાયકલને જોરદાર ટક્કર મારી હતી. જેમાં અશ્વિનભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજ્યું હતું.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક અશ્વિનભાઈ ખાનગી કંપનીમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રીઓ છે. ત્રણ ભાઈ અને એક બહેનના પરિવારમાં તેઓ બીજા નંબરના હતા. અચાનક બનેલી આ ઘટનાથી અગ્રાવત પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. હાલમાં પોલીસે અજાણ્યા આઈસર ચાલક વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે.

### વાવાઝોડુ...

પડયા હતા ૫૦ થી ૬૦ કી.મીની ઝડપી પવન ફૂંકાયો હતો. ભારે પવન સાથ ખાબકેલા માવઠાના કારણે શહેરભરમાં ૪૬ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ફરીયાદ કોર્પોરેશનની ફાયર બ્રિગેડ શાખાના કન્ટ્રોલ રુમ પર ખાતે નોંધાયા હતી. અનેક રોડ બ્લોક થઈ ગયા હતા. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૩૪ મીમી, વેસ્ટ ઝોન વિસ્તારમાં૩૮ મીમી, અને ઈસ્ટ ઝોન વિસ્તારમાઃ ૩૯ મીમી વરસાદ પડયો હોવાનું નોંધાયું છે. કોઠારીયા વિસ્તારમાં વોટર સોલાર ઉડી હતી જયારે અનેક સ્થળે પાવર સોલારને નુકશાન ન થવા પામ્યું હતું.

અચાનક ખાબકેલા માવઠાના કારણે શહેરમાં ખાના ખરાબી જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી. એક કલાક સુધી ભારે પવન સાથે પડેલા કમોસમી વરસાદથી આખુ શહેર જાણે પાણી પાણી થઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાગ જવા પામી હતી. વાહન ચાલકો ફસાય ગયા હતા. કેટલાક વિસ્તારોમાં વીજ પોલને અસર થવા પામી હોવા હોવાના કારણે અંધાર પટ છવાયો હતો છ છ કલાક સુધી વીજળી ગુલ થઈ જવા પામી હતી.

વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી હતી. કુદરતના પ્રકોપ સામે માનવ જાત લાચાર બની ગઈ હોય તેવું લાગતું હતું.

### યાર્ડ...

અંધારામાં રહી ગયા હતા. જેના કારણે ગઈકાલે ભારે પવન સાથે પડેલા માવઠામાં યાર્ડમાં રાખવામાં આવેલી મગફળીની વરસાદી પાણીમાં તણાય ગઈ હતી. યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરાના જણાવ્યાનુસાર માવઠામાં ૪૦ જેટલી મગફળીની ગુણી તણાય ગઈ હતી અને પલળી જવા પામી હતી. મગફળીનો તમામ જથ્થો ભેગો કરી લેવામાં આવ્યો હતો. ખેડુતોને માલ પલળી જવાથી નુકશાની વેઠવી ન પડે તે માટે પલળેલા માલના યોગ્ય ભાવ નક્કી કરી વળતર ચૂકવવામાં આવશે મગફળી સિવાયનો કોઈ જણસી પલળી ન હોવાનું તેઓએ જણાવ્યું હતુ. આ ઉપરાંત જેતપુર માર્કેટીંગ યાર્ડમાં ખૂલ્લામાં રાખવામાં આવેલી મરચાની ભારી પલળી ગઈ હતી. યાર્ડમાં સત્તાધીશોની બેદરકારીના કારણે જગતાતે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો. દસાડા તાલુકામાં બુધવારે મોડી રાત્રે તેમજ બીજે દિવસે ગુરુવારે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વાવાઝોડુ ફૂંકાતા રણમાં પાકવાની અણી પર પહોંચેલ મીઠાને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું.

હાલ ૦૮ મહીનાની મહેનત બાદ અગરિયાઓ દ્વારા પકવેલ મીઠુ રણમાંથી બહાર લાવવાની કામગીરી ચાલી રહી છે તેવામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ ખાબકતા અગરિયાઓની સોલર પ્લેટ તૂટી જતા તેમજ મીઠા પર માટીના થર જામી જતા વેપારી અને અગરિયાઓને લાખોનુ નુકસાન પહોંચ્યું છે. સરકાર દ્વારા સર્વે કરી સહાય આપવામાં આવે તેવી અગરિયાઓ દ્વારા માંગ કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ પાટડીમાં કમોસમી વરસાદ વરસતા એપીએમસીમા રાખવામાં આવેલ કપાસ, એરંડાની જણસ પલળી જતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી અને પલળી ગયેલ જણસ સલામત સ્થળે ખસેડવામાં આવી હતી જ્યારે પાટડી એપીએમસીમા રાખેલ જણસ પલળી જતા વેપારીઓને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું હતુ.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** રાજકોટ નિવાસી મૂળ બામણગઢવાળા વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિના અગ્રણી, શ્રી યુનિવર્સલ સ્કૂલ અને બ્રિલિયન્ટ સ્કૂલના સંચાલક ભગવાનજીભાઈ ઘુસાભાઈ સુરાણી કાશીબેનના પતિ, અરૂણભાઈ, હંસાબેન મુળાશીયા, ભાવનાબેન લાઠિયા, ગીતાબેન હરણેશા, શોભનાબેન નળીયાપરા અને કૃપાબેન મારડીયાના પિતા અને હરિભાઈ, અરવિંદભાઈ, હરસુખભાઈ, પ્રવિણભાઈના કાકા તેમજ મનિષાબેનનાં સસરા અને તરૂણભાઈ, કિશનભાઈ, દર્શનભાઈ, જયભાઈ, ભવ્ય અને કર્તવ્ય, દ્રષ્ટિના દાદા અને લીલાધરભાઈ જોટાણીયા તેમજ ધીરૂભાઈ જોટાણીયાના બનેવીનુ તા. ૧૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન નહેરૂનગર સોસાયટી હોલ, નાના મવા રોડ, મારવાડી બિલ્ડીગની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** અશ્વિનકુમાર ગીરધરલાલ (ઉ.વ. ૬૨) મૂળ ગામ હડીયાણા હાલ રાજકોટ તે વસંતભાઈ, મનસુખભાઈ અગ્રાવતના નાના ભાઈ, મનીષભાઈ અગ્રાવતના મોટાભાઈ, યસ અગ્રાવત, પૂજાબેન, પૂર્વીબેનના પિતાનું તા.૧૯/૩ ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ ૨૦ ને શનિવારે બપોરે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન રાધા નગર શેરી નંબર ચાર ઢેબર રોડ સાઉથ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ડોલર સામે રૂપિયો ૯૩.૪૯ની નીચલી સપાટીએ પહોંચતા હાહાકાર

## એક જ દિવસમાં રૂપિયો ૭૫ પૈસા તૂટ્યો: આગામી દિવસોમાં મોંઘવારી માઝા મૂકશે

**અબતક, રાજકોટ**

ઈરાન - ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે છેલ્લા ૨૧ દિવસથી ચાલી રહેલા ભીષણ યુદ્ધની અસર હવે વિશ્વભરમાં ખૂબ જ વર્તાવા માંડી છે. પેટ્રોલ અને ડિઝલ સહિતના ઈંધણની અછત વર્તાવા લાગી છે. બીજી તરફ રોકાણકારો પણ હવે અસમંજસમાં મૂકાઈ ગયા છે. જેના કારણે ભારતીય શેરબજારમાં ટ્રેક નક્કી થઈ શકતો નથી. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયામાં એકધારૂં ધોવાણ થઈ રહ્યું છે. આજે રૂપિયો ૯૩.૪૯ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચી જતા હાહાકાર મચી ગયો છે. ડોલર વધુ મજબૂત બનતા આગામી દિવસોમાં મોંઘવારી માઝા મૂકે તેવી દહેશત પણ ઉભી થવા પામી છે. રૂપિયામાં આજે નરમાશ છતા શેરબજારમાં બાઉન્સબેક જેવો માહોલ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં ગઈકાલે તોતીંગ ગાબડા પડ્યા બાદ આજે ગ્રીન ઝોનમાં કામકાજ કરતા દેખાતા હતા. આજે સપ્તાહના અંતિમ ટ્રેડીંગ સેશનમાં મુંબઈ શેરબજારના બંને આગેવાન ઈન્ડેક્સ ગ્રીન ઝોનમાં ખૂલ્યા હતા. સેન્સેક્સે આજે ઈન્ટ્રાડેમાં ફરી એકવાર ૭૫ હજારની સપાટી ઓળંગી હતી. દિવસ દરમિયાન ૭૫૨૮૬.૩૯ની સર્વોચ્ચ સપાટી હાંસલ કરી હતી. જ્યારે સરકીને ૭૪૫૩૫ પર આવી ગયો હતો. જ્યારે નિફ્ટીએ પણ આજે ૨૩૩૦૦ની સપાટી કૂદાવી હતી અને ૨૩૩૪૫.૧૫નો દિવસ દરમિયાનનો હાઈ હાંસલ કર્યો હતો. નીચલી સપાટી ૨૩૧૦૯.૯૦ રહેવા પામી હતી. બેંક નિફ્ટીમાં ૩૦૯ અને નિફ્ટી મિડકેપ-૧૦૦માં ૬૨૦ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. આજે ટાટા, વોડાફોન-આઈડીયા, આઈનોક્સ વિન્ડ, ભેલ, જીન્દાલ સ્ટીલ, રિલાયન્સ, એસબીઆઈ, યશ બેંક, સુઝલોન એનર્જી, ઈન્ટર્નલ સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે એમસીએક્સ ઈન્ડિયા, નાલ્કો, પેટ્રોનેટ એલએનજી, બીએસઈ લીમીટેડ, કોનીક્સ મિલ્સ, એચડીએફસી બેંક, શ્રીરામ ફાયનાન્સ સહિતની કંપનીઓના શેરોના ભાવમાં ઘટાડો રહ્યો હતો. ગઈકાલે બૂલીયન બજારમાં જોરદાર કડાકા બોલી ગયા હતા. આજે સોના અને ચાંદીના ભાવમાં ઉછાળો રહ્યો હતો. ચાંદીના ભાવ ૪૨૦૦ જ્યારે સોનાના ભાવ ૨૫૦૦નો ઉછાળો રહ્યો હતો. અમેરિકી ડોલર સામે આજે ભારતીય રૂપિયો કલ્પનાતીત હદે તૂટ્યો હતો. એક જ દિવસમાં ૮૦ પૈસાથી વધુનો કડાકો બોલી ગયો હતો. આજે ડોલર સામે રૂપિયો ૯૩.૪૯ની સર્વકાલીન નીચલી સપાટીએ પહોંચી ગયો હતો. જેની અસરના કારણે આગામી દિવસોમાં મોંઘવારી વધે તેવા સંકેતો દેખાઈ રહ્યા છે. આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૬૬૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૪૮૭૩ અને નિફ્ટી ૨૧૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૨૧૭ પોઈન્ટ પર કામકાજ કરી રહી છે. જ્યારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૭૯ પોઈન્ટના ઘટાડા સાથે ૯૩.૪૩ પર ટ્રેડ કરી રહ્યો છે.

## રૂપિયામાં તોતીંગ ઘટાડો છતા શેરબજારમાં બાઉન્સ બેક જેવો માહોલ: સેન્સેક્સ અને નિફ્ટીમાં ઉછાળો

# આરોગ્ય કેન્દ્ર પરથી મરણના દાખલા સવારથી રાત્રિ સુધી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ

## પૂર્વ કોર્પોરેટર નિલેશભાઈ જલુ દ્વારા મ્યુની.કમિશનરને રજૂઆત

**અબતક, રાજકોટ**

આરોગ્ય કેન્દ્ર પરથી મરણના દાખલા સવાર ૭થી રાત્રિના ૯ કલાક સુધી મળે તેવી વ્યવસ્થા ગોઠવવાની રજૂઆત પૂર્વ કોર્પોરેટર નિલેશભાઈ જલુ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને કરી છે.

તેઓએ જણાવ્યું છે કે હાલ શહેરમાં કોર્પોરેટરની મુદ્દત પૂર્ણ થયેલ હોય નવા કોર્પોરેટરની નિમણુંક ન થાય ત્યાં સુધી શહેરમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના વૃધ્ધોના અવસાન વૃધ્ધાવસ્થાના કારણે મૃત્યુ થાય ત્યારે મૃત્યુ પામેલના દાખલા બાબત જે સમય સાથે આરોગ્ય કેન્દ્રમાં વ્યવસ્થા ગોઠવેલી તે નિર્ણય સારો અને સરાહનીય છે. પરંતુ સાંજના ૬:૦૦ વાગ્યા પછી કોઈપણ વ્યકિતનું ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના વૃધ્ધાનું



મૃત્યુ થાય છે ત્યારે ગુજરી ગયેલ વ્યકિતના પરિવારોને મૃત્યુ થનારનો દાખલો કઢાવવા માટે બીજા દિવસે ૯:૦૦ પછી જ આરોગ્ય કેન્દ્રમાં મૃત્યુ પામેલનો દાખલો આરોગ્ય કેન્દ્રમાં મળવાપાત્ર થતો હોય છે. જેના કારણે મૃત્યુ પામનારના પરિવારજનોને ડેડ બોડી ૧૫ કલાક સુધી ઘરમાં રાખવી પડતી હોય છે. જેના હિસાબે પરિવારજનોને ખુબ જ મુશ્કેલીઓ ઉભી થાય છે જે મુશ્કેલી દુર કરવા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા અથવા સમયમાં સુધારો કરવા સવારનો સમય ૯ કલાકના બદલે ૭ કલાકનો અને રાત્રીનો સમય ૬ કલાકની જગ્યાએ ૯ કલાકનો મૃત્યુના દાખલા કાઢવાનો સમય સવારના ૭ કલાકથી રાત્રીના ૯ કલાક સુધી અવસાન પામેલ પરિવારને દાખલો મળી રહે તેવી આરોગ્ય કેન્દ્રમાં તેમજ વધારાની મેડીકલ ઓફિસરો મૂકી યોગ્ય કરશો.

# ગાયને રાજમાતા જાહેર કરવાના કોંગ્રેસના અભિયાનમાં જોડાવવા વસાવડા-જાડેજાનું આહવાન

**અબતક, રાજકોટ**

કોંગ્રેસના પ્રમુખ અમીતભાઈ ચાવડા ધારાસભામાં ગૌહત્યા બંધ કરવા અને ગાયને રાજમાતા જાહેર કરવાનું ખાનગી વિધેયક લઈ આવ્યા છે. ચાલુ સત્રમાં આ વિધેયક પર મતદાન થવાનું છે. સનાતન ધર્મનો અંચબો પહેરી સત્તામાં બેસેલી ભારતીય જનતા પક્ષની સરકાર આ બાબત નકારાત્મક વલણ રાખી રહી છે. સનાતનની વાત કરી દેખાડા પુરતા મંદિરમાં જતા ભારતીય જનતા પક્ષના નેતાઓ આ વિધેયક ગૌહત્યા બંધ કરવા તથા ગાયને રાજમાતા જાહેર કરવા બાબતે બીલકુલ ચુપ છે.



ત્યારે સૌરાષ્ટ્રભરના સંત મહંતો અને ગૌરક્ષકોને કોંગ્રેસની સાથે આવવા ડો. હેમાંગ વસાવડા અને ડો. રાજદીપસિંહ જાડેજાએ આહવાન કર્યુ છે. આવતા દિવસોમાં ભારતીય જનતા પક્ષના ધારાસભ્યોને આ બાબત મનાવવા અને હીંમત બતાવવાનું સમજાવવા ડો. રાજદીપસિંહ જાડેજા, ડો. હેમાંગ વસાવડાની આગેવાનીમાં કોંગ્રેસના કાર્યકરો જાય ત્યારે રક્ષકો અને સંત-મહંતોને જાહેર આમંત્રણ છે.

# ગલોરિયા પરિવારનું સ્નેહમિલન યોજાયું



**અબતક, રાજકોટ**

ગલોરિયા પરિવાર દ્વારા ત્રીજું પરિવાર સ્નેહમિલન આનંદમય અને ઉત્સાહભર્યા માહોલમાં સફળતાપૂર્વક યોજાયું. આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ પરિવારમાં પરસ્પર પ્રેમ, એકતા અને સંવાદ વધારવાનો તેમજ આજના ઝડપી જીવનમાં પરિવારજનોને એકબીજાને વધુ સારી રીતે ઓળખવાનો હતો. કાર્યક્રમમાં વિવિધ સભ્યો દ્વારા પરિવારની એકતા, સહકાર અને સંસ્કારના મહત્વ અંગે પોતાના વિચારો વ્યક્ત કરવામાં આવ્યા. સ્નેહમિલન દરમિયાન પરિવારના બાળકો અને યુવાનો દ્વારા વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પણ રજૂ કરવામાં આવી હતી, કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને સર્વે ભવંતુ સુખિનઃ ના સંદેશ સાથે પરિવારની સુખ-સમૃદ્ધિ માટે શુભેચ્છા વ્યક્ત કરી.

# ઓખા-દહેરાદુન એકસપ્રેસ ટ્રેન સપ્તાહમાં એકવાર જ ચાલતા મુસાફરોને મુશ્કેલી: રામભાઈ મોકરીયા

## રાજકોટ-સૌરાષ્ટ્રમાંથી હરિદ્વાર જતા મુસાફરોનું લાંબુ વેઈટીંગ, રેલ કનેકિટવિટી વધારવા રજુઆત

**અબતક, રાજકોટ**

ઓખા - દેહરાદુન એકસપ્રેસ ટ્રેન સપ્તાહમાં એક જ વાર ચાલે છે. જેને કારણે રાજકોટ-સૌરાષ્ટ્રનથી દહેરાદુન જતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રેલ કનેકટિવીટી વધારવા માટે રજુઆત રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયાએ કરી છે. સંસદ સભ્ય રામભાઈ મોકરીયાએ રજૂઆત કરતા જણાવેલ છે કે અત્યારે ઓખા દેહરાદુન એક્સપ્રેસ ટ્રેન ૧૯૫૬૫/૧૯૫૬૬ અઠવાડિયામાં એક વખત ચાલે છે જેને કારણે સૌરાષ્ટ્રના મુસાફરોને તેમજ સિનિયર સિટીઝનોને ધાર્મિક રીતે હરિદ્વાર ની મુલાકાત લેવા માટે આ એકમાત્ર ટ્રેન છે આ ટ્રેનની અંદર વેઈટિંગ લિસ્ટ વધુ હોવાને કારણે ટ્રેનના મુસાફરોને ખૂબ મુશ્કેલી અનુભવી પડે છે.આ ટ્રેન સવારે ૧૦:૩૦ કલાકે ઓખાથી ઉપડે છે અને વહેલી સવારે ૭:૪૫ વાગ્યે દહેરાદૂન પહોંચે છે વળતા આ ટ્રેન વહેલી સવારે ૫/૫૦ કલાકે દેહરાદુનથી ઉપડીને બીજા દિવસે ૧૬/૧૫ વાગ્યે ઓખા પહોંચે છે આ ટ્રેન સૌરાષ્ટ્રના લોકોને અંત્યત મહત્વપૂર્ણ ટ્રેન છે અમદાવાદથી ૠષિકેશ જવા માટે યોગનગરી ૠષિકેશ યોગ એક્સપ્રેસ ટ્રેન ચાલુ છે પરંતુ આ ટ્રેનમાં કન્ફર્મ ટિકિટ ન મળતી હોવાથી સૌરાષ્ટ્રમાંથી ૠષિકેશ



હરિદ્વાર તેમજ ચારધામ યાત્રા કરવા માટે માત્ર એક જ ઓખા દેહરાદુન ટ્રેન હોવાથી તેમજ લોકોની માંગ સંતોષવા માટે રાજકોટ થી હરિદ્વારની ટ્રેન આપવા માટે ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી.

# નાના મવા સર્કલના ગ્રાઉન્ડમાં કાલથી મિલેટ મહોત્સવ, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ઉદ્‌ઘાટન

## મિલેટમાંથી તૈયાર કરવામાં આવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓ આકર્ષણનું કેન્દ્ર બનશે

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રાજકોટના આંગણે આગામી ૨૧ અને ૨૨ માર્ચ, ૨૦૨૬ દરમિયાન 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. 'સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સંસ્કૃતિનો અનેરો ઉત્સવ' ગણાતા આ કાર્યક્રમનું ઉદઘાટન રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે જિલ્લાના અન્ય વરિષ્ઠ આગેવાનો અને ઉચ્ચ અધિકારીઓ પણ વિશેષ ઉપસ્થિત રહેશે.

રાજકોટના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાના મૌવા સર્કલ પાસે આવેલા કોર્પોરેશન ગ્રાઉન્ડ ખાતે આ બે દિવસીય મહોત્સવ યોજાશે. આ પ્રદર્શનમાં મિલેટ (શ્રી અન્ન) માંથી તૈયાર કરવામાં આવેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓ અને પ્રોડક્ટ્સ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બનશે. આ આયોજનનો મુખ્ય હેતુ લોકોમાં બરછટ અનાજના ઉપયોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો અને સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાનો છે. આ



મહોત્સવમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત શુદ્ધ અને રસાયણમુક્ત કૃષિ પેદાશોના વેચાણ માટે પણ ખાસ સ્ટોલ્સ ઊભા કરવામાં આવશે. આ માધ્યમથી શહેરના નાગરિકો સીધા ખેડૂતો પાસેથી ગુણવત્તાયુક્ત અને તાજી ચીજવસ્તુઓ ખરીદી શકશે. આ મહોત્સવ બંને દિવસ સવારે ૦૯:૦૦ થી રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લો રહેશે.

# પ્રથમ વેરા બિલમાં વ્યાજનું મીટર નહીં ચડે આકરણી સમયે બંધ મિલકતોને મળશે લાભ

## આગામી ૩૧મીએ વ્યાજ માફી યોજના થશે પૂર્ણ

**અબતક, રાજકોટ**

ટેક્સ બ્રાન્ચે ટાર્ગેટ પુરો કરવા માટે મિલકત સીલીંગ અને જપ્તી સહિતની ઝુંબેશ શરૂ કરી છે. દરમિયાન આકરણીમાં બાકી મિલ્કતો માટે નવી સ્કિમ લાગુ કરવામાં આવી છે.આકરણી વખતે અનેક મિલ્કતો બાકી રહી ગયેલી મિલકતોમાં વ્યાજ ચડત થઈ જવાથી આજ સુધી બીલ ભર્યુ નથી.તેને વ્યાજ માફી આપવામાં આવશે. આગામી ૩૧મીએ વ્યાજ માફી યોજના પૂર્ણ થઈ જશે.

આજ સુધી નોંધાયેલ ન હોય તે પ્રકારની મિલ્કતોનો કરોડો રૂપિયાનો વેરો આજે પણ બાકી હોય તંત્ર દ્વારા હવે આ પ્રકારના આસામીઓ માટે સ્કીમ લાગુ કરી વેરાબીલ જ આજ સુધી ન મળ્યું હોય તેમને વ્યાજમાફી આપવામાં આવશે.

કાર્પેટ એરીયા પધ્ધતી અમલમાં આવી ત્યારે માપણીમાં એજન્સી દ્વારા બેદરકારી દાખવતા અનેક મિલકતોને નવી પધ્ધતી મુજબનું વેરા બિલ નથી મળ્યુ તેમજ અનેક મિલકતોને આજ સુધી વેરા બિલ મળેલ ના હોય આ પ્રકારના મિલકત ધારકો ઉપર તોતીગ વ્યાજનું ભારણ થતા મનપાના કરોડો રૂપિયા અટવાઈ જતા તંત્રએ હવે એક પણ વેરા બિલ ન મળ્યુ હોય તેવા આસામીઓએ વ્યાજ નહીં ભરવુ પડે અને મુદત રકમ જમા કરી શકશે. વર્ષો જૂના બાંધકામો કે જેની વેરાવિભાગમાં એન્ટ્રી ન થઈ હોય તેવી મિલ્કતોનો આજે પણ વર્ષોથી વેરો બાકી રહી ગયો છે. અરજદારો મહાનગરપાલિકાના તોતીંગ વ્યાજના દરે મિલ્કતવેરાની આકરણી કરાવતા નથી. આથી તંત્ર દ્વારા હવે ફોડ પાડવામાં આવ્યો છે કે, વર્ષો જૂની મિલ્કતો કે જેની નોંધણી વેરાવિભાગમાં ન થઈ હોય અને અગાઉ પણ વેરાબીલ ન મળ્યું હોય તેવા મિલ્કતધારકોને આજ સુધીના વેરાની રકમમમાં વ્યાજ ભરવું નહીં પડે.

મનપા દ્વારા અગાઉ મનઘડત રીતે મિલ્કતવેરો લેવામાં આવતો હતો. ૨૦૧૧થી મહાપાલિકાએ કાર્પેટ એરિયા આધારિત મિલ્કતવેરા પદ્ધતિ અમલમાં મુકી છે. તે સમયે શહેરની ૪.૭૦ લાખથી વધુ મિલ્કતોનું સર્વે કરવા માટે પ્રાઈવેટ એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું. એન્ટ્રી થયેલી મિલ્કતોને વ્યાજ માફીમાંથી મુકિત નથી આપી પરંતુ આ પ્રકારની એન્ટ્રીઓ મેન્યુઅલી કરવામાં આવેલ હોય વેરાવિભાગે આ પ્રકારની એન્ટ્રીઓ રદ કરાવી નવો વેરો મિલ્કતનો કઢાવવામાં આવેતેવા બનાવો પણ બની શકે છે તેમ જણાવતા હવે જૂની એન્ટ્રી રદ કરવાનું પણ કારસ્તાન થવાની સંભાવનાઓ જોવાઈ રહી છે.

# કોર્પોરેશન એટલે ભાજપની આજ્ઞાથી ચાલનારૂ પીઠું: વશરામ સાગઠીયાનો ટોણો

## ચકલીના માળા અને પાણીના કુંડા વિતરણની પત્રિકામાં ભાજપના નેતાઓ જ મહેમાન: જીવદયા પ્રેમીઓ વિસરાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના ભાજપની આજ્ઞા અનુસાર ચાલવાવાળા અને ભાજપનું પીઠું બની ગયું છે.તેમ પૂર્વ વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠિયાએ જણાવ્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે,કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર પોતાને એ જ્ઞાન નથી કે ચકલીના માળા અને પાણીના કુંડા વિતરણની આમંત્રણ પત્રિકામાં ક્યાંય વહીવટદારનું નામ નથી.પણ ભાજપના શહેર પ્રમુખનું નામ છે તો કયા અનુસંધાને નામ લખ્યું છે કઈ સિસ્ટમમાં આવે છે.મોહનભાઈ કુંડારિયા કે જે ભાજપના સહ કોષાઅધ્યક્ષ છે પ્રદેશ સમિતિમાં છે તેમનું નામ કયા અનુસંધાને લખ્યું છે.રાજકોટના કમિશનરે ન ભૂલવું જોઈએ કે ફક્ત પ્રજાના પરસેવાના કમાણીના પૈસાનો પગાર મેળવે છે કમિશનર એ ન ભૂલવું જોઈએ વહીવટદાર એ ડાયરેક્ટ સરકારએ નિયુક્ત કર્યા છે.એટલે પહેલા તો વહીવટદારનું નામ ફરજિયાત છે બીજું ભાજપના પ્રમુખનું નામ લખતા હો તો તમારે કોંગ્રેસના પ્રમુખનું લખવું પડે અને આપના પ્રમુખનું લખવું પડે પણ આ એક પણ નામ કાયદેસર આપ લખી શકતા નથી તેમ છતાંય આપે લખ્યું છે એ બહુ નિંદનીય છે અને ભાજપના કહેવાતા અને અંદરખાને આપ ભાજપના કાર્યકરો છો તે સ્પષ્ટ દેખાય છે.




વિશ્વ કવિતા દિવસ નિમિત્તે

# સાહિત્ય સેતુ દ્વારા કાલે કવિ સંમેલનમાં મુર્ધન્ય કવિઓની રચનાઓથી સૌરાષ્ટ્ર હાઈસ્કુલનું ઓડિટોરિયમ ગુંજી ઉઠશે

## કવિ સંમેલનમાં સાહિત્ય જગતના સિતારાઓ એક મંચ પર કરશે "પ્રબુદ્ધ મંચન"

**અબતક, રાજકોટ**

સાહિત્ય કલારસિક રાજકોટમાં આવતીકાલે કવિ સંમેલનમાં કવિઓની રચનાઓથી સૌરાષ્ટ્ર હાઈસ્કુલ નું વિજયભાઈ ધોળકિયા ઓડિટોરિયમ હોલ ગુંજી ઉઠશે કવિ સંમેલનમાં સાહિત્ય જગતના સીતારાઓ એક મંચ પર પ્રબુદ્ધ મંચન કરી સાહિત્ય રસીકોને મોજ કરાવશે,

રાજકોટ સહીત સૌરાષ્ટ્રમાં સેવા માટે જાણીતા દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ ઢોલરા પ્રેરિત સાહિત્ય સેતુ દ્વારા આવતીકાલે ૨૧મી માર્ચ વિશ્વ કવિતા દિવસની ઉજવણી નિમિત્તે સાંજે સવા પાંચ વાગે કાલાવડ રોડ પર આવેલ સૌરાષ્ટ્ર હાઈસ્કૂલના વિજયભાઈ ધોળકિયા ઓડિટોરિયમ માં કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કવિ સંમેલનમાં રાજકોટ અને અમરેલીના સાહિત્ય જગતના સીતારા સમા કવિઓ વિવેચક નરસિંહ મહેતા એવોર્ડ સહિતના પુરસ્કાર મેળવનાર કવિ સંજુભાઈ વાળા ,વિરાણી હાઈસ્કૂલના નિવૃત શિક્ષક કવિ અને ચારથી વધુ પુસ્તક પ્રકાશિત કરનાર મહેન્દ્ર જોશી, લેખક વક્તા કોલમિસ્ટ જવલંત છાયા, અમરેલીના કવિ હરજીવન દાફડા, બગસરાના શિક્ષક કવિ સ્નેહી પરમાર, કવિ ભાર્ગવ ઠાકર ,યુવા કવિ વિકિ ત્રિવેદી, સહિતના કવિઓ પોતાની રચનાઓ નું પઠન કરશે.



કવિ સંમેલનનું સંચાલન ડો સુનીલ જાદવ કરશે વિશ્વ કવિતા દિવસની ઉજવણી ના કવિ સંમેલનમાં ઉપસ્થિત તમામ કવિઓનું ભારતીય પરંપરા મુજબ કુમકુમ તિલક કરી ખેસ પહેરાવી પુસ્તક ,શ્રીફળ ,સાકરના પડાથી સ્વાગત કરવામાં આવશે આ કાર્યક્રમની સફળતા માટે સાહિત્ય સેતુ ના પ્રમુખ વસંતભાઈ ગાદેશા, મુકેશ દોશી ના માર્ગદર્શન હેઠળ અનુપમ દોશી, જનાર્દન આચાર્ય, સુનિલ વોરા, નલિન તન્ના, પંકજ રૂપારેલીયા ,સુધીર દત્તા, પ્રકાશ હાથી, નેષધભાઈ વોરા, પરિમલ જોશી ,વિપુલભાઈ ભટ્ટ, દિનેશભાઈ ગોવાણી, જયેન્દ્રભાઈ મહેતા, મહેશ પરમાર, જીતુભાઈ ગાંધી, રમેશભાઈ શીસાંગિયા ઉપમન્યુ રાવલ, મહેશ જીવરાજાની, મહેશ વ્યાસ, દક્ષિણભાઈ જોશી, શરદ દવે, કિશોર ટાકોદરા જહેમત ઉઠાવી રહ્યા છે

ટ્રમ્પ યુદ્ધના ચક્રવ્યૂહમાં 'ટ્રેપ' થયા

# અમને પૂછીને યુદ્ધ કર્યું હતું? : ઈઝરાયેલ-જાપાનનો અમેરિકાને સણસણતો જવાબ

## ટ્રમ્પને કોઈ સલાહ આપી ન શકે: નેતન્યાહુએ અમેરિકાના પ્રભાવની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યું

**અબતક, રાજકોટ**

શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે કે યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત , અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ અર્થાત્, જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, ત્યારે સત્યની સ્થાપના માટે સંઘર્ષ અનિવાર્ય બને છે. પરંતુ વર્તમાનમાં પશ્ચિમ એશિયાની રણભૂમિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાલત મહાભારતના એ 'અભિમન્યુ' જેવી થઈ ગઈ છે, જેણે ઉત્સાહમાં આવીને ઈરાન સામેના યુદ્ધના ચક્રવ્યૂહમાં પ્રવેશ તો કરી લીધો, પરંતુ હવે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ જડતો નથી. ન્યૂયોર્ક ટાઈમ્સથી લઈને વૈશ્વિક મીડિયા સુધી ચર્ચા છે કે શું ટ્રમ્પ એક અજેય અને અનંત યુદ્ધની જાળમાં ફસાઈ ગયા છે?

પ્રખ્યાત લેખક નિકોલસ ક્રિસ્ટોફના મતે, અમેરિકા ઈરાન સાથેના એક એવા યુદ્ધમાં ઉતરી ગયું છે જેનો કોઈ અંત દેખાતો નથી. ટ્રમ્પ ભલે ઈરાન પર બોમ્બમારો કરે, પણ ઈરાન જો હોર્મુઝની સામુદ્રધુની રોકી દેશે તો વિશ્વની અર્થવ્યવસ્થા પડી ભાંગશે. આ સ્થિતિ ૧૯૬૫ના વિયેતનામ યુદ્ધ જેવી છે, જ્યાં દરેક લશ્કરી સફળતા અમેરિકાને વધુ ઊંડા કાદવમાં ધકેલી રહી છે. ઈરાને શરત મૂકી છે કે જ્યાં સુધી અમેરિકા તેની ધરતી પરથી હટે નહીં, ત્યાં સુધી યુદ્ધ વિરામ શક્ય નથી.

બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક પ્રેસ બ્રીફિંગમાં અમેરિકાને 'સણસણતો જવાબ' આપતા કહ્યું છે કે ઈઝરાયલે પોતાની રીતે ઈરાનના ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ટ્રમ્પને યુદ્ધમાં ધકેલી રહ્યા છે, ત્યારે તેમણે વ્યંગમાં કહ્યું, ''કોઈને એવું લાગે છે કે ટ્રમ્પને કોઈ કહી શકે કે તેમણે શું કરવું? તેઓ હંમેશા



પોતાના જ નિર્ણયો લે છે.'' જોકે, નેતન્યાહુએ દાવો કર્યો છે કે ઈરાનની શક્તિ હવે ખતમ થઈ રહી છે અને આ યુદ્ધ જલ્દી સમાપ્ત થશે.આ સંઘર્ષ વચ્ચે ટ્રમ્પે જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી સાથેની મુલાકાતમાં એક વિવાદાસ્પદ ટિપ્પણી કરી. જ્યારે સાથી દેશોને વિશ્વાસમાં લીધા વગર હુમલો કરવા અંગે પ્રશ્ન પૂછાયો, ત્યારે ટ્રમ્પે મજાકમાં કહ્યું, ''અમારે અચાનક હુમલો કરવો હતો, અને જાપાનથી વધુ આ કોણ સમજી શકે? તમે પણ મને 'પર્લ હાર્બર' વિશે ક્યાં પૂછ્યું હતું?'' આ ટિપ્પણીથી જાપાનના વડાપ્રધાન સ્તબ્ધ થઈ ગયા હતા. ટ્રમ્પ હવે જાપાન પાસે યુદ્ધમાં મદદ માંગી રહ્યા છે, પરંતુ જાપાન તેના શાંતિવાદી બંધારણને કારણે મજબૂરી અનુભવી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ અત્યારે બેધારી તલવાર પર ચાલી રહ્યા છે. એકબાજુ ઈઝરાયલ પોતાની જીત માટે અમેરિકાનો સાથ ઈચ્છે છે, તો બીજી બાજુ જાપાન જેવા સાથી દેશો ઐતિહાસિક ટોણાંઓથી આશ્ચર્યચકિત છે. શું ટ્રમ્પ આ ચક્રવ્યૂહને તોડીને બહાર નીકળશે, કે પછી વિયેતનામની જેમ આ યુદ્ધ અમેરિકા માટે 'ઐતિહાસિક ભૂલ' સાબિત થશે?

# નિકાસકારોના માલ પહોંચાડવા સરકારનું બુસ્ટર ડોઝ

## પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે નિકાસકારો માટે ૪૯૭ કરોડ રૂપિયાનું 'રિલીફ' પેકેજ જાહેર

## સરકાર ૧૦૦ ટકા નુકસાનની ભરપાઈ કરશે, નિકાસકારોની સ્થાનિક જરૂરિયાતોને અપાશે પ્રાધાન્ય

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે નિકાસકારોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ભારત સરકારે ૪૯૭ કરોડ રૂપિયાના નિકાસ સહાય પેકેજની જાહેરાત કરી છે. આ પેકેજથી નિકાસકારોને વિમા કવર અને લોજિસ્ટિક્સમાં રાહત મળશે. યુદ્ધના જોખમોને કારણે માલભાડા અને પ્રીમિયમમાં થયેલા વધારાની સામે રક્ષણ આપવા અને નુકસાની ઘટાડવા માટે સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.આ નવી યોજનાને 'રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન' નામ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ હોર્મુઝની સામુદ્રધુની સહિત સંઘર્ષગ્રસ્ત રૂટ પર આવતા ૧૭ જેટલા દેશોમાં થતી નિકાસને આવરી લેવાશે. જ્યારે વૈશ્વિક રિઈન્શ્યોરન્સ કંપનીઓ આ રૂટ પરથી પીછેહઠ કરી રહી છે, ત્યારે વેપારના પ્રવાહને સ્થિર કરવા અને ભારતીય નિકાસકારોના ઓર્ડર રદ થતા અટકાવવા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

### નાના નિકાસકારોને મળશે મોટી રાહત

મુખ્ય રૂટો પર માલભાડાના દરમાં અચાનક થયેલા વધારાને કારણે મર્યાદિત કાર્યકારી મૂડી ધરાવતા નાના નિકાસકારો પર ભારે દબાણ આવ્યું હતું. આ યોજના અંતર્ગત નિકાસ જવાબદારીઓમાં આપોઆપ વધારો, લોજિસ્ટિકલ સપોર્ટ અને વિલંબને પહોંચી વળવા માટે સંભવિત નાણાકીય પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી નાના અને મધ્યમ કદના નિકાસકારોને કામગીરી ચાલુ રાખવામાં મોટી રાહત મળશે.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંકટની વ્યાપાર પર સ્પષ્ટ અસર થઈ છે અને મધ્ય પૂર્વમાં વ્યાપાર કરતા નિકાસકારોમાં ચિંતાનો માહોલ છે. આ યોજના મુખ્યત્વે એવા ભૌગોલિક વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે આ વિક્ષેપથી સૌથી વધુ પ્રભાવિત છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત પશ્ચિમ એશિયામાં અનાજનો પુરવઠો પૂરો પાડવાનું ચાલુ જ રાખશે, પરંતુ નિકાસનું પ્રમાણ લોજિસ્ટિક્સ પડકારો અને સતત વધી રહેલા ખર્ચ પર આધારિત રહેશે.સરકારનું સ્પષ્ટ માનવું છે કે કોઈપણ સંજોગોમાં સ્થાનિક જરૂરિયાતોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. જો ઊર્જાની જરૂરિયાતોને કારણે અમુક વ્યવસાયો મર્યાદિત થઈ રહ્યા હોય, તો પણ સ્થાનિક માંગને પહેલા સંતોષવામાં આવશે અને

### માર્ચની નિકાસ પર મર્યાદિત અસર રહેવાની સંભાવના

અધિકારીઓએ જણાવ્યું છે કે આ તમામ લોજિસ્ટિક્સ વિક્ષેપો છતાં માર્ચ મહિનાના એકંદર નિકાસના આંકડાઓ પર તેની અસર મર્યાદિત રહેવાની સંભાવના છે. સરકારે સમયસર લીધેલા પગલાં અને જાહેર કરેલા ૪૯૭ કરોડના પેકેજના કારણે નિકાસકારોનો આત્મવિશ્વાસ જળવાઈ રહેશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય માલસામાનની નિકાસમાં આવતી મોટાભાગની અડચણો દૂર થશે.

નિકાસ રાહ જોઈ શકે છે તેમ સચિવે સ્પષ્ટ કર્યું હતું. આ પહેલું પગલું છે અને આગામી સમયમાં બેન્કિંગ અને ફાઈનાન્સ સંબંધિત અન્ય રાહતો પણ જાહેર કરવામાં આવી શકે છે.આ 'રિલીફ' યોજનાનું અમલીકરણ સરકારી માલિકીની એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. આ યોજના વિક્ષેપના સમયગાળા દરમિયાન મોકલવામાં આવેલા અને આગામી સમયમાં મોકલવાના માલ એમ બંનેને આવરી લેશે. પાત્રતા ધરાવતા કિસ્સાઓમાં, સરકાર દ્વારા વીમા કંપનીને વળતર આપીને ૧૦૦% સુધીના નુકસાનનું કવરેજ પૂરું પાડવામાં આવશે, જ્યારે હાલમાં ઈસીજીસી માત્ર ૭૦ થી ૮૦ ટકા જ જોખમ આવરી લે છે.

સરકાર હવે ''જમાઈ બાબુ'' ઓને તિલાંજલિ આપી રહ્યું છે

# લાલિયાવાળા ૬ રેલવેના બાબુને ફરજિયાત નિવૃત્ત કરાયા

## પગલાનો મુખ્ય હેતુ રેલવેની કાર્યક્ષમતા વધારવાનો અને અધિકારીઓને જવાબદાર બનાવવાનો છે

**અબતક, દિલ્હી**

ભારતીય વહીવટી તંત્રમાં દાયકાઓથી એક એવી માનસિકતા ઘર કરી ગઈ હતી કે 'એકવાર સરકારી નોકરી મળી ગઈ એટલે આજીવન ભાણું પીરસાયેલું જ રહેશે.' આ માનસિકતાને કારણે તંત્રમાં એવા અનેક 'જમાઈ બાબુઓ' પેદા થયા, જેઓ જવાબદારીમાંથી છટકતા હતા અને માત્ર હોદ્દાનો




જ આનંદ માણતા હતા. નવી દિલ્હીમાં ભારતીય રેલવે દ્વારા એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. રેલવેના નિયમોનો ઉપયોગ કરીને, કામમાં બેદરકારી દાખવનારા અને નબળું પ્રદર્શન કરનારા ૬ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે. એટલે કે, તેઓને સમય પહેલા જ નોકરીમાંથી છૂટા કરી દેવાયા છે. આ પગલાનો મુખ્ય હેતુ રેલવેની કાર્યક્ષમતા વધારવાનો અને અધિકારીઓને જવાબદાર બનાવવાનો છે.

સરકાર એવો સંદેશ આપવા માંગે છે કે જો તમે સરકારી પગાર લો છો અને કામ નથી કરતા, તો તેને ચલાવી લેવામાં આવશે નહીં. 'ઈન્ડિયન રેલવે એસ્ટાબ્લિશમેન્ટ કોડ' નામના કાયદા હેઠળ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.જે અધિકારીઓ જનતાના પરસેવાના ટેક્સમાંથી પગાર મેળવે છે, તેમણે હવે પોતાની ખુરશી ટકાવી રાખવા માટે પરિણામ આપવું જ પડશે.

# સાળંગપુરમાં હનુમાન ચરિત્ર કથાનો લાભ લેતા ભાવિકો



**અબતક, રાજકોટ**

શ્રીકષ્ટભંજન દેવના પવિત્ર ધામ સાળંગપુર ખાતે તા.૧૯-૦૩-૨૦૨૬ થી ૨૧-૦૩-૨૦૨૬ દરમિયાન જોબનપુત્રા પરિવાર દ્વારા ભક્તિમય માહોલમાં ત્રિ-દિનાત્મક 'શ્રી હનુમાન ચરિત્ર કથા'નું શોભાયાત્રા અને દીપપ્રાગટ્ય કરી આરંભ કરવામાં આવ્યો હતો. કથાનો સમય સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક અને સાંજે ૦૩:૩૦ થી ૦૬:૩૦ કલાક છે. કથાના વકતા શાસ્ત્રી દર્શનપ્રિયદાસજી પોતાની અમૃતવાણીમાં હનુમાનજીના જીવનના આદર્શો, તેમની અપ્રતિમ ભક્તિ અને સેવાનો મહિમા સમજાવી રહ્યા છે. ભક્તોને હનુમંત ચરિત્રનું રસપાન કરાવતા શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે હનુમાનજીનું જીવન એ દરેક પેઢી માટે પ્રેરણાનો સ્ત્રોત છે. જોબનપુત્રા પરિવાર અને સાળંગપુર ધામના ભક્તો શ્રદ્ધાપૂર્વક કથા શ્રવણનો લાભ લઈ રહ્યા છે. સમગ્ર વાતાવરણ 'જય કષ્ટભંજન'ના નાદ સાથે ગુંજી ઉઠ્યું છે.

# ગિફ્ટ સિટીમાં આંતરરાષ્ટ્રીય સ્તરની ૨૦ રેસ્ટોરન્ટ શરૂ થશે

## ગિફ્ટ સિટી એ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું સાકાર થયેલું સપનું છે, જે હવે સિંગાપોર જેવા વૈશ્વિક કેન્દ્રો સાથે સ્પર્ધા કરી રહ્યું છે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી

**અબતક, રાજકોટ**

ગિફ્ટ સિટી-ગાંધીનગર ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી આઈએફએસસીએ ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬ના ઉદઘાટન સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સત્ર દરમિયાન વડાપ્રધાન ના અગ્ર સચિવ પી. કે. મિશ્રા તેમજ ગિફ્ટ સિટીના નવનિયુક્ત અધ્યક્ષ ઉદય કોટક સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગિફ્ટ સિટી એ માત્ર એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ નથી, પરંતુ દેશના લાખો યુવાનોની સ્પિરિટ અને મૂલ્યોને જાળવી રાખીને તેમના સપનાઓને સાકાર કરવાનું કેન્દ્ર છે.

હર્ષ સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટી હવે સિંગાપોર, દુબઈ, લંડન અને ન્યૂયોર્ક જેવા આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્રો સાથે સીધી સ્પર્ધા કરી રહ્યું છે.

તેમણે કહ્યું હતું કે, ગિફ્ટ સિટીને ન્યુ-એજ ગ્લોબલ ફાઈનાન્સિયલ સેન્ટર બનાવવા માટે હવે 'વર્લ્ડ ક્લાસ ટેલેન્ટ' ઊભું કરવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

સાથે જ, ગિફ્ટ સિટીમાં જ સ્થાપિત અન્ય દેશોની યુનિવર્સિટીઓ પણ આ કામમાં જોડાઈ છે. સરકાર સ્ટ્રક્ચર્ડ ઈન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ ફ્રેમવર્ક દ્વારા આ યુવાનોને મહત્તમ તકો




આપવા કટિબદ્ધ છે,

ગિફ્ટ સિટીમાં કામ કરતા યુવાનોની 'ઈવનિંગ લાઈફ' અને સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને નાયબ મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે, આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં ૨૦થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહે. અન્ય રાજ્યો કરતા ગુજરાતમાં પ્રોત્સાહનોમાં થોડો તફાવત હોઈ શકે, પરંતુ ગુજરાત જેવી રાજકીય અને નીતિગત સ્થિરતા બીજે ક્યાંય નથી. ગુજરાત સરકાર રોકાણકારોના પ્રશ્નો સાંભળવા અને તેમાં તાત્કાલિક સુધારો કરવા હંમેશા તૈયાર છે. તેમણે વિપ્રો જેવી મોટી કંપનીઓનું ગિફ્ટ સિટીમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એ તકોની ભૂમિ છે અને અહીં રોકાણ કરવા માટે આ શ્રેષ્ઠ સમય છે.

આ વેળાએ ગિફ્ટ સિટીના ચેરમેન ઉદય કોટકે ગિફ્ટ સિટીને વૈશ્વિક સ્તરનું ફાઈનાન્સિયલ હબ બનાવવા માટે એક મહત્વપૂર્ણ રોડમેપ રજૂ કર્યો હતો.

આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બદલાતા કૌશલ્યોના યુગમાં ટેલેન્ટના મહત્વ પર ભાર મૂકતા તેમણે ગિફ્ટ સિટીને પરિવર્તન અને ઈનોવેશન માટેની પ્રયોગશાળા ગણાવી હતી. ભારત સરકાર, ગુજરાત સરકાર અને રેગ્યુલેટર વચ્ચેના 'વન ટીમ, વન ડ્રીમ'ના સમન્વય સાથે ગિફ્ટ સિટીને વિશ્વના શ્રેષ્ઠ નાણાકીય કેન્દ્રોની હરોળમાં લાવવાની મક્કમ પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

આ ઉપરાંત કાર્યક્રમના પ્રારંભે આઈએફએસસીએના એક્ઝેક્યુટિવ ડિરેક્ટર દીપેશ શાહે સૌનું શાબ્દિક સ્વાગત કરીને ગિફ્ટ સિટી તથા આઈએફએસસીએ ની વિસ્તૃત ભૂમિકા આપી હતી. જ્યારે, એએનએસઆર ના ફાઉન્ડર અને સીઈઓ લલિત આહુજાએ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.

બાળકો ઓવરવેઈટ થઈ રહ્યા છે

# ખોરાક બાબતની સભાનતા છતાં વજન શા માટે વધે છે?

## ભારત વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ છે જ્યાં બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ સૌથી વધુ છે

**અબતક, અમદાવાદ**

તાજેતરમાં બહાર આવેલા 'વર્લ્ડ ઓબેસિટી એટલાસ ૨૦૨૬'ના આંકડાઓએ ભારત માટે ખતરાની ઘંટડી વગાડી છે. ભારત અત્યારે વિશ્વના એવા ટોચના ત્રણ દેશોમાં સામેલ છે જ્યાં બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ સૌથી વધુ છે. ભારતમાં ૫ થી ૧૯ વર્ષની વયના આશરે ૪.૧ કરોડ બાળકો વધુ વજન ધરાવે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જે પરિવારોમાં ખોરાક બાબતે સભાનતા છે, ત્યાં પણ બાળકોના વજનમાં વધારો જોવા મળી રહ્યો છે.નિષ્ણાતોએ આ વિરોધાભાસ પાછળના કેટલાક ચોંકાવનારા મેટાબોલિક અને જીવનશૈલી સંબંધિત કારણો રજૂ કર્યા છે:ઘણીવાર માતા-પિતા બાળકને પૌષ્ટિક માનીને ડ્રાય ફ્રૂટ્સ, ફળો કે હોલ ગ્રેન (આખા અનાજ) વધુ માત્રામાં આપે છે. ડો. જતિન કુમાર માઝીના જણાવ્યા અનુસાર, હેલ્ધી ફૂડ પણ જો જરૂર કરતા વધુ પ્રમાણમાં લેવામાં આવે, તો તે શરીરમાં કેલરીનો ભરાવો કરે છે. શરીર 'હેલ્ધી કેલરી' અને 'વધારાની કેલરી' વચ્ચે ભેદ નથી કરતું અને તેને ચરબી તરીકે સંગ્રહિત કરે છે.




આધુનિક સમયમાં બાળકોમાં ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સની સમસ્યા વધી રહી છે. જ્યારે શરીર ઈન્સ્યુલિન પ્રત્યે યોગ્ય પ્રતિસાદ નથી આપતું, ત્યારે તે ખોરાકને ઉર્જામાં બદલવાને બદલે ચરબીમાં ફેરવી દે છે. આ પ્રક્રિયામાં ભલે બાળક ઘરનો શુદ્ધ ખોરાક ખાતું હોય, પણ તેનું વજન વધતું રહે છે.બાળપણમાં મેદસ્વીતા પાછળ 'લેપ્ટિન' નામના હોર્મોનની ભૂમિકા મહત્વની છે. આ હોર્મોન મગજને 'પેટ ભરાઈ ગયું છે' તેવો સંકેત આપે છે. સ્ક્રીન ટાઈમ (મોબાઈલ-ટીવી) અને અનિયમિત ઊંઘને કારણે આ સંકેતો મગજ સુધી પહોંચતા નથી, જેને 'લેપ્ટિન રેઝિસ્ટન્સ' કહેવાય છે. પરિણામે, બાળક જરૂર કરતાં વધુ ખોરાક લઈ લે છે.AIIMSના નિષ્ણાત ડો. રાજેશ ખડગાવત જણાવે છે કે શહેરી જીવનશૈલીમાં ખુલ્લા મેદાનોનો અભાવ અને વધતા સ્ક્રીન ટાઈમને કારણે બાળકોની કેલરી બર્ન થવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. ૧૯૭૫માં જે મેદસ્વીતા દર ૪% હતો તે આજે ૨૦% એ પહોંચ્યો છે, જે દર્શાવે છે કે માત્ર ખોરાક બદલવાથી નહીં પણ હલનચલન વધારવાથી જ આ સમસ્યા હલ થશે.

માત્ર 'શું ખાવું' એટલું જ પૂરતું નથી, પરંતુ 'કેટલું ખાવું' અને 'કેટલી ઉર્જા બાળવી' તે સમજવું પણ અનિવાર્ય છે. થાઈરોઈડ, ડ્ઈઘજ અને ઉચ્ચ કોર્ટિસોલ (તણાવ) જેવા પરિબળો પણ વજન ઘટાડવાના પ્રયત્નો પર પાણી ફેરવી શકે છે. તેથી, ખોરાકની સભાનતા સાથે તબીબી તપાસ પણ એટલી જ જરૂરી છે.

### વજન ઘટાડવા ગોળીઓ ખાવાની ફેશન વધી

આજના સમયમાં ફિટ દેખાવાની ઘેલછામાં લોકો શોર્ટકટ અપનાવી રહ્યા છે, જેના કારણે વજન ઘટાડવા માટે ગોળીઓ અને ઈન્જેક્શન લેવાની એક નવી ફેશન શરૂ થઈ છે. હાલમાં જ ડાયાબિટીસ અને મેદસ્વીતા માટે રામબાણ ગણાતી 'સેમાગ્લુટાઈડ' દવાની પેટન્ટ પૂર્ણ થતા, ભારતીય બજારમાં ૪૦થી વધુ કંપનીઓ સસ્તી જેનરિક આવૃત્તિઓ ઉતારવા જઈ રહી છે. અત્યાર સુધી ₹૧૦,૦૦૦થી વધુમાં મળતી આ દવાઓ હવે ₹૩,૦૦૦ થી ₹૫,૦૦૦માં ઉપલબ્ધ થશે, જેના કારણે સામાન્ય લોકોમાં તેનો વપરાશ ઝડપથી વધશે. નિષ્ણાતોના મતે, વજન ઘટાડવાની આ દવાઓ કોઈ 'જાદુઈ લાકડી' નથી અને ડોક્ટરની સલાહ વગર તેનો ઉપયોગ ગંભીર આડઅસરો નોતરી શકે છે.

# સ્પોર્ટ્સ અબતક




# યુદ્ધે લાલ ચટાક ડ્યુકસ બોલની અછત ઉભી કરી!!!

## ઈંગ્લેન્ડમાં ટેસ્ટ મેચો અને કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ડ્યુક્સ બોલનો ઉપયોગ કરવામાં આવે છે અને દર વર્ષે ચાર થી પાંચ હજાર ડ્યુક્સ મેચમાં ઉપયોગમાં લેવાય છે

**અબતક, રાજકોટ**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઈંગ્લેન્ડના ક્રિકેટમાં એક અનોખી સમસ્યા ઊભી થઈ છે. ડ્યુક્સ નામની ક્રિકેટ બોલની કંપનીને મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે, જેના કારણે ઈંગ્લેન્ડના ઘરેલુ ક્રિકેટ સિઝન માટે પૂરતા બોલ ઉપલબ્ધ નથી.

મધ્ય પૂર્વ ઈરાન-ઈઝરાયેલ-અમેરિકા વચ્ચેનો સંઘર્ષમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ વચ્ચે ડ્યુક્સ બોલના માલિક દિલીપ જાજોડિયાએ જણાવ્યું હતું કે, ગલ્ફ વોરને કારણે અમને હવે મોટી કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે.

ડ્યુક્સ બોલનું ઉત્પાદન અંગ્રેજી લેધરથી શરૂ થાય છે, પરંતુ સ્ટીચિંગનું કામ મુખ્યત્વે ભારતમાં થાય છે.

ત્યાંથી તૈયાર બોલને યુકે પરત લાવવા માટે મધ્ય પૂર્વ રિજન દ્વારા હવાઈ માર્ગે મોકલવામાં આવે છે.

હાલના યુદ્ધને કારણે ફ્લાઈટ્સમાં ભારે અવરોધ છે,પરિણામે, બોલની શિપમેન્ટ અટકી ગઈ છે અને પૂરતા નવા બોલ ઈંગ્લેન્ડ પહોંચી શક્યા નથી.ઈંગ્લેન્ડમાં ટેસ્ટ મેચો અને કાઉન્ટી ચેમ્પિયનશિપમાં ડ્યુક્સ બોલનો ઉપયોગ કરવામાં આવે છે.દર વર્ષે ચાર થી પાંચ હજાર ડ્યુક્સ બોલની જરૂર પડે છે. હવે ક્લબ્સને સિઝનની શરૂઆતમાં માત્ર ૫૦% બોલ જ મળી રહ્યા છે.

કાઉન્ટી સિઝન ૩ એપ્રિલથી શરૂ થવાની છે,

તેથી આ સમસ્યા ખૂબ જ ગંભીર છે.ક્લબ ક્રિકેટ (પ્રીમિયર લીગ્સ)ને પણ મોટો ફટકો પડી રહ્યો છે.

જો સ્થિતિ વધુ બગડશે તો પ્રોફેશનલ ગેમ પણ અસરગ્રસ્ત થઈ શકે છે.આ ઘટના બતાવે છે કે આંતરરાષ્ટ્રીય રાજકીય તણાવ કેવી રીતે રમતગમત જેવા ક્ષેત્રોને પણ અસર કરી શકે છે. ઈંગ્લેન્ડ ક્રિકેટ બોર્ડ આ સમસ્યાને હલ કરવા પ્રયત્નશીલ છે, પરંતુ હાલમાં (મર્યાદિત વિતરણ) જ કરવું પડી રહ્યું છે.

### શું છે ડ્યૂક બોલ

ડ્યૂક બોલનો ઉપયોગ ક્રિકેટની દુનિયામાં ખુબ લાંબા સમયથી થતો રહ્યો છે. આ ઉપરાંત એસજી અને કૂકાબુરા બોલનો ઉપયોગ પણ થાય છે. ડ્યૂક બોલ બનવનારી કંપની દુનિયાની સૌથી જુની બોલ બનાવનારી કંપની છે, કહેવાય છે કે આ લગભગ ૨૨૫ વાર્ષોથી બોલ બનાવી રહી છે.

ડ્યૂક બોલ બનાવનારી કંપનીના માલિક દિલીપ જજોદિયા નામનો એક ભારતીય છે, તે ૧૯૬૨માં ઈંગ્લેન્ડ પહોંચ્યો હતો. ઈંગ્લેન્ડમાં દિલીપની કંપની મોરેટ ક્રિકેટનો સામાન બનાવવા લાગી, તેમને ૧૯૮૭માં ડ્યૂક કંપની ખરીદી લીધી. ક્રિકેટ નેક્સ્ટ ડોટ કોમને આપેલા એક ઈન્ટરવ્યૂમાં જજોદિયાએ જણાવ્યુ હતુ કે બોલ સ્કોટિશ ગાયની ચાપડીથી બનવવામાં આવે છે, આ માટે સ્કોટલેન્ડની એન્ગસ ગાયની ચામડીનો ઉપયોગ થાય છે. જજોદિયા અનુસાર તેની કંપની ગાયની પીઠના ભાગની પાકી ચામડી જ ખરીદે છે, કેમકે તે સૌથી મજબૂત હોય છે. ડ્યૂક બોલ ફોર ક્વાર્ટર બોલ છે. આનો સ્પષ્ટ અર્થ છે કે ચામડીના ચાર ટુકડાને જોડીને બોલ બનાવવામાં આવે છે.

# નીતિ આયોગનનો ૭૫૦૦ કરોડનો બુસ્ટર ડોઝ રમત-ગમત સાથે આર્થિક ઉપાજન કરશે

## મતગમત-કેન્દ્રિત શાસન, વૈજ્ઞાનિક તાલીમ સહાય અને પારદર્શક જવાબદારી પદ્ધતિઓ દ્વારા, દેશ એક એવી પેઢીનું નિર્માણ થશે અને ૨૦૩૬ ઓલિમ્પિક રમતો અને ૨૦૪૭માં વિકસિત ભારતના વિઝન તરફ રમતગમતની શ્રેષ્ઠતા અને રાષ્ટ્રીય પ્રગતિ બંનેને આગળ ધપાવશે

**અબતક, રાજકોટ**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમત પર અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં રમતગમત પર ખાસ ભાર મૂક્યો છે.સ્પર્ધાત્મક લીગ અને સ્પર્ધાઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવું અને ગ્રામીણ અને શહેરી બંને વિસ્તારોમાં રમતગમતના માળખાગત વિકાસ કરવો. તાલીમ, કોચિંગ અને સર્વાંગી રમતવીર સહાય માટે વિશ્વ કક્ષાની પ્રણાલીઓ બનાવવી તથા રાષ્ટ્રીય રમતગમત સંઘોની ક્ષમતા અને શાસનમાં વધારો કરવાનો છે. આ ઉપરાંત રમતગમતના પ્રદર્શનને વધારવા માટે રમતગમત વિજ્ઞાન, દવા અને ટેકનોલોજી અપનાવવાને પ્રોત્સાહન આપવાનો પણ રહેશે.

નીતિ આયોગે ભારતના રમત-ગમતના સામાન ઉદ્યોગને બુસ્ટ આપવા માટે ₹૭,૫૦૦ કરોડની મોટી યોજનાની દરખાસ્ત કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતને વૈશ્વિક સ્તરે ઉચ્ચ-ગુણવત્તાવાળા રમતના સામાનના ઉત્પાદન અને નિકાસનું મુખ્ય કેન્દ્ર બનાવવાનો છે.



વર્તમાન સમયે ભારતની રમતના સામાનની નિકાસ આશરે ૨ બિલિયન (અંદાજે ₹૧૬,૦૦૦-૧૭,૦૦૦ કરોડ) છે. જ્યારે રમતના સાધનો (સ્પોર્ટ્સ ઈક્વિપમેન્ટ)ની નિકાસ માત્ર ૨૭૫ મિલિયન (આશરે ₹૨૩૦ કરોડ) જ છે. રમતના સામાન (સ્પોર્ટ્સ ગુડ્સ - જેમાં એપેરલ, એક્સેસરીઝ વગેરે સામેલ)ની નિકાસને ૨૪ બિલિયન (આશરે ₹૨ લાખ કરોડથી વધુ) સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે.

રમતના સાધનો (ઈક્વિપમેન્ટ)ની નિકાસને ૮.૧ બિલિયન સુધી વધારવી, જેથી વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો લગભગ ૧૧% થઈ જાય.

૨૦૨૭થી ૨૦૩૧ સુધી લગભગ ₹૭,૫૦૦ કરોડના નાણાકીય પ્રોત્સાહન (ફિસ્કલ ઈન્સેન્ટિવ્સ)ની જરૂર પડશે. આ રકમ ક્લસ્ટર વિકાસ, સ્પર્ધાત્મકતા વધારવા, સર્ટિફિકેશન અને બ્રાન્ડિંગ જેવા ક્ષેત્રોમાં ખર્ચાશે.

આ યોજના સફળ થશે તો ૨૦૩૬ સુધીમાં આશરે ૫૪ લાખ નોકરીઓ (ક્યુમ્યુલેટિવ) ઉભી થઈ શકે છે, ખાસ કરીને એમએસએમઈ સેક્ટરમાં. વૈશ્વિક રમતના સામાનનું બજાર ૨૦૨૪માં ૭૦૦ બિલિયન છે અને ૨૦૩૬ સુધીમાં ૧ ટ્રિલિયનથી વધુ થવાની અપેક્ષા છે, જેમાં ભારત માટે મોટી તક છે.

આ પહેલથી ભારત ચીન જેવા દેશો સાથે સ્પર્ધા કરી શકે અને મેક ઈન ઈન્ડિયાને નવી ઊંચાઈઓ આપી શકે તેવી આશા છે.

# મેસ્સીની વધુ એક સિદ્ધિ: કારકિર્દીનો ૯૦૦મો ગોલ ફટકારી ઈતિહાસ રચ્યો

## મહાન રોનાલ્ડો બાદ ૯૦૦ ગોલ કરનારો વિશ્વનો માત્ર બીજો ફૂટબોલર બન્યો

**અબતક, રાજકોટ**

ફૂટબોલના જાદુગર મનાતા લાયોનલ મેસ્સીએ બુધવારે રાત્રે વધુ એક સીમાચિહ્ન સર કર્યું હતું. તેણે ઈન્ટર માયામી અને નેશવિલે વચ્ચે રમાયેલી કોનકાફે ચેમ્પિયન્સ કપ ફૂટબોલની રાઉન્ડ ઓફ ૧૬ની મેચમાં પોતાની કારકિર્દીનો ૯૦૦મો ગોલ નોંધાવ્યો હતો. મેચની શરૂઆતની સાતમી મિનિટમાં જ મેસ્સીએ પોતાની આગવી શૈલીમાં ગોલ કર્યો હતો. તેણે બોક્સની વચ્ચે પાસ મેળવ્યા બાદ બોલ પર નિયંત્રણ મેળવ્યું હતું અને ત્યાંથી અવળો ફરીને તેણે ડિફેન્ડર્સની ભીડ વચ્ચેથી લેફ્ટ કિકથી શાનદાર શોટ લગાવીને બોલને નેટના ખૂણામાં ધકેલી દીધો હતો. સાથે લાયોનલ મેસ્સી હવે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો બાદ ૯૦૦ ગોલનો આંક પાર કરનારો વિશ્વનો માત્ર બીજો મેન્સ ફૂટબોલર બન્યો છે.

ઉલ્લેખનય છે કે મેસ્સીએ રોનાલ્ડો કરતા લગભગ ૧૦૦ મેચ ઓછી રમીને આ સિદ્ધિ હાંસલ કરી છે. રોનાલ્ડોએ સપ્ટેમ્બર ૨૦૨૪માં ૩૯ વર્ષની ઉંમરે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, જ્યારે મેસ્સી હજી જૂનમાં ૩૯ વર્ષનો થશે.બ્રાઝિલના મહાન ખેલાડી પેલેએ એક હજારથી વધુ ગોલ કર્યા હોવાનું મનાય છે, પરંતુ સત્તાવાર આંકડા મુજબ તેમના ગોલ ૮૦૦ની આસપાસ છે. કેટલાક લોકોનું માનવું છે કે બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી પેલેએ તેમની કારકિર્દીમાં ૧૦૦૦થી વધુ ગોલ કર્યા હતા, જોકે તેમનો સત્તાવાર આંકડો ૮૦૦ની નજીક છે કેમ કે અલગ-અલગ સ્રોતો અને રમતની વિવિધ શ્રેણીઓની ગણતરી મુજબ પેલેના કુલ ગોલની સંખ્યા લીગ મેચોમાં આશરે ૬૫૦થી લઈને તમામ મેચોમાં ૧૩૦૦ની આસપાસ દર્શાવવામાં આવે છે. જેમાંથી કેટલાક ગોલ નિમ્ન-સ્તરની સ્પર્ધાઓમાં નબળા હરીફ સામે કરવામાં આવ્યા હતા. મેસ્સીની આ સિદ્ધિ બદલ બાસ્કેટબોલના દિગ્ગજ મેજિક જહોન્સન સહિત રમત જગતની અનેક હસ્તીઓએ તેને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા છે.જોકે લાયનલ મેસ્સી માટે આ રાત સંપૂર્ણપણે ઉજવણીની રહી ન હહતી. નેશવિલે મેચ ૧-૧થી ડ્રો કરી હતી અને 'હરીફના ગ્રાઉન્ડ પર (અવે ગોલ)ના નિયમને આધારે ઈન્ટર માયામી ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું હતું. નેશવિલના કોચ બે કેલેઘને મેસ્સીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ૯૦૦ ગોલ માટે તેને ખૂબ ખૂબ અભિનંદન. તે સર્વશ્રેષ્ઠ છે.મેજર લીગ સોકરના મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયરનો એવોર્ડ સતત બે વાર જીતી ચૂકેલા અને આઠ વખતા બેલોન ડી'ઓર જવા પ્રતિષ્ઠિત એવોર્ડ ચેમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયન ટીમના સદસ્ય રહી ચૂકેલા મેસ્સી પાસેથી ૯૦૦ ગોલની આ સિદ્ધિની અગાઉથી જ અપેક્ષા રખાતી હતી.



મેસ્સી હજી પણ ફૂટબોલ જગતનો સૌથી લોકપ્રિય અને સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતો ખેલાડી છે. જ્યારથી તે મેજર લીગ સોકરમાં આવ્યો છે, ત્યારથી તેની ઈન્ટર મિયામીની 'નંબર ૧૦' ની જર્સી લીગમાં સૌથી વધુ વેચાતી રહી છે, અને તેની દરેક પ્રવૃત્તિ ફૂટબોલ વિશ્વના ખૂણેખૂણે મુખ્ય સમાચાર બની જાય છે.

# સંજુ સેમસન રાજસ્થાનનો ચહેરો બની ગયો હતો, તેની ખોટ વર્તાશે: પ્લેસીસ



## ૧,૨ નહી પણ ૭ બોલરો આઈપીએલ પહેલા જ બહાર થયા

આઈપીએલ ૨૦૨૬માંથી બહાર થનારા ૭ બોલરમાં ઓસ્ટ્રેલિયાનો પેટ કમિન્સ,જોશ હેઝલવુડ,નાથન એલિસ અને જૈક એડવર્સનું નામ સામેલ છે. ન્યુઝીલેન્ડનો લોકી ફર્ગ્યુસન, ઈંગ્લેન્ડનો સેમ કરન અને ભારતનો હર્ષિત રાણાનું નામ સામેલ છે.આ સાતમાંથી છ ફાસ્ટ બોલરો ઈજાના કારણે આઈપીએલ ૨૦૨૬માંથી બહાર થઈ ગયા છે. એક ફાસ્ટ બોલર બહાર થવાનું કારણ પ્રોફેશનલ અને વ્યક્તિગત બંને કારણોસર બતાવવામાં આવી રહ્યું છે.

## ચેન્નાઈ સુપર કિંગ્સ માટે મહેન્દ્રસિંહ ધોની અથવા રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે વિરાટ કોહલી છે તેવી જ પ્રતિષ્ઠા સેમસનની રોયલ્સ માટે હતી

**અબતક, રાજકોટ**

સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ ક્રિકેટર અને કેપ્ટન ફાફ ડુ પ્લેસિસનું માનવું છે કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં સંજુ સેમસન નિઃશંકપણે રાજસ્થાન રોયલ્સનો મુખ્ય ચહેરો હતો. જે રીતે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે મહેન્દ્રસિંહ ધોની અથવા રોયલ ચેલેન્જર્સ બેંગલોર માટે વિરાટ કોહલી છે તેવી જ પ્રતિષ્ઠા સેમસનની રોયલ્સ માટે હતી. તેણે જે પ્રભાવ પાડ્યો હતો તે જોતા તેનું ટીમ છોડવું એ ફ્રેન્ચાઈઝી માટે એક મહત્વપૂર્ણ ક્ષણ છે. તેની ગેરહાજરીની ખોટ પડશે અને ફ્રેન્ચાઈઝી માટે આ બાબત નુકસાનકર્તા બની શકે છે. સંજુ સેમસને બે તબક્કામાં રાજસ્થાન રોયલ્સ સાથે ૧૧ સિઝનમાં પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં તે ટીમ માટે વધુ મેચ રમનારો અને સૌથી વધુ રન ફટકારનારો ખેલાડી બનીને ઉભરી આવ્યો હતો. હવે તેને ચેન્નાઈ સુપર કિંગ્સે ખરીદી લીધો છે. આમ આ સિઝનથી કેરળનો આ બેટર-વિકેટકીપર ધોનીની સાથે ચેન્નાઈ માટે રમશે. બીજી તરફ ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા રાજસ્થાન રોયલ્સમાં જોડાયો છે.

આઈપીએલમાં રમી ચૂકેલા ફાફ ડુ પ્લેસિસે જણાવ્યું હતું કે, જો હું આઈપીએલ અને લીગમાં જોવા મળતી પ્રતિષ્ઠિત ટીમો પર નજર કરું તો તે તમામમાં એક એવો દિગ્ગજ ભારતીય ખેલાડી સામાન્ય છે જે લાંબા સમય સુધી તે ફ્રેન્ચાઈઝીનો મુખ્ય ચહેરો રહ્યો હોય.


જેમાં રોહિત શર્મા, ધોની, વિરાટ કોહલીનો સમાવેશ થાય છે. મારા માટે સંજુ સેમસન રાજસ્થાન રોયલ્સમાં આવો જ વ્યક્તિ હતો.જોકે તે અન્ય દિગ્ગજો જેટલો અનુભવી નહી હોય પરંતુ તે એ ફ્રેન્ચાઈઝીનો ચહેરો બની ગયો હતો. જો હું રાજસ્થાન રોયલ્સ વિશે વિચારું તો મને સંજુ સેમસન યાદ આવશે. તેથી તેણે આ ચહેરો ગુમાવ્યો છે તે ચાહકો, લીગ અને ટુર્નામેન્ટ માટે એક મોટી બાબત છે કેમ કે તેણે ત્યાં ખૂબ મોટી ભૂમિકા ભજવી છે તેમ ડુ પ્લેસિએ ઉમેર્યું હતું. પ્લેસિસે વધુમાં જણાવ્યું હતું કે સંજુ સેમસનની વિદાયથી યશસ્વી જયસ્વાલ પર વધારાની જવાબદારી આવશે, જે અત્યાર સુધી રોયલ્સના ભૂતપૂર્વ કેપ્ટન (સેમસન) સાથે રહીને પોતાની નૈસર્ગિક રમત મુક્તપણે રમી શકતો હતો.યશસ્વી જયસ્વાલની જમાપાસુ એ રહેતું હતું કે તેની પાસે સંજુ સેમસન હતો. જે તે બેટિંગ લાઈન-અપમાં અત્યંત સાતત્યપૂર્ણ પ્રદર્શન કરનારો ખેલાડી રહ્યો છે. જ્યારે તમારી પાસે સંજુ તરફથી રનનું આ પ્રકારનું સાતત્ય હોય, ત્યારે તે બાબત તમને તમારી પોતાની શૈલીની રમત રમવાની છૂટ આપે છે.

# ભારત ૨૦૨૮ના વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપની યજમાની કરશે

**અબતક, રાજકોટ**

ભારત માટે એક ખૂબ જ ગર્વનો ક્ષણ છે! વર્લ્ડ એથ્લેટિક્સે જાહેરાત કરી છે કે ૨૦૨૮ની વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ભારતમાં યોજાશે. આ ચેમ્પિયનશિપ ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં થશે. આ પ્રથમ વખત છે જ્યારે ભારત આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ઈન્ડોર એથ્લેટિક્સ ઈવેન્ટની યજમાની કરશે.

વર્લ્ડ એથ્લેટિક્સના પ્રમુખ સેબેસ્ટિયન કોએ પોલેન્ડના ટોરુનમાં ચાલી રહેલી કાઉન્સિલ મીટિંગમાં જાહેરાત કરતા જણાવ્યું હતું કે, ૨૦૨૮ની



ઈવેન્ટ ઓડિશાના ભુવનેશ્વરમાં રમાશે: વર્લ્ડ ઈન્ડોર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ ભારતીય એથ્લેટિક્સને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈઓ આપશે

ચેમ્પિયનશિપ ભારતના ઓડિશામાં અને ૨૦૩૦ની કઝાકિસ્તાનના અસ્તાનામાં યોજાશે. આ નિર્ણયથી ભારત એશિયામાં માત્ર ચોથો દેશ બનશે જેણે આ બાયેનિયલ ઈવેન્ટની યજમાની કરી છે.

આ ઈવેન્ટ કલિંગા ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાશે, જે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ કોમ્પ્લેક્સમાં આવેલું છે. આ સ્ટેડિયમ ૨૦૨૪માં બનાવવામાં આવ્યું છે અને ભારતનું પ્રથમ અને એકમાત્ર ઈન્ડોર ટ્રેક એન્ડ ફિલ્ડ ફેસિલિટી છે. જાન્યુઆરી ૨૦૨૬માં વર્લ્ડ એથ્લેટિક્સની ટીમે

(અનું.આઠમાં પાને)

### ગાજ્યા મેઘ વરસે નહિ...!!!

# શા માટે વરૂણ ટી-૨૦ વર્લ્ડકપમાં ફાવ્યો નહિ: અમીત મિશ્રા



**અબતક, રાજકોટ**

ભૂતપૂર્વ ભારતીય લેગ-સ્પિનર મિશ્રાએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતના સ્પિનર ચક્રવર્તીની બોલિંગ પર પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. અમિત મિશ્રા માને છે કે વરુણે ટુર્નામેન્ટમાં પોતાની કુશળતાનો દુરુપયોગ કર્યો હતો, જેના કારણે તેનું પ્રદર્શન અપેક્ષાઓ મુજબ ન રહ્યું.

અમિત મિશ્રાએ જણાવ્યું કે, વરુણે ટી૨૦ વર્લ્ડ કપમાં પોતાની કુશળતાનો થોડો દુરુપયોગ કર્યો હતો. તેણે ખૂબ જ ઝડપી બોલિંગ કરવાનું શરૂ કર્યું, જેના કારણે તેની શક્તિ નબળી પડી ગઈ.ગયા વર્ષે આઈપીએલમાં, તેણે ધીમો બોલ, ટોપ-સ્પિન, ગુગલી અને લેગ-સ્પિનનો ઉપયોગ કર્યો હતો. પરંતુ વર્લ્ડ કપમાં, જ્યારે દબાણ હેઠળ રન બની રહ્યા હતા, ત્યારે તેણે આવું કર્યું નહી.

મિશ્રાએ વધુમાં સ્પષ્ટતા કરી કે સમસ્યા વરુણની કુશળતાને ''ડીકોડ'' કરવામાં નથી, પરંતુ

(અનું.આઠમાં પાને)

### વાહનનું વેચાણકર્તા માલિકોએ સબક શિખવા જેવો કિસ્સો

# અકસ્માતના કેસમાં ૭૫ લાખનું વળતર બ્રોકર અને કાર ઓનરએ ચૂકવવા હુકમ

## કારનું ત્રણ વખત વેચાણ છતાં આરટીઓમાં નામ ટ્રાન્સફર ન થતા અદાલતનો ઐતિહાસિક ચુકાદો

**અબતક, રાજકોટ**

ત્રણ વખત વેંચાયા છતાં નામ ટ્રાન્સફર ન થયેલી મારુતિ કારે અકસ્માત સર્જી દંપતી પૈકી પતિનું મૃત્યુ અને પત્નીને ગંભીર ઈજાના કિસ્સામાં અદાલતે હતભાગી પરિવારને રૂપિયા ૭૫ લાખનું વળતર ચૂકવવા ટુ વેલ્યુ બ્રોકર કંપની અને મારુતિ કારના મૂળ માલિકને હુકમ કર્યો છે.આ અંગેની હકીકત મુજબ, ગોંડલના બીલડી ગામે રહેતા ખેડૂત ગુજરનાર ભીખુભાઈ પોપટભાઈ ભુવા મોટર સાઈકલમાં ગોંડલ વાસાવડ રોડ પર બીલડી ગામના પાટીયા પાસે પહોંચતા હતા ત્યારે એક કારે હડફેટે લેતા અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત ભીખુભાઈ પોપટભાઈ ભુવાનુ લાંબી સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પાછળ બેઠેલ ગુજરનારના પત્નિ ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા. જેનું વળતર મેળવવા માટે ગોંડલ કોર્ટમાં કલેઈમ દાખલ કરાયો હતો.દરમિયાન આ અંગેની તપાસમાં ખુલ્યા મુજબ, અકસ્માતમાં સંડોવાયેલ કાર તેના મુળ માલિકે નવી કાર ખરીદવાના હેતુથી મારુતિ કાર જુના વાહનો લે-વેચનું કામ કરતી ટુવેલ્યુ કંપનીને વેચેલ હતી. જે ટુ વેલ્યુ કંપનીએ કોઈ અજાણ્યા અલગ-અલગ ત્રણ વ્યકિતઓને આરટીઓમાં નામ ટ્રાન્સફર કરાવ્યા વગર વેચેલી. જે ત્રીજા ખરીદનારે આ ગાડી દ્વારા અકસ્માત કરેલ અને આરટીઓમાં આ ગાડીના મુળ માલિકનું નામ અકસ્માત સમયે ચાલુ હતું. જેથી કોર્ટ સમક્ષ આવેલા તમામ પુરાવાઓને ધ્યાને લઈ ગોંડલ કોર્ટે ગાડીના મુળ માલિક એટલે કે રજિસ્ટર્ડ ઓનર અને મારુતિ કારની ટુ વેલ્યુ કંપનીને સંયુકત રીતે જવાબદાર ઠેરવેલ છે અને જેમાં અરજદારના વકીલે રજુ કરેલ પુરાવા જોતા કોર્ટે ગાડી ટુ વેલ્યુ કંપનીને વેચેલ છે તેવી ધારદાર દલીલ તેમજ ગુજરાત હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના જજમેન્ટોને ધ્યાને લેતા મૃતકના પરીવારજનોને વ્યાજ અને ખર્ચ સહિત ૭૫ લાખ રૂપિયા ટુ વેલ્યુ કંપનીએ અને રજિસ્ટર્ડ ઓનરે ચુકવવાનો ગોંડલના મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલના જજ એચ.એ. ત્રિવેદીએ હુકમ ફરમાવેલ છે. ગુજરનારના પરિવાર વતી ગોંડલના એડવોકેટ યતિશભાઈ ગોવિંદભાઈ દેસાઈ અને મયંક ધનેશા રોકાયા હતા.

### વાહનનું વેચાણ બાદ નામ ટ્રાન્સફર કરાવી લેવું જરૂરી

વાહનના વેચાણ સાથે જ નામ ટ્રાન્સફર થઈ જવું પણ એટલું જ જરૂરી છે. હાલના બનાવમાં કારનું બ્રોકર મારફત ત્રણ વખત માત્ર લખાણ ઉપર વેચાણ થઈ ગયું હતું, પરંતુ આર.ટી.ઓ.માં નામ ટ્રાન્સફર કરાયું ન હતું, દરમિયાન ત્રીજા ખરીદારે સર્જેલા અકસ્માતમાં મૃત્યુ અને ઈજા સબબ વળતરના કેસમાં કારના રજિસ્ટર ઓનર અને બ્રોકર ટુ વેલ્યુને વળતર ચુકવવાનો હુકમ થયો છે. નામ ટ્રાન્સફરમાં બેદરકારી રાખનાર મૂળ માલિકને ‘‘કરે કોઈ અને ભરે કોઈ‘‘ જેવી સ્થિતિ સર્જાઈ છે.

# કરોડોની જમીનનો વેચાણ દસ્તાવેજ અને કબજો સોંપવા જિનિંગ ભાગીદારોને હુકમ

## ખરીદનારાએ સાટાખત કરાર મુજબ નિયત સમયમાં અવેજની બાકી રકમ ચૂકવી દીધા છતાં વેચનારાએ દસ્તાવેજ કરી ન આપતા દાવો કર્યો હતો

**અબતક, રાજકોટ**

વાંકાનેરના રેવન્યુ સર્વે નંબરની કુલ જમીન ચો.મી. ૨૮,૯૩૨ વાળી ખુલ્લી જમીન નાથજી ઈમ્પેક્ષ ભાગીદારી પેઢીની માલીકીની અને કબજા ભોગવટાની જમીન આવેલ હતી. આ જમીન માટે જયંતિલાલ સામતભાઈ તેંરૈયા વિગેરે સાથે રૂા. ૩,૮૩ કરોડમાં સોદો નક્કી થયા મુજબ ખરીદનારે સુથી પેટે રૂા. ૨.૫૦ કરોડ આર.ટી.જી.એસ.થી વેચનારને ચુકવી આપી રજિસ્ટર્ડ સાટાખત ૯ તા. ૨૮/ ૦૧/ ૨૦૨૧ના રોજ વાંકાનેર સબ રજિસ્ટ્રાર કચેરીમાં થયો હતો. રજિસ્ટર્ડ સાટાખત કરારમાં બાકી રહેતી અવેજની રકમ ૯૦ દિવસમાં શ્રીનાથજી ઈમ્પેક્ષના ભાગીદારોને મળ્યે ખરીદનાર જયંતીલાલ તેંરૈયાના નામનો વેચાણ દસ્તાવેજ કરવાની શરત હોઈ,બાકી રહેતી અવેજની રકમ ૧,૩૩,૮૨,૦૦૦ બેંક દ્વારા આર.ટી.જી.એસ.થી જયંતીભાઈ તેંરૈયાએ વેચનાર શ્રીનાથજી ઈમ્પેક્ષના ભાગીદારોને ચુકવી આપી હતી. છતા વેચનાર સાટાખત કરારની શરતોનો ભંગ કરી કરારનું પાલન કરતા ન હતા, આથી જયંતીભાઈ તેંરૈયાએ શ્રીનાથજી ઈમ્પેક્ષના ભાગીદારો સામે કરારના વિશિષ્ટ પાલનનું હુકમનામું મેળવવા સિવિલ કોર્ટમાં દાવો દાખલ કર્યો હતો. જેમાં વાદીના એડવોકેટ ચેતનભાઈ આસોદરીયાએ જણાવેલ કે પ્રતિવાદીએ કરારનું પાલન કરેલ નથી. તમામ દસ્તાવેજી પુરાવાઓ અને જુબાનીઓ તથા અદાલતમાં વાદીના એડવોકટની દલીલો ધ્યાને લઈ સિનિયર સિવિલ જજે વાદીનો દાવો મંજુર કરીને ખરીદનાર જોગ વેચનાર પેઢીએ દાવાવાળી મિલ્કતનો વાદીને રજિસ્ટર વેચાણ દસ્તાવેજ કરી આપવો તેમજ કબજો સોંપી આપવાનો આખરી હુકમ કર્યો છે. વાદી વતી એડવોકેટ ચેતન આસોદરીયા , જેમીશ આર. કાકડીયા, નીલેશ એલ. ઠાકર, મીત સરવૈયા રોકાયા હતા.

# લેણી રકમનો દાવો અંશતઃ મંજૂર રૂ.૪.૫૯ લાખ નવ ટકાના વ્યાજ સાથે ચૂકવવા હુકમ

## શાપર વેરાવળની ઉત્પાદક કંપનીના દાવામાં બેલેઝા કોસ્મેટીકસના ભાગીદારો હાજર ન રહેતા કોર્ટનો હુકમ

**અબતક, રાજકોટ**

શાપર-વેરાવળ મુકામે આવેલ કરમ મલ્ટીપેક પાસેથી કોસ્મેટિક્સની કાચી સામગ્રીના ઉધાર વેચાણ પેટે રૂપિયા ૧૧.૦૯ લાખ વસૂલવાનો દાવો સિવિલ કોર્ટે અંશતઃ મંજૂર કરી અમદાવાદની બેલેઝા કોમેટીકસએ લીધેલ રૂા. ૪,૫૯ લાખ ૯ ટકા વ્યાજ સહિત ચુકવવા હુકમ ફરમાવ્યો છે.

આ દાવાની હકીકત મુજબ, શાપર-વેરાવળ મુકામે પી.પી. સ્પન બોન્ડ નોન વુવન ફેબ્રિક બનાવતી શ્રી કરમ મલ્ટીપેક પ્રા.લી. કંપની પાસેથી વ્યાપારી સંબંધો મુજબ મોડાસા મુકામે ફેકટરી તથા અમદાવાદ મુકામે બેલેઝા કોસ્મેટિક્સ નામે ઓફીસ દ્વારા કોસ્મેટિકસ આઈટમ્સ બનાવવા માટે માલની ઉધાર ખરીદી કરી હતી. જે મુજબ બે બિલોની કુલ રકમ રૂા. ૧૧,૦૯,૬૪૧ બાકી રહેતા હોઈ, પરંતુ સમય જતા તેઓ બાકીની રકમ ચુકવવામાં આનાકાની કરવા માંડેલ હતા, તેથી કરમ મલ્ટીપેક પ્રા.લી.ના અધિકૃત અધિકારીએ બેલેઝા કોસ્મેટિકસ ભાગીદારી પેઢીના ભાગીદારોને લીગલ નોટીસ આપી હતી, તેમ છતાં બેલેઝા કોસ્મેટીકએ કરમ મલ્ટીપેકની લેણી રકમ ચુકવેલ નહી, જેથી કરમ મલ્ટીપેકએ બેલેઝા કોસ્મેટીક વિરૂધ્ધ ગોંડલની કોમર્શીયલ કોર્ટમાં લેણી રકમ મેળવવા દાવો દાખલ કરેલ, જે દાવાના કામે કોર્ટની નોટીસ બજવા છતા બેલેઝા કોસ્મેટીક વતી કોઈ હાજર ન થતા કોર્ટે તા. ૨૮/ ૦૨/ ૨૦૨૬ના રોજ દાવો અંશતઃ મંજુર કરી બેલેઝા કોસ્મેટિકસએ વાદી કરમ મલ્ટીપેક પ્રા.લી.ને રૂા. ૪,૫૯,૬૪૧/- દાવો દાખલ થયેલી તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધી વાર્ષિક ૯ %ના સાદા વ્યાજ સાથે ચુકવવાના રહેશે, તેવો હુકમ કર્યો છે. સદરહું દાવામાં વાદી તરફે રાજકોટના ધારાશાસ્ત્રી કિરણભાઈ રૂપારેલીયા, રવિ બી. ધ્રુવ, નિરલ રૂપારેલીયા, આસિ. રાજ સખીયા રોકાયા હતા.

# ચોટીલા નજીક ત્રિપલ અકસ્માતમાં બેના મોત, ચાલક સહિત બે ગંભીર

## ઉભેલા ટ્રક સાથે પીકઅપ વાન અથડાઈ ટક્કર બાદ પાછળ આવી રહેલી કાર અકસ્માતનો ભોગ બની

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલા નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો છે. કાર, પીકઅપ વાન અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બે લોકોનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ખવાયેલા બે લોકોને સારવાર તે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, ચોટીલાથી સાત કિલોમીટર દૂર જોલી એન્જોય વોટરપાર્ક પાસે પીકઅપ વાન આગળ જઈ રહી હતી. ત્યારે રસ્તા પર ઉભેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ ટક્કર બાદ પાછળથી આવી રહેલી અમદાવાદ પાસિંગની કાર અકસ્માતનો ભોગ બની હતી, જેના કારણે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. વાહનોને ભારે નુકસાન થયું હતું.આ અકસ્માતમાં સોનાલીબેન હર્ષદભાઈ ઠાકોર (ઉં.વ. ૨૮), અને આશિષ રણજીતભાઈ ઠાકોર (ઉં.વ.૧૬ )નું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે કલ્પેશભાઈ કાનુભાઈ ઠાકોર (ઉં.વ.૨૯), હર્ષદભાઈ ઠાકોર (ઉં.વ.૩૦) દિવ્યાંશ હર્ષદભાઈ ઠાકોર (ઉં.વ.૩) તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં પરિવાર અમદાવાદનો હોવાનું અને કાર પણ અમદાવાદ પાસિંગની હોવાનું જાણવા મળ્યું છે. ચૈત્રી નવરાત્રી નિમિત્તે અમદાવાદના સૈજપુર વિસ્તારનો ઠાકોર પરિવાર ચોટીલા ચામુંડા માતાજીના દર્શન કરવા આવ્યો હતો. દર્શન કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હોવાનું સામે આવ્યું છે. અકસ્માતની જાણ થતા જ ચોટીલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ક્રેન અને સ્થાનિકોની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને હટાવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. હાઈવે પર ઉભેલા ટ્રકને કારણે અકસ્માત સર્જાયો હોવાથી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરમાં મહિલા વ્યાજખોર બેફામ: મૂડી કરતા વધુ વ્યાજ વસુલી વધુ નાણાંની પઠાણી ઉઘરાણી

## ઘરખર્ચ માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં ગરીબ પરિવાર વ્યાજના ભરડામાં ફસાયોઃ ૫૦ હજાર ૧૦% વ્યાજે લીધા બાદ ૬૦ હજાર ચૂકવ્યા

**અબતક, રાજકોટ**

જેતપુરના નવાગઢમાં રહેતા ગરીબ પરિવારને ઘરખર્ચ માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાવવાનો વારો આવ્યો હતો. મહિલા વ્યાજખોરે રૂ. ૫૦ હજાર ૧૦% વ્યાજે ધીરી પરિવાર પાસેથી રૂ. ૬૦ હજાર વ્યાજ પેટે પડાવી લીધા હતા. બાદમાં વારંવાર ઘરે જઈ પૈસાની ઉઘરાણી કરી ધમકીઓ આપી કોરો ચેક પણ પડાવ્યો હતો. વ્યાજખોર દંપતીના ત્રાસથી કંટાળી દંપતી વાડી વિસ્તારમાં આવેલ મંદિરે રહેવા જતો રહ્યો હતો પણ વ્યાજખોરો ત્યાં પણ જઈ વધુ ૫૦ હજારની ઉઘરાણી કરી હતી. જે મામલે યુવાનની ફરિયાદ પરથી જેતપુર પોલિસે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે જેતપુરના નવાગઢમાં વિવેકાનંદ સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષીય યુવાન હાર્દિકગીરી રમેશગીરી મેઘનાથીએ આરોપી તરીકે જેતપુરના સરદાર ચોક પાસે રહેતા પ્રજ્ઞાબેન રમેશગીરી મેઘનાથી અને રમેશગીરી શિવગીરી મેઘનાથીનું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલિસે મની લેન્ડ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

યુવકે જણાવ્યું હતું કે,મારા પરીવારમા મારા પિતા રમેશગીરી, માતા કાજલબેન (જે બોલી શકતા નથી), મારો મોટો ભાઈ ભાવેશગીરી તથા મારા કાકા પ્રફુલગીરી છે. અમારા ઘરમાં હું અને મારો મોટો ભાઈ બે જ કમાવાવાળા છીએ. હું છુટક મજુરી કરુ છું. આશરે દોઢેક વર્ષ પહેલા અમારે ઘરખર્ચ માટે પૈસાની જરૂરીયાત ઉભી થતા લોન લેવાની જરૂર પડેલ હતી. ત્યારે મને જાણવા મળેલ કે, પ્રજ્ઞાબેન રમેશગીરી મેઘનાથી વ્યાજે પૈસા આપે છે. જેથી મે મારા પિતાને વાત કરી પ્રજ્ઞાબેનને મળી રૂ. ૧૦ હજાર આપવા જણાવ્યું હતું. જેથી પ્રજ્ઞાબેનએ મને ૧૦% વ્યાજ કપાત કરી રૂ. ૯ હજાર આપેલ હતા. બાદ મારે ફરી પૈસાની જરૂર પડતા એકાદ મહીના બાદ ફરી મે પ્રજ્ઞાબેન પાસેથી રૂ. ૧૦ હજાર લેતા તેમણે વ્યાજ કપાત કરી ૯ હજાર આપેલ હતા. જે બાદ હું સમયસર વ્યાજ ચૂકવતો હતો. ત્રણ મહિના બાદ ફરી પૈસાની જરૂરિયાત ઉભી થતાં મારા મારા પિતા ૩૦ હજાર વ્યાજે લેવા ગયેલ હતા. જેથી પ્રજ્ઞાબેનએ અગાઉના વ્યાજના બે હજાર અને ૩૦ હજારના ૧૦% લેખે ત્રણ હજાર મળી કુલ પાંચ હજાર વ્યાજ કપાત કરી ૨૫ હજાર આપેલ હતા. જેથી કુલ ૫૦ હજાર સામે અમે ૬૦ હજાર રૂપિયા વ્યાજ પેટે ચુકવેલ હતા. તેમ છતા પ્રજ્ઞાબેન તથા તેમના પતિ રમેશગીરી મેઘનાથી અમારા ઘરે અવાર-નાવાર આવી હજુ અમારે રૂ. ૫૦ હજાર એક સાથે ચુકવવા પડશે અથવા વ્યાજ ચુકવતા રહેવુ પડશે તેમ કહી પૈસાની ઉઘરાણી કરી ધમકીઓ આપવા લાગેલ હતા.

બાદ એક દિવસ પ્રજ્ઞાબેન અને તેના પતિ રમેશગીરી અમારા ઘરે ઉઘરાણી કરવા આવેલ અને દબાણ કરી મારા પપ્પાની સહી કરાવી તેમના પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટનો કોરો ચેક પડાવી લીધેલ હતો. તેમજ રમેશગીરીએ મારા મોટાભાઈ ભાવેશગીરીને પૈસા આપી દેજો નહીતર મજા નહીં આવે તેમ ધમકી આપેલ હતી. બાદ પ્રજ્ઞાબેનએ ફોન કરીને ગાળો આપી ધમકાવેલ હતો જે મારા ભાઈએ મને વાત કરેલ હતી. બાદ પ્રજ્ઞાબેનએ મને ફોન કરી ગાળો આપી તારે જ્યાં જાવું હોય ત્યાં જા પૈસા તો આપવા જ પડશે તેમ ધમકી આપેલ હતી. જે અંગેનુ કોલ રેકોડીંગ પણ મારી પાસે છે.

વધુમાં યુવાને જણાવ્યું હતું કે, વ્યાજખોર દંપતીના ત્રાસથી કંટાળી મારા માતા-પિતા મોટા ગુંદાળા ગામે વાડી વિસ્તારમાં આવેલ બાટેશ્વર મહાદેવ મંદીર ખાતે છેલ્લા ત્રણેક મહિનાથી રહેવા જતા રહેલ છે. ગઈ તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ પ્રક્ષાબેન તથા તેના પતી રમેશગીરી મોટા ગુંદાળા ગામેં ધસી જઈ મારા માતા-પીતા પાસે પૈસાની ઉઘરાણી કરવા લાગેલ હતા અને ધમકીઓ આપેલ હતી. દરમિયાન જેતપુર સીટી પોલિસે યોજેલા લોક દરબારમાં જતાં યુવકને હિંમત આવી હતી અને તેણે વ્યાજખોર દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## વધુ ૫૦ હજારની માંગણી કરી ઘરે ધસી જઈ વારંવાર ઉઘરાણી કરીઃ ઘરછોડી વાડી વિસ્તારમાં મંદિરે રહેવા જતાં રહેલા દંપતીને ધમકાવ્યા, ગુનો નોંધાયો

# રાજસમઢિયાળા ગામે સગાઈના એક માસ બાદ યુવાનનો આપઘાત

## ઉપરના રૂમમાં ઈમિટેશનનું કામ કરતી વખતે આ પગલું ભર્યું, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેર ભાગોળે આવેલા રાજસમઢિયાળા ગામમાં ૨૦ વર્ષીય આશાસ્પદ યુવાને અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેનું મોત નીપજ્યું છે. હજુ એક મહિના પહેલા જ યુવાનની સગાઈ થઈ હતી, ત્યાં જ આ પગલું ભરી લેતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.પ્રાપ્ત વિગતો મુજબ રાજસમઢિયાળા ગામે ભાવનગર રોડ પાસે રહેતા રૂત્વિક ગિરધરભાઈ દેત્રોજા (ઉં.વ. ૨૦) ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરના ઉપરના રૂમમાં ઈમિટેશનનું કામ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. પરિવારને જાણ થતા જ તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં તેમનું મોત નીપજ્યું હતું.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક રૂત્વિક પડધરીના મિત્ર સાથે ઘરે બેસીને ઈમિટેશનનું કામ કરી પરિવારને આર્થિક મદદ કરતો હતો. તે એક ભાઈ અને ત્રણ બહેનોમાં ત્રીજા નંબરનો હતો. મૃતક રૂત્વિકની માત્ર એક મહિના પહેલા જ તેની સગાઈ થઈ હતી. બનાવને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતા જ હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્રાથમિક કાગળો કરી સ્થાનિક પોલીસને જાણ કરી હતી. યુવાને કયા કારણોસર આ અંતિમ પગલું ભર્યું તે હજુ અકબંધ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ માર્કેટ યાર્ડ

## શાકભાજીના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કેરી કાચી | ૪૩ | ૧૦૦૭ | ૧૪૪૯ |
| લીંબુ | ૬૪૮ | ૧૪૨૮ | ૨૯૨૯ |
| સાકરટેટી | ૯૪ | ૧૫૨ | ૩૧૪ |
| તરબુચ | ૯૯ | ૨૧૧ | ૪૧૮ |
| પપૈયા | ૩૨ | ૯૧ | ૧૮૨ |
| બટેટા | ૩૬૦૦ | ૬૮ | ૨૪૧ |
| ડુંગળી સુકી | ૬૦૨ | ૫૧ | ૨૩૨ |
| ટમેટા | ૧૦૦૪ | ૯૧ | ૨૧૧ |
| સુરણ | ૯ | ૧૦૧૨ | ૧૨૦૫ |
| કોથમરી | ૩૬૦ | ૧૮૩ | ૩૧૪ |
| સકરીયા | ૩૧ | ૪૧૮ | ૬૦૬ |
| મુળા | ૬૩ | ૩૧૪ | ૫૦૮ |
| રીંગણા | ૪૩૩ | ૨૦૩ | ૪૫૯ |
| કોબીજ | ૩૮૪ | ૬૨ | ૧૦૩ |
| ફલાવર | ૨૭૧ | ૧૭૯ | ૩૪૮ |
| ભીંડો | ૧૦૭ | ૬૫૪ | ૯૪૧ |
| ગુવાર | ૧૪૩ | ૯૨૧ | ૧૩૦૯ |
| ચોળાસીંગ | ૯૫ | ૭૭૮ | ૧૧૯૩ |
| વાલોળ | ૧૩૧ | ૪૬૭ | ૬૯૨ |
| ટીંડોળા | ૪૧ | ૪૦૨ | ૭૮૯ |
| દુધી | ૩૩૨ | ૧૧૮ | ૨૩૨ |
| કારેલા | ૨૨૪ | ૫૮૭ | ૮૦૮ |
| સરગવો | ૪૯ | ૩૨૯ | ૬૭૮ |
| તુરીયા | ૩૬ | ૪૪૮ | ૬૯૧ |
| પરવર | ૨૧ | ૧૨૨૧ | ૧૪૧૮ |
| કાકડી | ૩૩૬ | ૨૫૨ | ૫૧૭ |
| ગાજર | ૩૫૨ | ૨૦૬ | ૩૦૬ |
| વટાણા | ૨૨૪ | ૬૨૩ | ૮૯૭ |
| ગલકા | ૧૧૯ | ૪૭૯ | ૬૩૯ |
| બીટ | ૨૨૬ | ૯૨ | ૧૭૭ |
| મેથી | ૨૮૮ | ૨૦૪ | ૩૦૯ |
| વાલ | ૫૫ | ૬૮૪ | ૮૮૮ |
| ડુંગળી લીલી | ૨૮૧ | ૨૦૭ | ૩૩૨ |
| આદુ | ૨૮૨ | ૯૨૩ | ૧૧૧૭ |
| મરચા લીલા | ૧૧૧૨ | ૬૦૭ | ૮૩૨ |
| લસણ લીલું | ૨૪ | ૫૨૮ | ૮૨૧ |
| મકાઈ લીલી | ૧૮૮ | ૧૦૬ | ૨૧૨ |

## અનાજના ભાવ

| * ભાવ ૨૦ | આવક કવી. | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| કપાસ બી.ટી. | ૪૦૦ | ૧૪૩૦ | ૧૬૨૯ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૯૮૦ | ૧૦૭૦ |
| બાજરી | ૨ | ૨૨૫ | ૩૨૦ |
| ચણા પીળા | ૪૦૦૦ | ૯૨૦ | ૧૦૪૦ |
| ચણા સફેદ | ૧૩૪૦ | ૧૦૫૦ | ૧૭૩૦ |
| અડદ | ૫૦ | ૯૦૦ | ૧૭૨૦ |
| મગ | ૫૬ | ૮૦૦ | ૧૬૬૮ |
| વાલ દેશી | ૨૪ | ૬૬૫ | ૧૦૯૮ |
| વટાણા | ૯૦૦ | ૭૭૦ | ૧૨૨૦ |
| રાજમા | ૧૦૦ | ૧૧૦૦ | ૧૭૭૦ |
| મગફળી જાડી | ૩૩૦ | ૧૨૦૦ | ૧૫૪૭ |
| મગફળી જીણી | ૩૩૦ | ૧૨૫૦ | ૧૫૦૪ |
| તલી | ૨૪૦ | ૧૫૮૫ | ૨૧૬૬ |
| સુરજમુખી | ૫૦ | ૯૯૯ | ૧૪૫૧ |
| એરંડા | ૭૦૦ | ૧૧૮૪ | ૧૨૯૪ |
| અજમો | ૫ | ૨૧૨૫ | ૨૧૨૫ |
| સુવા | ૭ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| સોયાબીન | ૨૦ | ૮૫૦ | ૧૦૩૦ |
| સીંગફાડા | ૨૮૦ | ૧૩૨૦ | ૧૭૦૦ |
| કાળા તલ | ૪૪ | ૨૫૦૦ | ૪૦૦૦ |
| લસણ | ૩૨૦ | ૯૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૧૮૬૦ | ૩૩૮૦ | ૪૩૨૬ |
| રાય | ૪૦૦ | ૧૦૫૦ | ૧૨૭૦ |
| અશેરીયો | ૨૩ | ૧૧૦૭ | ૧૧૦૭ |
| કલોંજી | ૩૬૦ | ૨૨૧૦ | ૩૧૭૮ |
| રાયડો | ૪૪૦ | ૯૦૦ | ૧૧૮૧ |

# ગોંડલના મોટા દડવા ગામે લૂંટ ચલાવી ફરાર થઇ ગયેલો લૂંટારો ૨૬ વર્ષે ઝડપાયો

## રાજકોટ રૂરલ એલસીબી ટીમની કાર્યવાહીઃ બાતમીના આધારે અશોક સાથળીયાને અમરેલીથી દબોચી લેવાયો

**અબતક, રાજકોટ**



ગોંડલના મોટા દડવા ગામે ૨૬ વર્ષ પૂર્વે લૂંટને અંજામ આપી ફરાર થઈ ગયેલા આરોપીને રાજકોટ રૂરલ એલસીબી ટીમે અમરેલી ખાતેથી દબોચી લીધો હતો. ખેડૂતને માર મારી તલની લૂંટ ચલાવી ભૂગર્ભમાં ઉતરી ગયેલા અશોક સાથળીયા ઝડપાતા ૨૬ વર્ષ જુના ગુનાનો ભેદ ઉકેલાયો હતો.

રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ગોંડલ તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૦ની સાલમાં નોંધાયેલ લૂંટ-ધાડના ગુનાના ફરિયાદી બાવાભાઈ શામજીભાઈ ચોવટીયા (રહે મોટા દડવા,ગોંડલ)ના ખેતરમાં પ્રવેશ કરી આઠ મણ તલ જેની કિંમત રૂ. ૩૦૦૦ ની લૂંટ કરી ફરિયાદીને માર મારી આરોપીઓ નાસી ગયાનો બનાવ નોંધાયો હતો. જે ગુનામાં છેલ્લા ૨૬ વર્ષથી ફરાર આરોપીઓ અંગે બાતમીદારો મારફત સચોટ હકીકત મેળવી એલસીબી શાખાના એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા અને અનિલભાઈ ગુજરાતીએ અમરેલી શહેર ખાતેથી આરોપી અશોક ઓઘાભાઈ સાથળિયા (ઉવ ૪૭ રહે. શીતળાધાર મફતિયાપરા, સરદાર ગૌશાળા પાછળ, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ કે એમ ચાવડા, એચ સી ગોહિલ, આર વી ભીમાણી, પી એન ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ રણજીતભાઈ બોરડ દ્વારા કરવામાં આવી હતી.

# કોટડાસાંગાણીના રાજપરા ગામે સીમમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ

## દેશી દારૂ, આથો, મહિન્દ્રા પીકઅપ વાહન, જનરેટર સહીત રૂ.૪.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે : બુટલેગર સંજય ભાલાળાની શોધખોળ

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણી પોલિસની ટીમે રાજપરા ગામની સીમમાં દરોડો પાડી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી પાડી હતી. અહીંથી પોલિસેં દેશી દારૂ, આથો, બેરલ, મહિન્દ્રા પીકઅપ વાહન, જનરેટર સહીત રૂ.૪.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર સંજય ભાલાળા ની શોધખોળ શરૂ કરી હતી. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર કોટડા સાંગાણી પોલીસ મથકના એએસઆઈ વિશાલભાઈ ગઢાદરા, સિધ્ધરાજસિંહ જાડેજા, હેડ કોસ્ટેબલ અરવિંદભાઈ ડુમાદિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઈટમાં હતા. દરમિયાન તા.૧૯-૦૩-૨૬ ની રાત્રિના સવા બે વાગ્યે ખાનગી રાહે હકીકત મળી હતી કે, કોટડા સાંગાણી તાલુકાના રાજપરા ગામે સંજય બાબુભાઈ ભાલાળા રાજપરા ગામની સીમમાં ગારાવાળા મેલડી માના મંદિર તરફ જવાના રસ્તે ખરાબાની જગ્યામાં ગેરકાયદે દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરી રહ્યો છે. જે બાતમીના આધારે કોટડા સાંગાણી પોલીસની ટીમે રાજપરા ગામની સીમમાં ગારાવાડી મેલડીમાંના મંદિર તરફ જવાના રસ્તે ખરાબાની જગ્યામાં દરોડો પાડતા ત્યાંથી કોઈ હાજર મળી આવ્યું ન હતું પરંતુ અહીં એક ભઠ્ઠી ચાલુ હાલતમાં જોવા મળી હતી. જે ભઠ્ઠીમાં દેશી દારૂ ગાળવામાં આવતો હોય તેવું ધ્યાને પડતા કોટડા સાંગાણી પોલીસની ટીમે અહીંથી સો લીટર દેશી દારૂનો ગરમ આથો, ૨૦૦૦ લીટર ઠંડો આથો, બેરલ, લોખંડની ટાંકી, અઢી સો લીટર દેશી દારૂ, એક મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહન જેના નંબર જીજે-૧૩-એડબ્લ્યુ-૬૯૫૭ અને જનરેટર મળી કુલ રૂ.૪,૧૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી સંજય બાબુભાઈ ભાલાળાની શોધખોળ શરૂ કરી હતી.

# રાજયના ૧૨૧ તાલુકાઓમાં આકાશી આફતઃ આજે પણ ઝળુંબતુ સંકટ

## બગસરામાં સૌથી વધુ ૪૧ મીમી, ચોટીલામાં ૩૯ મીમી, ભેંસાણમાં ૩૫ મીમી, ઉપલેટા, ધોરાજી, ઓખામાં ૨૦ મીમી પાણી પડયુંઃ આજે રાજયના અનેક જિલ્લામાં માવઠું ત્રાટકશે જોકે જોર ઓછુ થઈ જશે





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ગુરૂવારે માવઠાએ મોકાણ સર્જી દીધી હતી. જગતાતને પારાવાર નુકશાની થવા પામી છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૨૧ તાલુકાઓમાં ઝાપટાથી લઈ પોણા બે ઈંચ સુધી કમોસમી વરસાદ પડયો હતો. આજે પણ ૧૦ જિલ્લામાં માવઠાનું સંકટ ઝળુંબી રહ્યું છે. રવિ પાકોને પારાવાર નુકશાની થવા પામી છે.

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે બુધવારથી રાજયમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગુરૂવારે રાજયભરમાં કમોસમી વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. ગઈકાલે સવારથી મેઘાવી માહોલ છવાયો હતો. બપોર બાદ માવઠાનો રોદ્ર રૂપ જોવા મળ્યું હતુ.

વીજળીના ડરામણા કડાકા ભડાકા સાથે મીની વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડયો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૨૧ તાલુકાઓમાં વરસાદ પડયો હતો. સૌથી વધુ વરસાદ અમરેલી જિલ્લાના બગસરામાં ૪૧ મીમી આ ઉપરાંત ચોટીલામાં ૩૯ મીમી, રાજકોટ શહેરમાં ૩૫ મીમી, ભેંસાણમાં ૩૫ મીમી, ઉપલેટા, ધોરાજી, ઓખા અને ભાભરમાં ૨૦ મીમી, સાવરકુંડલામાં ૧૯ મીમી, ભાવનગરમાં ૧૯ મીમી, સિહોરમાં ૧૮ મીમી, મુંદ્રા, ચુડા, લોધિકા, લાલપુરમાં ૧૬ મીમી, વિસાવદર, કુંકાવાવ, વડિયા, ધારીમા ૧૫ મીમી, ખાંભા, બોટાદ, કોટડા સાંગાણીમાં ૧૩ મીમી, ભૂજ, પાલીતાણા, રાણપુર અને ધ્રાંગધ્રા, જેતપુર, ઘોઘામાં ૧૦ મીમી, જસદણ, કાલાવડ, વંથલી, વલ્લભીપુરમાં ૯ મીમી, વરસાદ પડયો હતો.

આ ઉપરાંત ૬૭ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ અર્ધા ઈંચ જેવો વરસાદ વરસી ગયો હતો. ભારે પવન સાથે ત્રાટકેલા માવઠાના કારણે ખેતરમો ઉભેલા પાકનો સત્યાનાશ વળી ગયો હતો. જગતાતને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો.

આજે પણ માવઠાનું સંકટ યથાવત છે. આજે ૧૦ જિલ્લામાં કમોસમી વરસાદની સંભાવના રહેલી છે. રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, મોરબી, ગીર સોમનાથમાં યર્લો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, બનાસકાંઠા અને અરવલ્લીમાં પણ કમોસમી વરસાદ વરસી શકે છે.

આજે સવારથી રાજયના મોટાભાગના વિસ્તારોમાં ઉઘાડ જોવા મળી રહ્યો છે. જોકે બપોર બાદ વાતાવરણમાં પલટો આવે તેવી શકયતા પણ જણાય રહી છે. આવતીકાલથી માવઠાનું જોર ઘટશે. ગરમીનું જોર વધશે.

### જામજોધપુરના ધ્રાફામાં વીજળી પડતા ભરવાડ આધેડનું મોત

**ફલજર નદીમાં ભેંસો ચરાવવા ગયેલા એક માલધારી ઉપર વરસાદી વીજળી પડતા તેનું ભડથું થઈ ગયો**

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામમાં કમોસમી વરસાદમાં વીજળી પડવાના કારણે એક માલધારીનો ભોગ લેવાયો છે. વરસાદી વીજળી પડવાથી એક માલધારીનું મૃત્યુ નીપજયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકા ના જૂની આંબરડી ગામમાં રહેતા અને માલધારી તરીકે નો વ્યવસાય કરતા કાબાભાઈ માયાભાઈ વકાતર નામના ૫૨ વર્ષના ભરવાડ આધેડ, કે જેઓ ગઈકાલે સાંજે છ વાગ્યાના અરસામાં ધ્રાફા ગામ નજીક પાણાખાણ વિસ્તારમાં ફુલઝર નદીના કાંઠે પોતાની ભેંસોને ચરાવવા માટે લઈ ગયા હતા.

જે દરમિયાન એકાએક તેઓ પર વરસાદી વીજળી પડી હતી, જેના કારણે તેનું મૃત્યુ નીપજયું હતું.

આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ વિશાભાઈ ઉર્ફે જીણકાભાઈ માયાભાઈએ પોલીસને જાણ કરતાં શેઠવડાળા ના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.પી. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં મિનિ વાવાઝોડું - માવઠાથી ભારે તારાજીઃ ૪૬ સ્થળો વૃક્ષો ધરાશાયી







## જોરદાર પવન ફૂંકાતા પાવર અને વોટર સોલારો પણ ઉડી ગઇઃ શહેર આખામાં પાણી પાણી અડધા રાજકોટમાં અંધારા છવાયાઃ કરા પડયા, વાતાવરણ ટાઢુ બોળઃ મસાલા માર્કેટના સમિયાણા ઉડયાઃ અનેક સ્થળોએ મંડપ તુટ્યાઃ અચાનક ત્રાટકેલી કુદરતી આફતે ખાના ખરાબી સર્જી દીધી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે બોરે ત્રાટકેલા મિની વાવાઝોડા સાથેના માવઠાએ ભારે તારાજી સર્જી દીધી હતી. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૪૬ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જેના કારણે કલાકો સુધી રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. માત્ર એક કલાકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ ખાબકવાના કારણે આખુ શહેર પાણી પાણી થઈ ગયું હતું. અડધા રાજકોટમાં અંધાર પટ છવાય ગયો હતો. ૫૦ થી ૬૦ કી.મી.ની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે મસાલા માર્કેટમાં સમીયાણા, મંડપ, હોડિંગ બોર્ડ, બેનરો, પાવન અને વોટર પેનલો ધરાશાયી થઈ જવા પામી હતી. કુદરતના રોદ્ર રુપથી જીવ માત્ર થર થર ધ્રુજી ઉઠયો હતો. ૧૫૦ ફુટ રિંગ રોડ પર બીઆરસીએસ રૂટની બન્ને તરફની સોસાયટીઓ વરસાદી પાણી ભરાયા હતા. મોટા મોટા કરા પડયા હતા. વાતાવરણ ઠંડુગાર થઈ જવા પામ્યું છે. રાજકોટ માકેર્ટીંગ યાર્ડમાં ખુલ્લામાં રાખેલો ઘંઉ અને મગફળી સહિતની જણસીનો જથ્થો પાણીમાં તણાય ગયો હતો.

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે રાજ્યભરમાં વાતાવરણમાં આવેલા પલ્ટા આજે સવારે પુરા થતા છેલ્લામાં રાજયના ૧૨૧ તાલુકાઓમાં પોણાબે ઈંચ સુધી કમોસમી વરસાદ વરસી ગયો હતો. રાજકોટમાં ગુરૂવારે બપોરે અચાનક વાતાવરણમા પલ્ટો આવ્યો હતો. જોત જોતામાં વિજળીના ડરામણા કડાકા ભડાકા સાથે માવઠું ત્રાટકતું હતું. બરફના કરા

(અનુ. આઠમા પાને)

### તોફાની પવન સાથે ત્રાટકેલા કમોસમી વરસાદથી

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૬૪૫ ગામોમાં છવાયો અંધારપટ

## ૨૩૦૭ ફીડર બંધ, ૭૯૧ વીજ પોલ અને ૨૫ ટીસીને નુકસાનીઃ પીજીવીસીએલના કર્મયોગીઓએ મોડીરાત સુધી કામગીરી કરી ૨૩૭૯ ગામોમાં અંધારા દૂર કર્યાઃ હજી ૨૪૭ ગામોમાં લાઈટ ગુલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં ગુરૂવારે બપોર બાદ ભારે પવન સાથે ત્રાટકેલા કમોસમી વરસાદના કારણે ૨૬૪૫ ગામોમાં અંધાર પટ છવાય ગયો હતો. પીજીવીસીએલના કર્મયોગીઓએ મોડીરાત સુધી નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી ૨૩૯૮ ગામોમાં અંધારા ઉલેટી પ્રકાશ પાથર્યો હતો. હજી ૨૪૭ ગામોમાં વીજ પૂરવઠો ઠપ્પ છે. વીજ કંપનીને કરોડો રૂપીયાની નુકશાની થવા પામી છે.

| સર્કલ ઓફીસ | ફિડર બંધ | ગામ બંધ | પોલ ડેમેજ | ટીસી ડેમેજ |
|---|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૨૭૯ | ૩૦ | ૧૦૬ | ૬ |
| મોરબી | ૨૮૩ | ૧૫ | ૯૦ | ૨ |
| પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ |
| જૂનાગઢ | ૧૨૫ | ૩ | ૦ | ૦ |
| જામનગર | ૩૩૨ | ૧૭ | ૨૦૦ | ૧૦ |
| ભુજ | ૨૩૪ | ૧૮ | ૯૨ | ૨ |
| અંજાર | ૧૫૬ | ૪ | ૧૦૧ | ૧ |
| ભાવનગર | ૧૫૬ | ૬૦ | ૩૫ | ૦ |
| બોટાદ | ૨૩૩ | ૭૭ | ૫૬ | ૨ |
| અમરેલી | ૩૭૫ | ૬ | ૧૭ | ૨ |
| સુરેન્દ્રનગર | ૧૩૪ | ૧૭ | ૯૨ | ૦ |
| કુલ | ૨૩૦૭ | ૨૪૭ | ૭૯૧ | ૨૫ |

ગુરૂવારે વિજળીના કડાકા-ભડાકા અને ભારે પવન સાથે ત્રાટકેલા માવઠાના કારણે સૌરાષ્ટ્ર-કચ્છના ૨૬૪૫ ગામોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. રાજકોટ ગ્રામ્યમાં ૨૭૯, મોરબીમાં ૨૮૩, જૂનાગઢમાં ૧૨૫, જામનગરમાં ૩૩૨, ભૂજમાં ૨૩૪, અંજારમાં ૧૫૬, ભાવનગરમાં ૧૫૬, બોટાદમાં ૨૩૩, અમરેલીમાં ૩૭૫ અને સુરેન્દ્રનગર સર્કલ ઓફીસના ૧૩૪ સહિત ૨૩૦૭ ફીડરો બંધ થઈ ગયા હતા કુલ ૨૬૪૫ ગામોમાં અંધારપટ છવાય ગયોહતો.

પીજીવીસીએલની ટેકનિકલ ટીમ દ્વારા ફિલ્ડ પર રહી મોડી રાતમા ૨૩૯૮ ગામોમાં વીજળી પૂર્વરત કરી દેવામાં આવી હતી. હાલ રાજકોટ ગ્રામ્યના ૩૦ ગામ, મોરબીના ૧૫ ગામ, જૂનાગઢના ૩ ગામ, જામનગરનાં ૧૭ ગામ, ભૂજના ૧૮ ગામ, અંજારના ૪ ગામ, ભાવનગરના ૬૦ ગામ, બોટાદમાં ૭૭ ગામ, અમરેલીના ૬ ગામ અને સુરેન્દ્રનગરના ૧૭ ગામ સહિત ૨૪૭ ગામોમાં હજી અંધારપટ છે.

માવઠાથી ૭૯૧ વીજ પોલને નુકશાન થવા પામી છે. ૨૫ ટીસીને નુકશાની થવા પામી છે.






# યાર્ડમાં ખૂલ્લામાં રહેલી જણસી તણાઈઃ જગતાતને નુકસાન



## રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં મગફળી પાણીમાં તણાઈઃ જેતપુર યાર્ડમાં ખૂલ્લામાં રાખેલી મરચાની ભારી પલળી ગઈઃ સુરેન્દ્રનગરમાં કપાસ પલળ્યો

### "માવઠું" વરસી ગયા બાદ ખેડૂતો માટે માર્ગદર્શીકા જાહેર કરાય !!

સામાન્ય રીતે કમોસમી વરસાદની આગાહી આપતાની સાથે જ જગતાત માટે જણસીને બચાવવા માટે ગાઇડલાઇન જાહેર કરી દેવી જોઇએ પરંતુ ગઇકાલે રાજ્યભરમાં કમોસમી વરસાદનો ભયંકર રાઉન્ડ પૂરો થયા બાદ સમી સાંજે ખેડૂતો માટે મહામૂલા પાકને સુરક્ષિત રાખવા માટેની ગાઇડલાઇન કૃષિ વિભાગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. જેને અચૂક અનુસરવા પણ તાકીદ કરાય હતી. કમોસમી વરસાદની આગાહી એક સપ્તાહ પૂર્વ આપી દેવામાં આવી હતી પરંતુ કૃષિ વિભાગે માવઠાએ પારાવાર તારાજી સર્જી દીધા બાદ રહી-રહીને માર્ગદર્શિકા જાહેર કરી હતી.



**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરના કારણે રાજયમાં ૧૮ થી ૨૦ માર્ચ દરમિયાન વાતાવરણમાં પલ્ટો આવશે અને રાજયભરમાં કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા એક સપ્તાહ અગાઉ જ કરી દેવામાં આવી હતી. છતા સુરેન્દ્રનગર,રાજકોટ અને જેતપુર સહિતના કેટલાક માર્કેટીંગ યાર્ડમાં જળસી લઈને આવેલા જગતાતે નુકશાની વેઠવી પડી હતી. જસદણ માર્કેટીંગ યાર્ડના સત્તાધીશોએ સમય પારખીને અગાઉથી જ ચાર દિવસ યાર્ડ બંધ રાખવાની જાહેરાત કરી દીધી હતી જે સંકટ સમયે જગતાત માટેઆશિર્વાદરૂપ સાબિત થઈ છે.

રાજકોટ માર્કેટીંગ યાર્હમાં દર વખત માવઠાની આગાહીના પગલે તકેદારીના પગલા લેવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે યાર્ડના સત્તાધીશો

(અનુ. આઠમા પાને)